કિં. ₹૨૦/-
પાના નં.૧

ફેબ્રુઆરી - માર્ચ
૨૦૨૨

સળંગ અંક: ૯૪
વર્ષ : ૧૭

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
શ્રેષ્ઠાનિ વિદ્યા દાનાનિ સર્વદા

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા ફંડ



## ગ્રીષ્મની સુંદરતા

Portrait by: Vijay Pednekar | Mumbai

વિદ્યાસેતુ - દાતાઓનો પ્રોત્સાહક પ્રતિસાદ...૧૫ | દર્દીઓને હૂંફ આપતી મેડ-એઈડ યોજના...૧૬ | આપણું રસોડું જ આપણું ઔષધ...૩૪

## अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

कौशिक के. कट्टा
जितेश (राजु) के. कट्टा

सभी राशियों के रत्नों व उपरत्न के थोक एवं चिल्हर विक्रेता



श्याम टाकिज़ रोड,
संगीत विद्यालय के सामने,
बुढ़ापारा, रायपुर-492001 छ.ग.
दूरभाष : 0771 223 5657
मो. : 94790 35657, 9827176512
Email : anmolkk9@gmail.com • www.anmolratna.net

## ડૉ શૈલેશ એચ. બારમેડા
M.S. F.M.A.S.

## બારમેડા સર્જીકલ હોસ્પિટલ

(જનરલ સર્જરી, લેપ્રોસ્કાપી, એન્ડોસ્કોપી તથા કોલોનોસ્કોપી
www.barmedasurgery.com I Email: dr.shabarmeda@rediffmail.com
હિરાપન્ના કોમ્પ્લેક્ષ, પાંચમો માળ, બસ સ્ટેશન રાડ, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન: ૦૨૮૫-૨૬૩૧૨૧૩, મોબાઈલ ૯૮૨૪૫૦૧૧૪૦

## PrabhuKrupa Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

## વૈશાલી જ્વેલર્સ

સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

## Ketan Enterprise

TYRE | BATTERY | ALLOY WHEEL



MRF apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JKTYRE

કેતન સી. પરમાર | ૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

Vishal Pomal
B. Com., LL.B
9666664564

Manish Pomal
M.B.A. Gemologist
9701234526

## Ashok Kumar & Sons
JEWELLERS

# 3-3-157/158, Subhas Road, Secunderabad-3
Off: 040-27812756, Email: aksjewel@gmail.com



## કંસારા નવનીતલાલ જગજીવનદાસ

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

## GAYATRI JEWELLERS

GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૧૭ ● સળંગ અંક : ૯૪
ફેબ્રુઆરી / માર્ચ – ૨૦૨૨

**ચેરમેન**
મનુભાઈ કોટડિયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
**સંપાદક મંડળ**
**મહિલા અને બાળ વિભાગ :**
શ્રીમતી લતાબેન સોલંકી ૯૭૨૫૩ ૨૦૪૪૪
**શિક્ષણ અને વ્યવસાય વિભાગ :**
પ્રો. રસીક મહીચ્છા ૯૪૨૮૭ ૪૮૨૪૮
**કલા અને સાહિત્ય વિભાગ :**
પ્રો. જીનલ પરમાર ૯૯૧૩૩ ૩૯૯૦૧
**ડિઝાઇન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬
**જ્ઞાતિ પ્રમુખ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**માનદ્ સહયોગી**
**અમદાવાદ** નીલેશભાઈ પોમલ
**ભુજ** સુરેશ બીજલાણી
સુધાબેન બુધ્ધભટ્ટી
**જુનાગઢ** ડૉ. શૈલેષ બારમેડા
**અંજાર** અનિલ એસ. સોની
**માધાપર** હિતેશ સોની
**સાબરકાંઠા** દિનેશભાઈ સોની
**નખત્રાણા** પ્રફુલભાઈ કંસારા
**આદિપુર** સુનીલ સોલંકી
**ગાંધીધામ** કિશોર સોલંકી
**માંડવી** વિનોદભાઈ હેડાઉ

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
વેબ સાઈટ : www.gnyatisetu.com
ઈ-મેલ : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત માહિતી અને રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

'જ્ઞાતિસેતુ'નો ૧૭મા વર્ષનો, ૯૩મો અંક ઐતિહાસિક કહી શકાય, એટલો મહત્ત્વનો હતો, એવું સામયિકના શુભેચ્છકો અને ભાવકોએ વ્યક્ત કર્યું છે. સૌથી મોટું પ્રમાણ છે, આપણા વડીલ સ્વ. શ્રી પ્રભુદાસભાઈ ખેતશી માટે મળેલી શોકાંજલીઓ, ભાવાંજલીઓ અને સ્મરણાંજલીઓ. ખાસ વાત તો એ છે કે આપણા સ્વજનો, સમાજના સર્વત્ર વસતા સ્નેહીજનો અને જ્ઞાતિમંડળો ઉપરાંત અન્ય સંસ્થાઓ તેમજ સ્નેહીજનોએ પણ એમને ભાવપૂર્ણ અંજલીઓ આપી છે. વિશેષ કરીને આપણા ગુજરાત રાજ્યના માનનીય સ્પીકર ડૉ. નીમાબેન આચાર્ય અને પૂર્વમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાના શોક સંદેશ હૃદય સ્પર્શી છે. તદુપરાંત ચેમ્બર ઓફ કોમર્સ, કચ્છ જીલ્લા સોનાચાંદી મહામંડળ, ભુજ બુલીયન મર્ચન્ટ એસોસિએશન તેમજ કચ્છ બુલીયન ફેડરેશન, લાયન્સ અને રોટરી ક્લબ, જાયન્ટ્સ ગ્રુપ, કો-ઓપરેટીવ સોસાયટી, માનવ જ્યોત, ફૂલશંકર પટ્ટણી સ્મારક સમિતિ અને અજરામર ટ્રસ્ટ જેવી ગણમાન્ય સંસ્થાઓએ પણ એમની સાર્વજનિક સેવાઓ અને 'સખીદાતા' તરીકેની એમની લોકાભિમુખ સ્વભાવ અને પ્રવૃત્તિઓની ગૌરવભેર નોંધ લીધી છે.


આ અંક આ બધી સંસ્થાઓનો તેમજ જ્ઞાતિ સ્વજનો, મંડળો અને હિતેચ્છુઓનો હાર્દિક આભાર માને છે. 'સેતુ'નો આ અંક આપણા સમાજના ઈતિહાસનું સુવર્ણપૃષ્ઠ બની રહેશે.

વિશેષમાં અમદાવાદ જ્ઞાતિ સંચાલિત 'વિદ્યાસેતુ' યોજનાને સમાજના શ્રેષ્ઠીઓનો સારો પ્રતિસાદ મળ્યો છે. આ યોજના હેઠળ જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને દાતાઓ તરફથી વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે આર્થિક સહાય આપવાનું નક્કી થયું છે. 'વિદ્યાસેતુ'ની આ પહેલ સમાજમાં શિક્ષણ ક્ષેત્રની અનોખી પહેલ છે.

અસ્તુ.

**મનુભાઈ કોટડિયા – ચેરમેન, 'જ્ઞાતિસેતુ'**

## સત્સંગ



# ગીતા શ્લોકો સાથે સાર – (૪)

પ્રેષક : તુલસીદાસ કંસારા

### અધ્યાય-૩ : કર્મયોગ

ગીતામાં ક્યાંય પણ "હિંદુ" શબ્દનો ઉપયોગ થયેલ નથી પરંતુ "સનાતન"ના પર્યાયોનો ઉલ્લેખ દેખીતો નજરે ચઢે છે. આ શબ્દનો સંબંધ ગીતામાં ક્ષેત્ર (જમીનનો ભાગ), ભૂમિ, મિલ્કત, ઇત્યાદિ સાતે છે. દા.ત. धर्मक्षेत्रे कुरुक्षेत्रे. અન્ય તેવા જ શબ્દો છે કર્તવ્ય (કર્મ), ફરજ (કર્મ), કાર્યની યોગ્યતા, અયોગ્યતાનો વિચાર, નૈતિક જીવન, સદાચરણ. ચાર પુરૂષાર્થોમાંનો પહેલો પુરૂષાર્થ (કર્મ – કામ, અન્ય ત્રણ ધર્મ, અર્થ અને મોક્ષ), બહારની અને અંદરની શુદ્ધિ. નિઃશ્રેયસ (પરમ કલ્યાણ, મોક્ષની અંતિમ દશા) પ્રાપ્ત કરવાની પ્રક્રિયા, ઇંદ્રિયોને પૂર્ણ રીતે કાબૂમાં રાખી આત્મદર્શન તરફ ગતિ. દુન્યવી ભ્રામક આકર્ષણોમાંથી ચિત્તવૃત્તિઓને ખેંચી માનવ તરીકે ઉત્તમ રીતે જીવવાનો પ્રકાર. જગતના સર્વ ચેતન પદાર્થો તરફ સમાન ભાવની દૃષ્ટિ અને વર્તાવ, દયાધર્મ વગેરે આમ વિવિધ રીતે આવા મતલબના હકારાત્મક ઉર્જા આપનાર શબ્દોનો ઉલ્લેખ અવારનવાર થયેલ છે. જ્યારે અધ્યાય બીજાનું શિર્ષક "સાંખ્ય યોગ" અથવા "અનાશક્તિ યોગ" છે. જેનો દેખીતો અર્થ જ કોઈ પણ કાર્યમાં આસક્તિ ન રાખવી, નિસ્પૃહભાવે કાર્ય કરનાર. તેના અન્ય અર્થ છે જીવદેહની ભિન્નતાને લગતું જ્ઞાન, જ્ઞાનમાર્ગ, સ્વધર્મ-નિષ્ઠા, યોગબુદ્ધિ જેનો ઉલ્લેખ બીજા અધ્યાયમાં આ રીતે આવે છે : અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે । ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥ ૧૧ ॥ (ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે : જેનો શોક કરવો યોગ્ય નથી, તેનો શોક કરે છે અને પંડિતોની જેમ બોલી રહ્યો છે. વિદ્વાનો મૃત્યુ અને જીવવાની ચિંતા કરતા નથી.) તેમજ શ્લોક ૨.૩૧ થી ૩૮ અને ૨.૩૯થી ૫૩માં પણ યુધ્ધ અને કર્મ તેમજ જીવન-મૃત્યુનું આવું જ તત્ત્વજ્ઞાન છે.

અને સનાતન એટલે સદાનું, કાયમનું, હંમેશાંને માટે સતત ચાલ્યું આવતું. અવિનાશી, શાશ્વત, નિશ્ચલ, સ્થિર તેવા અર્થ નીકળે છે. માટે સનાતન ધર્મને સિંધુ નદીની પેલી પાર રહેતા લોકોની ભાષા અને ઉચ્ચારોને કારણે અપભ્રંશ થયેલ શબ્દ ઇન્દુસમાંથી હિંદુ અને અહીં રહેતા લોકો અનુસરતા પ્રણાલીને (સંસ્કારને) ધર્મ કહી - તેને આર.એસ.એસ. (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) જેવા રાષ્ટ્રીય સંગઠન સાથે જોડી - હિંદુવાદી સંગઠન કહી – આ કળીયુગમાં તે શબ્દ પર રાજનીતિ કરનારા પોતાના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારે તે જરૂરી છે. હવે આગળ આપણે ત્રીજા અધ્યાયનો સાર જોઈએ.

***અર્જુન ઉવાચ :***

*જ્યાયસી ચેત્કર્મણસ્તે માતા બુદ્ધિર્જનાર્દન ।*
*તત્કિં કર્મણિ ઘોરે માં નિયોજ્યસિ કેશવ ॥ ૧ ॥*

*વ્યામિશ્રેણેવ વાક્યેન બુદ્ધિં મોહયસીવ મેં ।*
*તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમાપ્નુયામ્ ॥ ૨ ॥*

પ્રથમ બે શ્લોકમાં અર્જુન શ્રીકૃષ્ણને સવાલ પૂછે છે કે, હે જનાર્દન, જો તમે જ્ઞાનને કર્મ કરતાં વધુ શ્રેષ્ઠ માનતા હો તો મને આ યુદ્ધ કર્મમાં શા માટે પ્રવૃત્ત કરી રહ્યા છો? અને પછી કહે છે કે, તમારા વચનોથી તો મારી બુદ્ધિ સંભ્રમિત થઈ રહી છે. માટે કૃપા કરીને હવે મને એ માર્ગ બતાવો જે નિશ્ચિત રીતે મારા માટે કલ્યાણકારક હોય.

***ભગવાન ઉવાચ :***

*લોકેઽસ્મિન્દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મયાનઘ ।*
*જ્ઞાનયોગેન સાંખ્યાનાં કર્મયોગેન યોગિનામ્ ॥ ૩ ॥*

*ન કર્મણામનારમ્ભાન્નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે ।*
*ન ચ સંન્યસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ ॥ ૪ ॥*

*ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્ ।*
*કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ ॥ ૫ ॥*

જવાબમાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, હે નિષ્પાપ, આ જગમાં શ્રેયપ્રાપ્તિના બે જુદા જુદા માર્ગો છે – જ્ઞાન યોગ અને કર્મ યોગ. સાંખ્યયોગીઓને જ્ઞાનનો માર્ગ પસંદ પડે છે જ્યારે યોગીઓને કર્મનો માર્ગ. નિષ્કર્મતા પ્રાપ્ત કરવા માટે પણ કર્મનું અનુષ્ઠાન (શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે કરવામાં આવતું કર્મ) તો કરવું જ પડે છે. કેવળ કર્મોનો ત્યાગ કરવાથી કોઈ સિદ્ધિને પ્રાપ્ત કરી શકતું નથી. કર્મ કર્યા વગર કોઈ દેહધારી ક્ષણ માટે પણ રહી શકતો નથી, કારણકે પ્રકૃતિના ગુણોથી વિવશ થઈને પ્રાણીમાત્ર કર્મ કરવા માટે પ્રવૃત્ત થાય છે.

*કર્મેન્દ્રિયાણિ સંયમ ય આસ્તે મનસા સ્મરન્ ।*
*ઇન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ॥ ૬ ॥*

*યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન ।*
*કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમસક્તઃ સ વિશિષ્યતે ॥ ૭ ॥*

*નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ ।*
*શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધ્યેદકર્મણઃ ॥ ૮ ॥*

*યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર લોકોઽયં હકર્મણઃ ।*
*તદર્થં કર્મ કૌન્તેય મુક્તસઙ્ગઃ સમાચર ॥ ૯ ॥*

*સહયજ્ઞાઃ પ્રજાઃ પુરોવાચ પ્રજાપતિઃ ।*
*અનેન પ્રસવિષ્યધ્વમેષ વોઽસ્ત્વિષ્ટકામધુક્ ॥ ૧૦ ॥*

*દેવાન્ભાવયતાનેન ત દેવા ભાવયન્તુ વઃ ।*
*પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ॥ ૧૧ ॥*

જે મનુષ્ય બહારના દેખાવથી સંયમી લાગે છે અને મનની અંદર વિષયોનું સેવન કરે છે તે ઢોંગી છે. મનથી પોતાની ઇન્દ્રિયોનો સંયમ સાધીને જે સહજ રીતે કર્મોનું અનુષ્ઠાન કરે છે તે ઉત્તમ છે. તારે માટે જે પણ કર્મ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે તે તું કર કારણકે કર્મનો ત્યાગ કરવા કરતાં અનાસક્ત રહીને કર્મ કરવાનું શ્રેષ્ઠ કહેવાયું છે. જો તું કર્મ નહીં કરે તો તારો જીવનનિર્વાહ પણ કેવી રીતે થશે? આસક્તિથી કરેલ કર્મો માનવને કર્મબંધનથી બાંધે છે. એથી હે અર્જુન, તું કર્મ કર, પરંતુ અનાસક્ત (અલિપ્ત) રહીને કર. બ્રહ્માએ સૃષ્ટિના આરંભમાં જ કહ્યું કે, 'યજ્ઞ (કર્મ) કરતાં રહો અને વૃદ્ધિ પામતા રહો. યજ્ઞ (કર્મ) તમારી ઇચ્છાઓની પૂર્તિનું સાધન બનો.' યજ્ઞ કરતાં તમે દેવોને પ્રસન્ન રાખો અને દેવો તમને પ્રસન્ન રાખશે. એમ એકમેકને સંતુષ્ઠ રાખતાં તમે પરમ કલ્યાણને પ્રાપ્ત કરશો.

*ઇષ્ટાન્ભોગાન્હિ વહ દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।*
*તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુઙ્ક્તે સ્તેન એવ સઃ ॥ ૧૨ ॥*

*યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।*
*ભુઞ્જતે તે ત્વઘં પાપા યહ પચન્ત્યાત્મકારણાત્ ॥ ૧૩ ॥*

*અન્નાદ્ભવન્તિ ભૂતાનિ પર્જન્યાદન્નસમ્ભવઃ ।*
*યજ્ઞાદ્ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ ॥ ૧૪ ॥*

*કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષરસમુદ્ભવમ્ ।*
*તસ્માત્સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્ ॥ ૧૫ ॥*

*એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।*
*અઘાયુરિન્દ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ ॥ ૧૬ ॥*

*યસ્ત્વાત્મરતિરેવ સ્યાદાત્મતૃપ્તશ્ચ માનવઃ ।*
*આત્મન્યેવ ચ સન્તુષ્ટસ્તસ્ય કાર્યં ન વિદ્યતે ॥ ૧૭ ॥*

*નૈવ તસ્ય કૃતેનાર્થો નાકૃતેનેહ કશ્ચન ।*
*ન ચાસ્ય સર્વભૂતેષુ કશ્ચિદર્થવ્યપાશ્રયઃ ॥ ૧૮ ॥*

*તસ્માદસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચર ।*
*અસક્તો હ્યાચરન્કર્મ પરમાપ્નોતિ પૂરુષઃ ॥ ૧૯ ॥*

*કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ ।*
*લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ ॥ ૨૦ ॥*

યજ્ઞ (કર્મ)થી સંતુષ્ઠ દેવો તમને ઇચ્છિત ભોગો આપશે. એને યજ્ઞભાવથી (દેવોને સમર્પિત કર્યા પછી) આરોગવાથી વ્યક્તિ સર્વ પાપથી વિમુક્ત થશે. એ ભોગોનો ઉપભોગ જે એકલપેટા બનીને કરશે તે પાપના ભાગી થશે અને ચોર ગણાશે. શરીર અન્નમય કોષ છે. બધા જીવો અન્નથી જ પેદા થાય છે અને અન્નથી જ પોષાય છે. અન્ન વરસાદ થવાથી ઉત્પન્ન થાય છે. વરસાદ યજ્ઞ કરવાથી થાય છે. યજ્ઞ કર્મથી થાય છે અને કર્મ વેદથી થાય છે. પરંતુ વેદ તો પરમાત્મા વડે ઉત્પન્ન કરાયેલ છે. એથી એમ કહી શકાય કે સર્વવ્યાપક પરમાત્મ જ યજ્ઞમાં પ્રતિષ્ઠિત થયેલા છે. (યજ્ઞ વડે પરમાત્માની જ પૂજા કરાય છે.)

હે પાર્થ, જે વ્યક્તિ આ રીતે સૃષ્ટિચક્રને અનુસરીને નથી ચાલતો તે પોતાની ઇંદ્રિયોના ભોગમાં રમવાવાળો તથા વ્યર્થ જીવન જીવનાર ગણાય છે. પરંતુ જે વ્યક્તિ આત્મસ્થિત અને આત્મતૃપ્ત છે, પોતાના આત્મામાં જ સંતોષ માને છે, તેને કોઈ કર્મ કરવાનું રહેતું નથી. એવા મહાપુરૂષને માટે કર્મ કરવાનું કે ન કરવાનું કશું પ્રયોજન રહેતું નથી. એને સર્વ જીવો સાથે કોઈ પ્રકારનો સ્વાર્થ સંબંધ નથી રહેતો. એથી હે પાર્થ, આસક્ત થયા વગર કર્મ કર, નિષ્કામ કર્મ કરનાર વ્યક્તિ પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. મહારાજા જનક જેવા નિષ્કામ કર્મનું આચરણ કરતા જ પરમ સિદ્ધિને પામ્યા છે. વળી તારે (અંગત સ્વાર્થ માટે નહીં કરવું હોય તો પણ) લોકસંગ્રહાર્થે, સંસારના ભલા માટે (યુદ્ધ) કર્મ કરવું જ રહ્યું.

*યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।*
*સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥ ૨૧ ॥*

*ન મેં પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન ।*
*નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥ ૨૨ ॥*

*યહિ હ્યયં ન વર્તેયં જાત કર્મણ્યતન્દ્રિતઃ ।*
*મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥ ૨૩ ॥*

*ઉત્સીદેયુરિમે લોકાન કુર્યાં કર્મ ચેદહમ્ ।*
*સંકરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ ॥ ૨૪ ॥*

*સક્તાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ।*
*કુર્યાદ્વિદ્વાંસ્તથાસક્તશ્ચિકીર્ષુર્લોકસંગ્રહમ્ ॥ ૨૫ ॥*

*ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્ ।*
*જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્તઃ સમાચરન્ ॥ ૨૬ ॥*

શ્રેષ્ઠ પુરૂષો જે જે કરે છે એને અનુસરીને સાધારણ લોકો પોતાના કામ કરે છે. એમ તો મારે પણ કર્મ કરવું આવશ્યક નથી. આ સંસારમાં એવું કંઈ મેળવવાનું મારે બાકી રહ્યું નથી, છતાં પણ હું કર્મમાં પ્રવૃત્ત રહું છું. કારણકે જો હું કર્મ કરવાનું છોડી દઉં તો મારૂં અનુસરણ કરીને બીજા લોકો પણ કર્મ કરવાનું છોડી દે. અને એમ થાય તો તેઓ પોતાનો નાશ નોંતરે અને હું એમના વિનાશનું કારણ બનું. હે અર્જુન, કર્મ કરવું અતિ આવશ્યક છે પરંતુ અજ્ઞાની લોકોની જેમ ફળની આશાથી નહીં, પરંતુ જ્ઞાનીઓની પેઠે નિષ્કામ ભાવે, ફળની આસક્તિથી રહિત થઈને, જ્ઞાની પુરૂષે પોતે તો સમતાનું આચરણ કરીને કર્મનું અનુષ્ઠાન કરવું જ રહ્યું પણ સાથે સાથે જેઓ આસક્તિભાવથી ક્રમ કરે છે એમનામાં અશ્રદ્ધા પણ ઉત્પન્ન ન કરવી જોઈએ.

*પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।*
*અહંકારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ॥ ૨૭ ॥*

*તત્ત્વવિત્તુ મહાબાહો ગુણકર્મવિભાગયોઃ ।*
*ગુણા ગુણેષુ વર્તન્ત ઈતિ મત્વા ન સજ્જતે ॥ ૨૮ ॥*

*પ્રકૃતેર્ગુણસંમૂઢઃ સજ્જન્તે ગુણકર્મસુ ।*
*તાનકૃત્સ્નવિદો મન્દાન્કૃત્સ્નવિન્ન વિચાલયેત્ ॥ ૨૯ ॥*

*મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા ।*
*નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥ ૩૦ ॥*

સર્વ પ્રકારના કર્મો પ્રકૃતિના ગુણોથી પ્રેરાઈને થતાં હોય છે. છતાં અહંકારથી વિમૂઢ થયેલ મનુષ્ય પોતાને એનો કર્તા માને છે. હે મહાબાહો, પ્રકૃતિના ગુણસ્વભાવને અને કર્મના વિભાગોને યથાર્થ જાણનાર જ્ઞાની કર્મ માટે પ્રકૃતિના ગુણો જ કારણભૂત છે એવું માનીને એમાં આસક્ત થતા નથી. તો સાથે સાથે જેઓ પ્રકૃતિના ગુણોથી મોહ પામીને કર્મને આસક્તિભાવે કરે છે તેમને વિચલિત કરવાની કોશિશ કરતા નથી. હે અર્જુન, મારામાં મનને સ્થિર કરી, આશા, તૃષ્ણા તથા શોકરહિત થઈને અનાસક્ત ભાવે (યુદ્ધ) કર્મમાં પ્રવૃત્ત થા.

*યહ મે મતમિદં નિત્યમનુતિષ્ઠન્તિ માનવાઃ ।*
*શ્રદ્ધાવન્તોઽનસૂયન્તો મુચ્યન્તે તેઽપિ કર્મભિઃ ॥ ૩૧ ॥*

*યહ ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ મેં મતમ્ ।*
*સર્જ્ઞાનવિમૂઢાંસ્તાન્વિદ્ધિ નષ્ટાનચેતસઃ ॥ ૩૨ ॥*

*સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।*
*પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ॥ ૩૩ ॥*

*ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ ।*
*તયોર્ન વશમાગચ્છેત્તૌ હ્રસ્ય પરિપન્થિનૌ ॥ ૩૪ ॥*

*શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।*
*સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥ ૩૫ ॥*

જે વ્યક્તિ દોષદષ્ટિથી મુક્ત થઈ મારામાં પૂર્ણ શ્રદ્ધા રાખી મારા વચનોને અનુસરે છે, એ કર્મબંધનથી મુક્તિ મેળવે છે. પરંતુ જે મનુષ્ય દ્વેષબુદ્ધિથી મારા કહેલ માર્ગનું અનુસરણ નથી કરતા તેને તું વિમૂઢ, જ્ઞાનહીન તથા મૂર્ખ સમજજે. દરેક પ્રાણી પોતાની સ્વભાવગત પ્રકૃતિને વશ થઈને કર્મ કરે છે. જ્ઞાની પણ એવી જ રીતે સ્વભાવને વશ થઈ કર્મો કરે છે. એથી મિથ્યા સંયમ કરવાનો કોઈ અર્થ નથી. પ્રત્યેક ઈન્દ્રિયના વિષયોમાં રાગ અને દ્વેષ રહેલા છે. રાગ અને દ્વેષ આત્મકલ્યાણના માર્ગમાં મહાન શત્રુઓ છે. એટલે એને વશ ન થતો. એટલું યાદ રાખજે, કે પરધર્મ (મતલબ, પોતાના – ક્ષત્રિયના ધર્મ – કામ સિવાય અન્યનું કામ) ગમે તેટલો સારો હોય પણ સ્વધર્મ કરતાં ઉત્તમ કદાપી નથી. એથી તું તારા સ્વધર્મનું (ક્ષત્રિયના ધર્મ) પાલન કરીને વીરગતિને પ્રાપ્ત કરીશ તો એ પરધર્મ (સંન્યાસીના) કરતાં ઉત્તમ અને કલ્યાણકારક છે. (૩૫)

***અર્જુન ઉવાચ :***

*અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પૂરુષઃ ।*
*અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિત : ॥ ૩૬ ॥*

અર્જુન કહે છે – હે કૃષ્ણ, મનુષ્ય પોતે ઈચ્છતો ન હોવા છતાં પાપકર્મ કરવા માટે કેમ પ્રવૃત્ત થાય છે?

***ભગવાન ઉવાચ :***

*કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।*
*મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ ॥ ૩૭ ॥*

*ધૂમેનાવ્રિયતે વહ્નિર્યથાદર્શો મલેન ચ ।*
*યથોલ્બેનાવૃતો ગર્ભસ્તથા તેનેદમાવૃત્તમ ॥ ૩૮ ॥*

*આવૃતં જ્ઞાનમેતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।*
*કામરૂપેણ કૌન્તેય દુષ્પૂરેણાનલેન ચ ॥ ૩૯ ॥*

*ઈન્દ્રિયાણિ મનો બુદ્ધિરસ્યાધિષ્ઠાનમુચ્યતે ।*
*એતૈર્વિમોહયત્યેષ જ્ઞાનમાવૃત્ય દેહિનમ્ ॥ ૪૦ ॥*

*તસ્માત્ત્વમિન્દ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ ।*
*પાપ્માનં પ્રજહિ હ્યેનં જ્ઞાનવિજ્ઞાનનાશનમ્ ॥ ૪૧ ॥*

*ઈન્દ્રિયાણિ પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ ।*
*મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥ ૪૨ ॥*

*એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમાત્મના ।*
*જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્ ॥ ૪૩ ॥*

***શ્રી ભગવાન કહે છે :***

રજોગુણના પ્રભાવથી પેદા થનાર કામ તથા ક્રોધ જ મહાવિનાશી, મહાપાપી તથા મોટામાં મોટા દુશ્મન છે. જેમ ધુમાડો આગને, મેલ દર્પણને, ઓર ગર્ભને ઢાંકી દે છે તેવી જ રીતે કામ તથા ક્રોધ વ્યક્તિના જ્ઞાન પર પડદો નાખી દે છે. એથી હે કૌન્તેય, અગ્નિના સમાન જેની કદી તૃપ્તિ થતી જ નથી એવા કામ અને ક્રોધના આવેગો જ્ઞાનીના જ્ઞાનને ઢાંકી દે છે. જ્ઞાનીઓના તે સૌથી મોટા દુશ્મન છે. મન, બુદ્ધિ અને ઈન્દ્રિય, એ કામનું નિવાસ સ્થાન છે. આ કામ મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોને પોતાના વશ કરીને, જ્ઞાન અને વિવેકને ઢાંકીને મનુષ્યને ભટકાવી મૂકે છે. એથી હે અર્જુન, સૌથી પ્રથમ તું ઈન્દ્રિયોને વશમાં કર અને આ પાપમયી, જ્ઞાન અને વિવેકને હણનાર કામનામાંથી નિવૃત્ત મેળવ. મનુષ્ય દેહમાં ઈન્દ્રિયોને બળવાન કહેવામાં આવી છે. પરંતુ મન ઈન્દ્રિયોથી બળવાન છે, બુદ્ધિ મનથી બળવાન છે અને આત્મા બુદ્ધિ કરતાં પણ શ્રેષ્ઠ છે. એથી આત્મતત્ત્વને સૌથી બળવાન માની, બુદ્ધિ વડે મનને વશ કરી, આ કામરૂપી દુર્જય શત્રુનો તું તરત નાશ કરી નાખ.

**॥ અધ્યાય-૩ – કર્મયોગ સમાપ્ત ॥**

# સત્સંગ



## કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઇજી

પ્રેષક : મનુભાઈ કોટડિયા

### ૬. સૌંદર્ય પીપાસુ

સિંહનંદ નામનું ગામ. એમાં એક ક્ષત્રિય રહે. શ્રી વિઠ્ઠલનાથજી - શ્રી ગુસાંઇજીના એ અનન્ય સેવક. ગામમાં ઘણી શાખ. ચાર મોટા ઘરોમાં એમનું ઘર ગણાય. ભર યુવાન ઉંમર, પણ ભગવત્ કૃપાનો પ્રતાપ એવો કે દીનતા, ધન, કીર્તિ વગેરે પાર વગરના.

એક દિવસ માર્ગ ભૂલેલો એક સત્તર વર્ષનો બ્રાહ્મણ યુવક રઝળપાટ કરતો કરતો આ ક્ષત્રિયના ઘર પાસેથી સવારના સમયે પસાર થઈ રહ્યો હતો. ઓચિંતાના બ્રાહ્મણ યુવકના પગ ત્યાં જ થંભી ગયા. એની નજર આશ્ચર્યથી મંત્રમુગ્ધ થઈ ગઈ! કોઈએ સેંકડો મણની સાંકળ એના પગે જડી દીધી. એની આંખોની પાંપણ એક પલકારો મારવાય તૈયાર નહોતી! અતિશય લોલુપતાથી એ આંખો એક દૃશ્ય જોઈ રહી હતી.

ક્ષત્રિયના સુંદર મજાના ઘરના ઝરૂખા ઉપર સૂર્યના કોમળ કિરણો પડી રહ્યા હતા. ક્ષત્રિયની નવયૌવના પત્ની નાહીને તડકામાં પોતાના લાંબા કેશ સૂકવી રહી હતી. ભીના કેશમાંથી મોતી જેવા પાણીના બિંદુઓ એ રૂપસુંદરીના વસ્ત્રો પર ટપકતાં હતાં. વસ્ત્રો આછા આછા ભીંજાઈને એ કોમલાંગીના શરીર સાથે ચોંટી ગયા હતા અને સોહામણા અંગ-મરોડ છતા કરતા હતા. તડકો મેળવવા માટે પીઠ દઈને ઊભેલી આ તરૂણીની પીઠ અને કમર પર પેલા અજાણ્યા બ્રાહ્મણ યુવકની નજર જડાઈ ગઈ હતી.

જે યુવતી પાછળથી આટલી સુંદર લાગે છે, એનું મુખ તો કેવુંય રૂપાળું હશે એમ મનમાં વિચારી એ બ્રાહ્મણ યુવક ત્યાંથી ખસ્યો જ નહીં. થોડીવારમાં ક્ષત્રિયની પત્ની તો કેશ સૂકવીને ઘરની અંદર જતી રહી. પેલા યુવકે મનમાં નક્કી કર્યું કે યુવતીના શરીરનો પાછલો ભાગ તો જોયો, હવે આગળનો ભાગ જોઉં ત્યારે જ જલપાન કરૂં. રાતે ધર્મશાળામાં જઈને એ યુવક સૂઈ ગયો પણ ઊંઘ શેની આવે? એક ધનિક, બીજો ચોર અને ત્રીજો કામી – એ ત્રણેયને રાતે ઊંઘ હરામ હોય. આખી રાત પડખા ઘસીને એણે સમય વિતાવ્યો.

બીજા દિવસની સવાર પડી અને યુવક ક્ષત્રિયના ઘરની સામે હાજર થઈ ગયો. બપોર સુધી બેઠો રહ્યો પણ પેલી ક્ષત્રાણી બહાર ન નીકળી. ઘરની દાસીએ તેને જોયો અને વહેમાઈ, બહાર નીકળીને એણે બ્રાહ્મણને વાત પૂછી. બ્રાહ્મણે પોતાનો હેતુ સાફ શબ્દોમાં જાહેર કરી દીધો. દાસી ચતુર હતી. એણે ક્ષત્રાણીને ઘણી સારી રીતે સમજાવી કે આ બ્રાહ્મણ તમારી આબરૂ ઉપર પાણી ફેરવી દેશે. કોઇનેય ખબર ન પડે એ રીતે એકવાર બહાર આવીને મોં બતાવીને પાછા અંદર આવતા રહેજો. એમ નહીં કરો તો બ્રાહ્મણ અહીં જ જલપાન વગર દેહ છોડશે. ક્ષત્રાણી પણ સમજી ગઈ. કંઈક કામના બહાને એ સાંજે બહાર નીકળી. પેલા બ્રાહ્મણે એનું મુખ જોયું. બસ, ખેલ ખલાસ. બળતામાં ઘી હોમાયું. અગ્નિ વધુ ભડકી ઊઠ્યો.

હવે તો એ બ્રાહ્મણ યુવક દરરોજ આ ક્ષત્રિયના ઘર સામે આવીને ઊભો રહે. ક્ષત્રાણીનું મુખ જુએ એટલે પાછો જતો રહે. ઘરનાઓને આ વાતની જાણ થઇ. એમણે બ્રાહ્મણને સમજાવ્યો. બ્રાહ્મણની રૂપલાલસા પૂરઝડપે પ્રજવળી ઊઠી હતી. એ એકનો બે ન થયો. પોતાનો ક્રમ ચાલુ જ રાખ્યો. વાયુવેગે ગામમાં વાત ફેલાઈ ગઈ. વાતમાં મીઠું મરચુંય ભભરાવા લાગ્યું. ક્ષત્રિયની આબરૂ જોખમમાં મૂકાઈ ગઈ. ગામમાં રહેવું ભારે થઈ પડ્યું.

એક દિવસ તેઓ ઘર અને ગામ છોડીને ગોકુળ તરફ ચાલ્યા. બ્રાહ્મણ પણ પાછળ ગયો. ક્ષત્રિયના કુટુંબે ઝડપથી નાવમાં પગ મૂક્યા અને નાવવાળાને વધુ પૈસા આપીને કહ્યું કે, ‘પેલો જે બ્રાહ્મણ આવી રહ્યો છે એને સામે પાર નહીં લઈ આવતો.’ ક્ષત્રિય સજોડે આવીને ગોકુળમાં શ્રી વિઠ્ઠલનાથજીને દંડવત્ કર્યા. શ્રી વિઠ્ઠલનાથજીએ એમના ક્ષેમકુશળ પૂછી પ્રસાદની પાતળ ધરી. એક પાતળ વધુ ધરી અને પોતાના માણસને કહ્યું કે, આ લોકો જે બ્રાહ્મણને પાછળ છોડી આવ્યા છે તેનું નામ નંદદાસ છે. એને જલ્દીથી અહીં તેડી લાવો. એ દૈવીજીવ છે અને અમારી સુધી પહોંચવા માટે જ હરિ ઇચ્છાએ એ અહીં સુધી ખેંચાઈ આવ્યો છે. આ સાંભળીને ક્ષત્રિય વિસ્મય પામી ગયો. થોડી વારમાં નંદદાસને લઇને માણસ આવી પહોંચ્યો.

શ્રી વિઠ્ઠલનાથજીના દર્શન થતાં જ નંદદાસ દેહભાન ભૂલી ગયો. પેલી ક્ષત્રાણી કરતાંય અનેકગણું રૂપ શ્રી વિઠ્ઠલનાથજીમાં જોયું અને એમની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. શ્રી વિઠ્ઠલનાથજીએ નંદદાસજીને શરણે લીધા.

### ૭. પિયા કહે સો કીજીએ....

‘અરે, દાસી! નૌકા જરા થોભાવ તો... સામેના કિનારે ગોકુલધામ છે ને? ત્યાં જો, કોઈ તેજસ્વી પુરૂષ ઘાટ પર બેસીને પૂજા-

પાઠ કરી રહ્યા લાગે છે. નાવ જરા ત્યાંથી પસાર કરાવ તો...'

'જી, બેગમ સાહેબા! જેવી મરજી...' કહીને દાસીએ નૌકા ઘાટ પાસે લેવડાવી. 'અરે, બેગમ સાહેબા! આ તો ગોકુલના ગુસાંઈજી છે. બધા એમને કનૈયાનો અવતાર કહે છે. આપણા ખુશનસીબ છે કે આપણને એમના દીદાર થયા.'

'દાસી, એક કામ કરને. આજકાલ બાદશાહ સલામત મારાથી કંઈક રૂઠેલા રહે છે. આ ગુસાંઇજીને જઇને મારા વતીથી એક વિનંતી કરને. એમને યંત્ર-મંત્ર વિદ્યા બહુ આવડતી હોય એમ લાગે છે. ખાવિંદને વશમાં કરવા માટે એમની પાસેથી કંઈક લઈ આવ. જો જે, ખાલી હાથે પાછી ન ફરતી હોં...'

દાસી નાવમાંથી ઘાટ પર ઊતરી. હાથ જોડીને ઊભી રહી. શ્રી ગુસાંઇજીને નૌકામાં બેઠેલી અકબર બાદશાહની એક બેગમનો પરિચય આપ્યો અને પછી બેગમની ઈચ્છા જણાવી. શ્રી ગુસાંઇજી તો આવા પાખંડવાદના ખૂબ જ વિરોધી હતા. એમણે તરત ના પાડી દીધી. દાસીએ બહુ કાલાવાલા કર્યા. પોતાની નોકરી જોખમમાં મૂકાશે એવો ડર પ્રદર્શિત કર્યો.

ત્યારે ગુસાંઇજીએ કંઈક વિચાર કરીને કાગળમાં એક દોહો લખી દીધો અને બેગમને આપી દેવા કહ્યું.

*દોહો આ પ્રમાણેનો હતો :*

***"યંત્ર મંત્ર અરુ તંત્ર કો ભૂલી કરો જિન કોય,***
***પિયા કહે સો કીજિયે, પતિ આપ હી બસ હોય."***

દાસી તો હરખભેર નાવમાં ચઢી ગઈ. કાગળનો ટુકડો બેગમના હાથમાં પકડાવી દીધો. બેગમ પણ ભાન ભૂલી ગઈ. કાગળમાં શું લખ્યું છે એ વાંચવાને બદલે એણે મંત્ર-યંત્ર સમજીને કાગળને ચોળીમાં સાચવીને મૂકી દીધો. મહેલમાં જઇ એક માદળિયામાં કાગળને સીલ કરી પોતાના હાથે બાંધી દીધો.

હવે હરિ ઈચ્છાથી તે જ દિવસથી બાદશાહ આ બેગમને સૌથી વધુ ચાહવા લાગ્યો. બેગમને પેલા કાગળના મંત્રમાં શ્રદ્ધા એકદમ પાકી થઈ. બીજી બેગમો ઈર્ષ્યા કરવા લાગી. કોઇકે માદળિયાનો ભેદ જાણી લીધો. બાદશાહના કાન ભંભેર્યા. બાદશાહ વાત સાંભળીને ગુસ્સે ભરાયો. જનાન ખાનામાં જઇ પેલી બેગમના હાથ પરથી માદળિયું તોડી લીધું. એને ખોલીને અંદરથી પેલો કાગળ કાઢીને વાંચ્યો. વાંચતા જ એનો ગુસ્સો ઉતરી ગયો અને દોહા લખનાર પર આફરીન થઈ ગયો.

તરત જ સવારી મંગાવીને બાદશાહ મથુરા ગયા અને બીરબલને માદળિયાની બધી વાત કરી. બીરબલ બાદશાહની સાથે નાવમાં બેસીને ગોકુળ તરફ ચાલ્યો. ચતુર શિરોમણી શ્રી ગુસાંઇજીએ જ્યારે બાદશાહના આગમનની વાત જાણી ત્યારે આપ તેની સામે પધાર્યા અને તેને તથા બીરબલને આશિર્વાદ આપ્યા.

નાવમાં જ બાદશાહે ધાર્મિક ચર્ચા કરી અને શ્રી ગુસાંઇજીના પ્રભાવથી અંજાઇને તેણે શ્રદ્ધાપૂર્વક એક મણિ ભેટ ધર્યો. એ મણિ નિત્ય પાંચ કિલો સોનું આપતો. અપૂર્વ ત્યાગી શ્રી ગુસાંઇજીએ સ્મિત કરતાં એ મણિ હરખથી લીધો અને બાદશાહને પ્રશ્ન કર્યો? 'શું આ મણિ મને આપ્યો?' બાદશાહે પ્રેમથી હા પાડી. બીજીવાર અને ત્રીજીવાર પણ એ જ પ્રશ્ન પૂછ્યો. બાદશાહે વિસ્મય સાથે દર વખતે હા પાડી.

તરત જ શ્રી ગુસાંઇજીએ તે અન્યાશ્રયરૂપ મણિ શ્રી યમુનાજીમાં પધરાવી દીધો. બાદશાહ તો એકદમ નારાજ થઇ ગયો. એણે પેલો મણિ પાછો માગ્યો. શ્રી ગુસાંઇજી બાદશાહની શાલીનતા પર હસ્યા અને શ્રી યમુના જળમાં હાથ ડુબાડી, ખોબો ભરી એવા અનેક મણિ કાઢ્યા. બાદશાહને તેમાંથી પોતાનો મણિ લઇ લેવાની આજ્ઞા કરી. બાદશાહ ખશિયાણો પડી ગયો. તેને બહુ શરમ લાગી અને પોતાના અપરાધની ક્ષમા માંગી.

ત્યારથી બાદશાહને હિંદુ ધર્મ પ્રત્યે માન, શ્રદ્ધા અને વિશ્વાસ વધી ગયા. બસ, તે દિવસથી બાદશાહ પોતાના ધાર્મિક સમયે રાજપતિ અંગરખા (બંડી), ઊર્ધ્વપિંડ તિલક, છાપા અને તુલસીની માળા ધારણ કરતો થયો. આ પ્રકારના બાદશાહના વેશનું ચિત્ર આજે પણ પ્રાપ્ય છે.

આ મિલનની યાદમાં બાદશાહે શ્રી ગુસાંઇજીને ચાકનો વાગો અને ખેંચના પંખાની પરવાનગી આપી. આ બે વસ્તુઓ રાજકીય દૃષ્ટિએ બહુમાનવાળી ગણાતી.

બાદશાહનો મુકામ જ્યારે દિલ્હી કે આગ્રામાં રહેતો ત્યારે તે કોઈને કોઈ બહાને શ્રી ગુસાંઇજીના મથુરા, ગોકુલ કે જતીપુરા આવીને અચૂક દર્શન કરી જતા અને ધાર્મિક ચર્ચા અકી અલૌકિક આનંદ મેળવતા.

## ૮. કૃપાસિંધુ

પહેલા શ્રીનાથજીની સેવાનો ક્રમ બંગાળીઓ સંભાળતા હતા. પણ ધીમે ધીમે બંગાળીઓએ સેવામાં ધૃષ્ટતા આચરવા માંડી અને શ્રીનાથજીના મોંઘા વસ્ત્રો, આભૂષણો, પાત્રો વગેરેની ચોરી કરવા માંડી. તેથી શ્રીનાથજી એમના ઉપર અપ્રસન્ન થઇ ગયા અને એમણે યુક્તિ તથા બહાદુરીપૂર્વક બંગાળીઓને સેવામાંથી દૂર કર્યા.

કૃષ્ણદાસની આ સેવાથી પ્રસન્ન થઇને શ્રી વિઠ્ઠલનાથજીએ કૃષ્ણદાસને શ્રીનાથજીની સન્મુખ અધિકારી તરીકેની શાલ ઓઢાડી અને કહ્યું : 'તમે શ્રીનાથજીની ઘણી મોટી સેવા કરી છે. તેથી હવે શ્રીનાથજીનો સઘળો અધિકાર તમે કરો એવું અમે ઇચ્છીએ છીએ. અમે પોતે ભૂલીએ તો વિના સંકોચે અમને પણ તમે કહી શકો છો. અહીંના સૌ સેવકો ઉપર તમારો હુકમ ચાલશે. તમે શ્રી આચાર્ય

ચરણ (શ્રી મહાપ્રભુજી)ના કૃપાપાત્ર છો. તેથી તમારી આજ્ઞામાં જે ચાલશે એનું ભલું જ થશે. જાવ, સાવધાન રહીને અધિકાર કરો.'' અને કૃષ્ણદાસને અધિકારીની ગાદી ઉપર બેસાડ્યા.

એ જ કૃષ્ણદાસ સાથે શ્રીનાથજીની ભોગ સામગ્રી અંગે એકવાર શ્રી વિઠ્ઠલનાથજીને બોલચાલ થઇ ગઈ. કૃષ્ણદાસે આંતરિક પ્રેરણાથી શ્રી વિઠ્ઠલનાથજીને રોક્યા અને અધિકારીની રૂએ શ્રી વિઠ્ઠલનાથજીને શ્રીનાથજીની સેવામાંથી તથા દર્શનના લાભમાંથી છ મહિના માટે દૂર કરી દીધા. શ્રી વિઠ્ઠલનાથજી ભગવદ્ ઇચ્છાને માન આપીને જતીપુરાથી પરાસોલી ગામમાં પધાર્યા અને ત્યાં ચંદ્ર સરોવર ઉપર છ મહિના સુધી વિપ્રયોગમાં બિરાજ્યા.

છ મહિના પછી રાજા બીરબાલ એકવાર ગોકુળમાં શ્રી વિઠ્ઠલનાથજીના દર્શને આવ્યા. એમણે શ્રી વિઠ્ઠલનાથજીના મોટા પુત્ર શ્રી ગિરિધરજીને મળીને કુશળક્ષેમ પૂછ્યા. શ્રી ગિરિધરજીએ રાજા બીરબલને બધી વાતથી વાકેફ કર્યા.

વાત સાંભળીને રાજા બીરબલ સમસમી ગયા. તેઓ મથુરા ગયા અને ત્યાં પોતાની હકુમત ચાલતી હોવાથી ૫૦૦ સૈનિકોને તાત્કાલિક જતીપુરા રવાના કરી કૃષ્ણદાસને પકડી મંગાવ્યા. અર્ધરાત્રિએ કૃષ્ણદાસને જેલના સળિયા પાછળ ધકેલી દીધા અને એક સંદેશ વાહકને ગોકુળ રવાના કર્યો. સંદેશવાહકે ગોકુળ આવી શ્રી ગિરિધરજીને સર્વ સમાચાર કહ્યા અને તાત્કાલિક પરાસોલી જઈ શ્રી વિઠ્ઠલનાથજીને શ્રીનાથજીના મંદિરમાં પધારવાનું સૂચન કર્યું.

શ્રી ગિરિધરજી મારતે ઘોડે પરાસોલી પધાર્યા અને પિતાશ્રી શ્રી વિઠ્ઠલનાથજીને શ્રીનાથજીના મંદિરે પધારવાની વિનંતી કરી. ત્યારે શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રી ગિરિધરજીને કહ્યું કે : 'કૃષ્ણદાસની આજ્ઞા હોય તો અમે ત્યાં આવી શકીએ.' હવે શ્રી ગિરિધરજીએ માંડીને બધી વાત કહી અને અંતે કહ્યું કે : 'કૃષ્ણદાસ તો મથુરામાં બંદીખાને પડ્યા છે.'

આ સાંભળતા જ શ્રી વિઠ્ઠલનાથજી હેબતાઈ ગયા. 'અરે, શ્રી આચાર્ય ચરણના કૃપાપાત્ર સેવક ભગવદીય કૃષ્ણદાસને આટલું દુઃખ? તમે શા માટે બીરબલને આ બધી વાત કરી? હવે કૃષ્ણદાસ બંદીખાનેથી છૂટશે ત્યારે જ અમે ભોજન કરીશું. ત્યાં સુધી અન્ન જળનો ત્યાગ કરીશું.'

પિતાના વચનો સાંભળીને શ્રી ગિરિધરજી ફરી પાછા મારતે ઘોડે મથુરા પધાર્યા. ત્યાં આવી રાજા બીરબલને માહિતી આપી અને કૃષ્ણદાસને છોડી મૂકવા કહ્યું. બીરબલે કૃષ્ણદાસને છોડી મૂક્યા અને શ્રી ગિરિધરજીને હવાલે કર્યા.

શ્રી ગિરિધરજી કૃષ્ણદાસને સાથે લઈને પરાસોલી પધાર્યા. કૃષ્ણદાસને આવેલા જોઈને, અધિકારી તરીકેનું માન આપવા શ્રી વિઠ્ઠલનાથજી સામેથી ઊભા થયા અને એમને આવકાર્યા. કૃષ્ણદાસે પોતાની ભૂલની માફી માંગી અને શ્રી વિઠ્ઠલનાથજીને ફરીથી મંદિરમાં પધારી શ્રીનાથજીની સેવા કરવાની વિનંતી કરી. સૌ ગિરિરાજજી ઉપર ગયા અને શ્રી વિઠ્ઠલનાથજીએ પહેલા મુજબ શ્રીનાથજીને શૃંગાર કરી ભોગ ધરાવ્યા. કૃષ્ણદાસને શ્રીનાથજીની સન્મુખ ફરીથી શાલ ઓઢાડી અને અધિકારી તરીકે સેવા ચાલુ રાખવા કહ્યું.

***(ક્રમશઃ)***


## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'જ્ઞાતિસેતુ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | અમદાવાદ |
| ૨. | પ્રકાશનનો ગાળો | : | દ્વિ-માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | મુદ્રકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | મુદ્રક સ્થાન | : | માધવી પ્રિન્ટીંગ પ્રેસ, અનુપમ સિનેમાની પાસે, ખોખરા, અમદાવાદ. |
| ૪. | પ્રકાશકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | પ્રકાશકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | પ્રકાશકનું સરનામું | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ, C/o ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |
| ૫. | સંપાદકનું નામ | : | હંસરાજ ઠાકરશી કંસારા |
| | સંપાદકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સંપાદકનું સરનામુ | : | ૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ, દેવ આશિષ સંકુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૬. | અખબારની માલિકી | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | સરનામું | : | C/o. ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |

***હું મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.***

***અમદાવાદ, તા. ૨૫-૦૩-૨૦૨૨***

***મનુભાઈ વી. કોટડિયા , પ્રકાશક અને મુદ્રક - 'જ્ઞાતિસેતુ'***

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

મહેશ કંસારા - ભુજ

### સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર : આયુષ્યમાન કાર્ડ બનાવી આપવા માટેનો કેમ્પ




સમાજ અને સમાજના શ્રેષ્ઠીઓની સેવા કરવી તે પ્રભુની કૃપા કહેવાય. સદ્‌કાર્ય માટે પૈસા આપવાવાળા મળે પરંતુ આ સેવાકાર્ય નિઃસ્વાર્થ કરવા માટે સેવાર્થી મળવા મુશ્કેલ છે. ગુજરાત સરકાર દ્વારા હાલમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ - મેડિકલ કાયમી ફંડ સમિતિ સંચાલિત સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર મધ્યે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આરોગ્ય અંગેની વિવિધ સારવાર નિઃશુલ્ક મળી રહે તે માટે આયુષ્યમાન કાર્ડ બનાવી આપવા માટેના એક કેમ્પનું આયોજન તા. ૨૯-૧-૨૦૨૨ અને તા. ૩૦-૧-૨૦૨૨ના યોજવામાં આવેલ. જેમાં ભુજના પ્રથમ નાગરિક અને સેવા સાથે સંકળાયેલ ભુજ નગરપતિ ઘનશ્યામભાઈ ઠક્કર, કચ્છ જિલ્લા ભા.જ.પ.ના મંત્રી શ્રી શીતલભાઈ શાહ, અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિનાં નવનિર્મિત પ્રમુખ શ્રી ફોરમભાઈ પોમલ, જ્ઞાતિ પ્રમુખશ્રી અને વોર્ડ નં.-૫ના કાઉન્સિલર અનિલભાઈ છત્રાળા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કેમ્પ ખુલ્લો મૂકવામાં આવેલ. ઘનશ્યામભાઈ ઠક્કર દ્વારા પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ આજે જનજનનાં આરોગ્યની સુવિધા આપવા માટે તનતોડ મહેનત કરે છે. લોકોને આરોગ્યની સુવિધા નિઃશુલ્ક અને સારી મળે, આ જ કાર્ય ભુજની મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા માત્ર સમાજ નહીં પણ આમજનતા માટે ટોકન રૂપિયા ૨૦મા તપાસણી અને જરૂરી – ૩ દિવસ માટેની દવા આપવામાં આવે છે. આ ખૂબ જ સારી સેવા છે. આ સેવા ગામની વચ્ચે હોવાથી લોકોને ખોટા ખર્ચમાં પણ રાહત થાય છે. આ સેવાના ભેખધારી મહેશભાઈ કંસારા માટે હું ફેસબુકમાં વાંચતો પરંતુ પોતાના નામનો ક્યાંય ઉલ્લેખ કર્યા વગર દર્દીની સેવા કરે છે તે જાણી મને ખૂબ જ આનંદ થયો. આજે તેમને રૂબરૂ મળતાં હું તેમનું સન્માન કરતા ગર્વની લાગણી અનુભવું છું. આ સાથે સમાજ દ્વારા આ કાર્ય માટે ખૂબ જ સારૂં અનુદાન આપી અને સેવા કરવામાં આવે છે તે સરાહનીય છે. ભા.જ.પ.ના મંત્રીશ્રી શીતલભાઈ શાહ દ્વારા આવા સદ્‌કાર્ય માટે શુભેચ્છા સાથે આ કાર્યમાં અમારી જરૂર પડે તો અમારો પૂર્ણ સહયોગ રહેશે. આ પ્રસંગે આયુષ્યમાન યોજનાના જીલ્લા કો-ઓર્ડિનેટર શ્રી બિપીનભાઈ આહીર દ્વારા આ નિદાન કેન્દ્ર મધ્યે સરકારશ્રીના દરેક પ્રોગ્રામનું સારી રીતે અમલીકરણ કરવામાં આવે છે અને આમ જનતાને સરકારશ્રીની યોજનાનો વધુમાં વધુ લાભ મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી. આ કેમ્પમાં અંદાજીત ૧૫૫ જેટલા પરિવારો કાર્ડ માટે આવેલ.જે લોકોની અધૂરાશ હતી, તે પૂર્ણ કરાવી તેમની એન્ટ્રી કરવામાં આવેલ. આ કાર્ડ તૈયાર થયેથી સાર્વજનિક નિદાન કેન્દ્ર મધ્યેથી વિતરણ કરવામાં આવશે.

આ સંસ્થા મધ્યે દર શનિવારે સવારે ૧૦ થી ૧ આયુષ્યમાન કાર્ડ બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી માહિતી હોસ્પિટલ પ્રોજેક્ટ ચેરમેન શ્રી જે.કે. કંસારા દ્વારા આપવામાં આવેલ.

આ કેમ્પને સફળ બનાવવા માટે સંસ્થાના રાજેન્દ્ર બુધ્ધભટ્ટી, સંજીવ બુધ્ધભટ્ટી, અશોક બુધ્ધભટ્ટી, નિખિલભાઈ, સુમન પરમાર, મેડિકલ આસિસ્ટન્ટ હમીરભાઈ ખાંભલીયા, કોમ્પ્યુટર ઓપરેટર દિલીપભાઈ હિરાણી અને જૈમિનભાઈ પરમાર દ્વારા ખૂબ મહેનત કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન મંત્રીશ્રી મહેશભાઈ એમ. કંસારા દ્વારા કરવામાં આવેલ.

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

લતાબેન સોલંકી - ભુજ

### વિશ્વ મહિલા દિવસના ઉપક્રમે 'બચપન પુકારે' ટાઈટલ હેઠળ મહિલા દિવસની ઉજવણી

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા વિશ્વ મહિલા દિવસના રોજ ''બચપન પુકારે'' ટાઈટલ હેઠળ મહિલા દિવસ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ.

'બચપન પુકારે'ના ટાઈટલ હેઠળ અઢાર વરસની ઉંમરથી લઈને ૧૦૦ વર્ષ સુધીની મહિલાઓ માટે નાનપણની રમતો રમવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વય ગ્રુપ મુજબ રમતોનું આયોજન કરવામાં આવેલ.

*૧૮ થી ૩૦ વર્ષ* : (૧) દોરડા કૂદ, (૨) લંગડી
*૩૦ થી ૪૫ વર્ષ* : (૧) થાળી બેલેન્સિંગ, (૨) સોય દોરા
*૪૫ થી ૬૦ વર્ષ* : (૧) ફૂટ ચંપલ મેચીંગ, (૨) પાસીંગ ધ કેપ
*૬૦+ વર્ષ* : (૧) મ્યુઝીકલ ચેર, (૨) લીંબુ ચમચી

શરૂઆતમાં રોહિણીબેન બુધ્ધભટ્ટીએ બધાને શબ્દોથી આવકારી, મહિલા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ મહિલા મંડળના અધ્યક્ષા સુધાબેન બુધ્ધભટ્ટીને પ્રાસંગિક પ્રવચન માટે આમંત્રણ આપ્યું હતું.

સુધાબેને પોતાના પ્રવચનમાં મહિલા દિવસનો પ્રારંભ ક્યારે અને કેવી રીતે થયો એ જણાવવાની સાથે સ્ત્રી-પુરૂષની સમાનતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સ્ત્રી-પુરૂષમાં ભેદભાવ ન રાખતા એમને સમાન કામનું સમાન મહેનતાણું મળવું જોઈએ. સમાજમાં પણ એમને સરખું સન્માન અને કામ કરવાની તક મળવી જોઈએ.

શીતલબેન બુધ્ધભટ્ટી અને જયશ્રીબેન છત્રાળા - ચેર પર્સનના માર્ગદર્શન હેઠળ રમતનો પ્રારંભ કરવામાં આવેલ અને બચપનમાં રમાતી રમતનો પ્રથમ રાઉન્ડ ૧૮થી ૩૦ વરસની બહેનોએ દોરડા કુદવાથી શરૂ થયો હતો. બહોળી સંખ્યામાં પધારેલી બહેનોએ પણ દોરડા કૂદની રમત નિહાળતા નિહાળતા પોતાના 'બચપન'માં પહોંચવાના આનંદની અનુભૂતિ અનુભવી હતી.

બીજા રાઉન્ડમાં લંગડી રમવાનું આયોજન હતું. ભાગ લેનારી બધી જ બહેનોના ચહેરા પર નિર્દોષ હાસ્ય છલકી રહ્યું હતું.

૩૦થી ૪૫ વર્ષની બહેનોએ પ્રથમ રાઉન્ડમાં થાળી બેલેન્સિંગની રમત રમી. જેમાં માથા પર થાળી મૂકી, એને પકડ્યા વગર બેલેન્સ જાળવીને ચાલવાનું હતું. આ થાળી દૃશ્ય જોઈ ઘણી બહેનોને કૂવે પાણી ભરવા જતા, એ યાદ આવી ગયું. બીજા રાઉન્ડમાં સોયમાં દોરો પરોવી, સામેના પોઈન્ટ પર જઈ, એ આપવાનું હતું. આ રમત માટે એકાગ્રતા જોઈએ. રમત રમનાર બહેનોની એકાગ્રતા જોઈ, પ્રેક્ષક વર્ગ આનંદ અનુભવી રહ્યો હતો.




૪૬થી ૬૦ વર્ષની બહેનોના પ્રથમ રાઉન્ડમાં પાસિંગ ધ કેપની રમત. જેમાં બહેનો દ્વારા બીજી બહેનોને વારાફરતી કેમ પહેરાવવાની હતી. બધા એ જોવામાં તલ્લીન હતા કે કોના માથા પર કેપ છે અને કોણ વિનર થાય છે.

બીજા રાઉન્ડમાં ઢગલામાંથી ચંપલ મેચિંગની જોડી પહેરી દોડવાનું હતું. ઢગલામાંથી પોતાની ચંપલ શોધતા શોધતા પોતાના ખોવાયેલા બચપનને ગોતવા પણ પ્રયત્નશીલ હતી.

૬૦+ બહેનોના પ્રથમ રાઉન્ડમાં બહેનોએ લીંબુ ચમચીની રમત રમી, પહેલા ધોરણને યાદ કર્યું હતું. એક બહેન તો કહે, ચમચી સરખી પકડાતી નથી. પૂછ્યું, કેમ? તો કહે, દાંત જ પડી ગયા છે. ત્યારે લાગ્યું કે દૂધિયા દાંત પડી જાય તો બોખા બોખા હસી પડાય.

બીજા રાઉન્ડમાં સંગીત ખુરશીની રમતે તો બધાના દિલ જીતી લીધા હતા. ઘુંટણ દુઃખાવાની ફરિયાદ બે ઘડી ભૂલી, બહેનોએ ખુરશી પર સ્થાન મેળવી બેસી જવાની વાતને પ્રાથમિકતા આપી 'હમ ભી કુછ કમ નહીં' એવું પ્રસ્થાપિત કર્યું હતું.

આમ, જાણે પાર્ટી પ્લોટનું પ્રાંગણ બાલ ક્રિડાંગણ બની ગયું હતું ને બાલ રમતવીરોની સાથે રમતગમત માણનારી બહેનો પણ આપસમાં આપણા જમાનામાં તો આમ, ને આપણા

જમાનામાં તેમ.... દાવ, ચકેડા, પકડદાવ, આંધળો પાટો, નદી તળાવ જેવી અનેક રમતોની ચર્ચા ચાલી રહી હતી. ત્યારે પાર્ટી પ્લોટનું પ્રાંગણ પણ આનંદની લાગણી અનુભવી રહ્યું હતું.

## વિજેતા બહેનોના નામ

**૧૮ થી ૩૦ વર્ષ**

*દોરડા કૂદ* : ૧. રિધ્ધિ સીમોન બુધ્ધભટ્ટી<br>
૨. કિંજલ પાર્થભાઈ પોમલ

*લંગડી* : ૧. જેનીશા અનિસભાઈ<br>
૨. મીરા નિર્મલભાઈ સાકરીયા

**૩૧ થી ૪૫ વર્ષ**

*થાળી બેલેન્સીંગ* : ૧. દિવ્યા સમીરભાઈ સોની<br>
૨. રૂપાબેન સોની

*સોય દોરો* : ૧. પૂનમ મયુરભાઈ બુધ્ધભટ્ટી<br>
૨. પૂજા પંકજભાઈ પોમલ

**૪૬ થી ૬૦ વર્ષ**

*પાસીંગ ધ કેપ* : ૧. હર્ષા ભાવેશભાઈ બગ્ગા<br>
૨. સપના સંજયભાઈ સોલંકી

*મીક્સિંગ એન્ડ શુઝ* : ૧. પારૂલબેન ધીરજભાઈ બીજલાણી<br>
૨. જનકબેન જયસુખભાઈ

**૬૦ વર્ષથી વધુ**

*લીંબુ ચમચી* : ૧. સરોજબેન કિશોરભાઈ પોમલ<br>
૨. હીનાબેન નરેન્દ્રભાઈ

*સંગીત ખુરશી* : ૧. માયાબેન કિરણભાઈ છત્રાળા<br>
૨. પ્રીતીબેન પ્રવીણભાઈ પોમલ

સમય પાલન અંતર્ગત મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટી દ્વારા સરપ્રાઈઝ ગીફ્ટ આપવામાં આવી હતી.

વિજેતાઓને પ્રમુખશ્રી સુધાબેન અને મંત્રી શ્રી લતાબેન સોલંકીના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ.

ગ્રાઉન્ડ મેદાની રમત પૂરી થયા પછી સમસ્ત બહેનો માટે હાઉસીની ગેમ રમાડવામાં આવેલ.

અરૂણાબેન, નીલાબેન, ભાવનાબેન ચનાણી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, ઇંદીરાબેન સોલંકીએ ટેબલ વ્યવસ્થા સુપેરે સંભાળી હતી તો ખુશાલીબેન, ભાવિનીબેન, જયશ્રીબેન બુધ્ધભટ્ટી, કીમબેન, રાજેશ્વરી બેન, ઇંદીરાબેન, રીનાબેન, રીટાબેન, લતાબેન અને રોહિણીબેને મેદાન પરની વ્યવસ્થા સંભાળી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહિણીબેને કર્યું હતું અને આભારવિધિ લતાબેન સોલંકીએ કરી હતી.

કાર્યક્રમની મોજ માણી, બચપન માણ્યા પછી નાસ્તો કરવાનો હોય તો તો બાળકોને મજા પડે... એમ બધાએ સ્વાદિષ્ટ નાસ્તાની






જયાફત લીધી અને બચપનને વાગોળતા વાગોળતા છૂટા પડ્યા. બીજી વાર ફરી 'બચપન પુકારે'ના ભાવ સાથે....

## વસંત પંચમી પૂજન



વસંત પંચમીના દિવસે પ્રકૃતિનો વૈભવ સોળે કળાએ ખીલી ઉઠે છે. વૃક્ષોને નવી નવી કૂંપળો ફૂટે અને રંગબેરંગી ફૂલોની મહેકથી વાતાવરણ મહેકી ઉઠે.

વસંત પંચમીના રોજ વિદ્યા અને બુદ્ધિના દાતા શ્રી સરસ્વતી માતાજીનું આહવાન, પૂજન-અર્ચન, આરતી - વંદન કરીએ છીએ.

આપણી સંસ્કૃતિમાં વસંત પંચમીનું ખૂબ જ મહત્ત્વ છે. આ મહત્ત્વને આત્મસાત્ કરવા, એના સંગીતને ગણગણવા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા સરસ્વતી માતાજીના પૂજનનું આયોજન કરવામાં આવેલ. જ્ઞાતિજનો સરસ્વતી માતાજીનું પૂજન કરવા બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ખાસ કરીને વિદ્યાર્થીઓએ આ પૂજનનો લાભ લીધો હતો. ગોરબાપાશ્રીએ વિધિવત્ પૂજા કરાવી હતી અને વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા. આ એક જ એવો દિવસ છે કે જ્યારે જ્ઞાતિજનો સરસ્વતી માતાજીનું પોતાના હાથે પૂજન કરી શકે છે.

મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટી, લતાબેન સોલંકી, ભાવિની પરમાર તથા અન્ય સદસ્યોએ હાજરી પુરાવી હતી અને વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભ કામનાઓ આપી હતી. ■

## મહિલા મંડળ - અંજાર

પીંકીબેન કટ્ટા








મહિલા મંડળ - અંજાર દ્વારા તા. ૫-૩-૨૦૨૨ના ૧૫મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ૧૫ વર્ષ દરમ્યાન હોદ્દેદાર તરીકે સેવા આપનાર બહેનો તથા ૧૫ વર્ષથી જોડાયેલ દરેક સભ્યનું સન્માન કરવામાં આવ્યું હતું અને મનોરંજન માટે અંતાક્ષરી પ્રોગ્રામ પણ રાખવામાં આવ્યો હતો. સાથે જ અ.ભા.મા.કં. સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ ફોરમભાઈ પોમલનું સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે કારોબારી તથા યુવક મંડળના સભ્યો અંજાર શહેરના કાઉન્સિલર શિલ્પાબેન બુધ્ધભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા મંડળ દ્વારા પ્રસંગોપાત યથાયોગ્ય વ્યક્તિઓને બિરદાવવામાં આવે છે. અગાઉ સંયુક્ત પરિવારને પ્રોત્સાહિત કરવાના હેતુ માટે સાસુ વહુ ૨૫ વર્ષથી સાથે રહેતા હોય તેઓનું સન્માન, ગ્રેજ્યુએશન કરેલ ૫૦ વર્ષની ઉપરના જ્ઞાતિજનોનું તથા લગ્ન બાદ ડિગ્રી મેળવી હોય એવા બહેનોનું સન્માન અને વર્ષે ૧૫ વર્ષ દરમ્યાન હોદ્દેદારો તથા ૧૫ વર્ષથી જોડાયેલ સભ્યને પ્રોત્સાહિત કરવા માટે સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાથે દરેકને મનોરંજન મળી રહે માટે અંતાક્ષરી પ્રોગ્રામ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં ૪૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. તેમજ ઉપસ્થિત જ્ઞાતિની બહેનો પરોક્ષ નહીં પણ જે ગ્રુપને પૂછવામાં આવેલ ક્લુનો જવાબ ના આપી શકનાર તેના જવાબો ઉપસ્થિત બહેનોએ આપેલ હોવાથી તેઓ પણ સ્પર્ધામાં જોડાયેલ હતા. અંતાક્ષરીમાં અલગ અલગ ૬ ગ્રુપ બનાવવામાં આવ્યા હતા. જેમાં દરેક બહેનોએ મનોરંજન કાર્યક્રમ માણ્યો હતો.

કાર્યક્રમમાં દિપ્તીબેન બુધ્ધભટ્ટી, જ્યોતિબેન બારમેડા, રસ્મિતાબેન પોમલ, દક્ષાબેન બુધ્ધભટ્ટી, હેતલબેન બુધ્ધભટ્ટી તથા કુ. દામિની છત્રાળાએ સહયોગ આપ્યો હતો. જ્યારે સંચાલન પિન્કીબેન કટ્ટા અને અંજનાબેન પોમલે કર્યું હતું.

## મહા શિવરાત્રી પર્વ નિમિત્તે મહાઆરતીનું આયોજન

અંજાર ખાતે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા જ્ઞાતિની સમાજવાડીમાં આવેલ શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં તા. ૧૨-૩-૨૦૨૨ના રોજ મહા શિવરાત્રીની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. પૂજા અર્ચના સાથે સંગીતમય મહાઆરતી સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત જ્ઞાતિની કુમારીકાઓ દ્વારા ઉપસ્થિત મહેમાનો, અગ્રણીઓને સ્વાગત ગીત સાથે આવકારવામાં આવ્યા હતા. બાદમાં મહા શિવરાત્રી નિમિત્તે પરિસરમાં આવેલ માનકેશ્વર મહાદેવજીના સાંનિધ્યમાં સંગીતમય મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિના લોકોએ ભાગ લઈને મહા શિવરાત્રીના પર્વની ઉમંગભેર ઉજવણી કરી હતી.

અંજાર જ્ઞાતિના પરમ પૂજ્ય ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસના અવસાન બાદ તેમની છબીનું અનાવરણ કરવામાં આવ્યું. સાથોસાથ અખિલ ભારતીય કંસારા સોની સમાજ







મહામંડળના નવનિયુક્ત પ્રમુખ શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલનું સન્માન સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી ગોરબાપાની છબીનું અનાવરણ કાર્યક્રમના મુખ્ય મહેમાન મહામંડળના પ્રમુખશ્રી તથા ગોરબાપા શ્રી દેવેનભાઈ કનકચંદ્ર વ્યાસના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

મહા શિવરાત્રીના પર્વની ઉજવણીને સફળ બનાવવા જ્ઞાતિ અગ્રણીઓ દેવેનભાઈ હેડાઉ, નીલમભાઈ બુધ્ધભટ્ટી, અમિતભાઈ બારમેડા, હિતેનભાઈ હેડાઉ, કીંજલભાઈ બુધ્ધભટ્ટી, નિકુલભાઈ બારમેડા, સંદીપભાઈ બુધ્ધભટ્ટી, કુશલભાઈ મૈચા, મહિલા મંડળના પિંકીબેન કટ્ટાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિનોદભાઈ મૈચાએ કર્યું હતું.

## હોળી નિમિત્તે રંગોત્સવનું આયોજન

અંજાર ખાતે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા જ્ઞાતિની સમાજવાડીમાં તા. ૧૯-૩-૨૦૨૨ના રોજ હોળીના પર્વ નિમિત્તે રંગોત્સવના કાર્યક્રમનું પ્રથમવાર આયોજન કરી ધૂળેટીના પર્વની ઉજવણી બહોળી સંખ્યામાં જ્ઞાતિના લોકોએ ભાગ લઈને ઢોલના તાલ સાથે ઉમંગભેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિ અગ્રણીઓ દેવેનભાઈ હેડાઉ, નીલમભાઈ બુધ્ધભટ્ટી, અમિતભાઈ બારમેડા, હિતેનભાઈ હેડાઉ, કીંજલભાઈ બુધ્ધભટ્ટી, નિકુલભાઈ બારમેડા, સંદીપભાઈ બુધ્ધભટ્ટી, કુશલભાઈ મૈચા અને જ્ઞાતિના મહિલા મંડળના મંત્રી શ્રીમતી અંજનાબેન પોમલ તથા મહિલા મંડળના હોદ્દેદારો અને સભ્યોએ જહેમત ઉઠાવી હતી.











## જ્ઞાતિ સમાચાર



# 'વિદ્યાસેતુ' : દાતાઓનો પ્રોત્સાહક પ્રતિસાદ

**અરવિંદભાઈ મારૂ – ચેરમેન, 'વિદ્યાસેતુ'**

વિજ્ઞાન અને ટેકનોલોજી (પ્રૌદ્યોગિક)ના આ યુગમાં દુનિયા ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. આ દુનિયા સાથે તાલ મિલાવવા દરેકે અપગ્રેડ (ઉચ્ચ કક્ષાવાળું) થવું અનિવાર્ય છે. જેના માટે જરૂરી છે શિક્ષિત સમાજ. અન્યથા જે તે વ્યક્તિ / સમાજ મુખ્ય ધારામાંથી ફેંકાઈ જાય છે, ખૂબ જ પાછળ રહી જાય છે. ઉક્ત બાબતને ધ્યાનમાં રાખી, આપણા સમાજના આગેવાનો, શ્રેષ્ઠીઓ, બુદ્ધિજીવીઓએ અગમચેતી / દૂરંદેશીથી ભવિષ્યનો વિચાર કરી ચાર દાયકા (આશરે ૪૦ વર્ષ) અગાઉથી જ સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચું લાવવાના પ્રયત્ન શરૂ કર્યા હતા, જેના ખૂબ જ સકારાત્મક પરિણામો જોવા મળ્યા હતા. જે તે સમયે પાયાનું શિક્ષણ જરૂરી હતું પરંતુ હાલના સંજોગોમાં ફક્ત પાયાનું શિક્ષણ પૂરતું નથી, ઉચ્ચ શિક્ષણ મેળવવું અનિવાર્ય બની ગયું છે. સમાજના દરેક બાળકને ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવા ધ્યેય સાથે અત્રેના અમદાવાદ ખાતેના ઘટક દ્વારા એક પગલું આગળ વધી ઉચ્ચ શિક્ષણના પ્રવેશદ્વાર સમાન ધોરણ-૧૦, ૧૧, ૧૨નો અભ્યાસ પૂર્ણ કરવામાં આર્થિક પરિબળ કારણ ન બને તે હેતુથી એક નવતર મિશન અર્થાત્ "વિદ્યાસેતુ" કાર્યક્રમની શરૂઆત આશરે ચારેક વર્ષ પહેલા કરવામાં આવી.

આ વિદ્યાસેતુ કાર્યક્રમનો ઉદ્દેશ સમાજના તેજસ્વી તારલાઓ આર્થિક કારણોસર ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય અને ધોરણ-૧૦, ૧૧, ૧૨નો અભ્યાસ પૂર્ણ કરવા માટે જરૂરી નાણાંકીય સહાય મેળવી શકે તે માટે 'સેતુ' બનવાનો છે. જેમાં સમાજના આર્થિક રીતે સમૃધ્ધ આગેવાનો / શ્રેષ્ઠીઓ / બુદ્ધિજીવીઓ / દાતાઓ દ્વારા આ વિદ્યાર્થીઓને ૩ વર્ષ માટે દત્તક લેવામાં આવે છે. આ ૩ વર્ષ દરમ્યાન પસંદગી પામેલા વિદ્યાર્થીઓને જે તે દાતા દ્વારા શાળાની ફી, પાઠ્યપુસ્તકો, અન્ય જરૂરી શૈક્ષણિક સાધનો વગેરે માટે મહત્તમ રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર) પ્રતિ વર્ષની મર્યાદામાં સીધી જ સહાય કરવામાં આવે છે. વિદ્યાર્થીઓની પસંદગી માટે સ્થાનિક કક્ષાએ સંયોજકની નિમણુંક કરવામાં આવેલ છે, જેની યાદી આ સાથે આપેલ છે.

| | | | |
|---|---|---|---|
| *૧.* | *સુધાબેન બુધ્ધભટ્ટી* | *ભુજ* | *૯૯૨૫૩ ૧૩૭૩૪* |
| *૨.* | *પીંકીબેન કટ્ટા* | *અંજાર* | *૯૯૨૫૩ ૧૮૧૬૮* |
| *૩.* | *હેતલબેન પોમલ* | *નખત્રાણા* | *૭૬૨૨૮ ૨૩૯૦૯* |
| *૪.* | *શોભનાબેન સોની* | *અમદાવાદ* | *૯૭૧૪૬ ૭૭૭૦૫* |
| *૫.* | *દીપાબેન સોની* | *તલોદ (સાબરકાંઠા)* | *૯૯૦૯૫ ૩૭૩૩૦* |

જે તે સંયોજક આર્થિક રીતે નબળા અને ધોરણ-૯ સુધીની સારી શૈક્ષણિક કારકિર્દીવાળા વિદ્યાર્થીઓની ભલામણ અત્રે અમદાવાદ મોકલી આપે છે. આવા વિદ્યાર્થીઓની વિગતો અત્રેથી જે તે દાતાને આપવામાં આવે છે અને તે દાતા દ્વારા ઉક્ત વિદ્યાર્થીને સીધી જ સહાય વિદ્યાર્થીના બેંકના ખાતામાં જમા કરવામાં આવે છે.

હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે વિવિધ સ્થળોએથી આર્થિક સહાય મેળવવા આઠ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોની અરજી મળેલ છે. આ માટે સમાજના શ્રેષ્ઠીઓને અપીલ કરતાં,

૧. શ્રી હિતેશભાઈ પી. ગુજરાતી - ભુજ
૨. સ્વ. અનિલભાઈ મગનલાલ ચનાણી પરિવાર - ભુજ
૩. રશ્મિનભાઈ જેઠાલાલ બારમેડા - તલોદ (સાબરકાંઠા)
૪. અમેરિકા નિવાસી દાતાશ્રી તરફથી

આગામી ત્રણ વર્ષ માટે આ આઠ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સહાય આપવા તૈયારી દર્શાવવામાં આવેલ છે. ભવિષ્યમાં વધારે વિદ્યાર્થીઓની સહાય માટે અરજી આવશે તો સમાજના દાતાઓને અપીલ કરી, વિદ્યાસેતુ મારફતે સહાય કરવા પ્રયાસ કરવામાં આવશે.

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સંચાલિત વિદ્યાસેતુ યોજનાનો હેતુ આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થી અને સમાજના શ્રેષ્ઠી વચ્ચે સેતુરૂપ બની તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દીમાં સહાયરૂપ થવાનો છે. ■

*જે ચાલતી નથી છતાં પણ જેની ગતિ વેગવાળી છે એનું નામ જીભ! પ્રભુની સૌથી અજબ કરામત હોય તો તે જીભ છે. એ બધી જાતના સ્વાદ માણી શકે છે છતાં પણ તે અલિપ્ત છે. જીભ રસને માણી શકે છે. એટલે જ એની સપાટી ઉપરથી દરેક પ્રકારના રસઝરતા શબ્દો નીકળી શકે છે અને શબ્દોનો સ્વાદ હૃદય જાણી શકે છે. કડવાં કે મીઠાં વચનોની અસર હૃદય ઉપર થાય છે. દુનિયામાં સૌથી વધુ ઊથલપાથલ કરનાર કોઈ હોય તો તે આ નાનકડી જીભ છે. જીભમાં હાડકું નથી છતાં પણ તેણે અનેકનાં હાડકાં ભાંગી નાખ્યાં છે.*

## જ્ઞાતિ સમાચાર

# અમદાવાદમાં દર્દીઓને હૂંફ આપતી ‘Med-Aid’ યોજના

**ગીરીશભાઈ સોની – ચેરમેન, ‘Med-Aid’**

અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા સ્થાનિક કક્ષાએ સામાજીક પ્રવૃત્તિઓ ઉપરાંત સમગ્ર દેશમાં વસતા જ્ઞાતિજનોના હિત માટે વિશેષ યોજના કાર્યરત છે. છેલ્લા અઢાર વર્ષથી ‘જ્ઞાતિસેતુ’નું પ્રકાશન, વિવિધ સ્થળે વસતા જ્ઞાતિજનો માટે પરસ્પર સંવાદનું માધ્યમ બની રહેલ છે. સમગ્ર દેશમાં વસતા આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય માટે ‘વિદ્યાસેતુ’ યોજના છે. તે રીતે અમદાવાદ સારવાર અર્થે આવતા દર્દીઓ અને તેમના પરિવારજનોને ‘Med-Aid’ યોજનાથી મુશ્કેલ સમયમાં હૂંફનો અહેસાસ થાય છે.

કચ્છના નાના-નાના ગામડાઓમાંથી અમદાવાદ શહેરમાં સારવાર માટે આવવાનું થાય ત્યારે દર્દીની સારવાર માટે, હોસ્પિટલ, દવાઓ, લોહી ઉપરાંત સારવારના સમયગાળા દરમ્યાન રહેવા-જમવાની મુશ્કેલીઓ થતી હોય છે. ઉપરાંત હાલમાં સારવાર ખૂબ જ મોંઘી થતી જાય છે. ત્યારે આર્થિક રીતે નબળા પરિવારો માટે સમસ્યા વધુ વિકટ જણાય છે. ‘Med-Aid’ યોજના દ્વારા માર્ગદર્શન ઉપરાંત અન્ય જરૂરિયાતો માટે સહાયરૂપ થવા પ્રયત્ન કરવામાં આવે છે. ‘સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા ફંડ’માંથી જરૂરિયાતમંદ દર્દીને આર્થિક સહાય પણ કરવામાં આવે છે.

અમદાવાદ જેવા મોટા શહેરમાં દર્દી અને તેના પરિવારજનોને જો વધારે દિવસ માટે અમદાવાદમાં રોકાવાનું થાય તો ખૂબ મોટો બોજો આવી જાય છે. હાલ અમદાવાદ જ્ઞાતિની ‘Med-Aid’ યોજનાના અગ્રણીઓ દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શાહીબાગ ખાતેના ‘શ્રી કચ્છી વિશ્રામગૃહ’ની મુલાકાત લઈ, તેમના ટ્રસ્ટીઓ સાથે આપણા સમાજના દર્દીઓને વિશેષરૂપે મદદરૂપ થવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

શાહીબાગ વિસ્તારમાં આવેલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, અમદાવાદની સિવિલ હોસ્પિટલ અને રાજસ્થાન હોસ્પિટલની નજીક આવેલ છે. આ વિશ્રામ ગૃહમાં વિવિધ કેટેગરીના રૂમો આવેલા છે. આપણા સમાજના દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવવાનું થાય, તો અહીં કિફાયતી દરે રહેવાની સગવડ થઈ શકે છે.

***આર્થિક રીતે ખૂબ નબળા દર્દીનો પરિવાર જો રહેવાનો થોડો ખર્ચ પણ ઉઠાવી શકે તેમ ન હોય તો અમદાવાદ સમાજ દ્વારા દાતાઓના સહયોગથી આ ખર્ચ ઉઠાવી લેવાનું, અમદાવાદ જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. ખૂબ જ ગરીબ દર્દીઓ માટે રહેવા અને જમવાના ખર્ચમાં અમદાવાદ સમાજની Med-Aid’ યોજના સહભાગી થશે.***

જરૂરિયાતમંદ દર્દીઓની સેવા, એ ખરી માનવસેવા છે અને એ જ પ્રભુ સેવા છે. અમદાવાદ જ્ઞાતિના આ સેવા કાર્યમાં વિવિધ સ્થળે વસતા સમાજના શ્રેષ્ઠીઓ અને દાતાઓનો સહયોગ મળતો રહેલ છે. હજુ પણ વધારે દાતાઓ આ સેવાકાર્યમાં જોડાય તેવી હાર્દિક અપીલ છે.

---

## સ્વામિ વિવેકાનંદના પ્રેરણાદાયક વિચારો : (૫)



**જેમીની**
**કલ્પેશકુમાર સોની**
**મમાયમોરા (માંડવી)**

નમસ્તે. અહીં હું ભારતના પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા પુરુષ – સ્વામી વિવેકાનંદ, જેઓએ હંમેશાં પોતાના જીવનમાં નીડરતાને સ્થાન આપ્યું છે, તેના કેટલાક પ્રેરણાદાયક વિચારો રજૂ કરું છું.

★ જો તમે પાંચ વિચારોને પચાવ્યા હોય અને તમને તમારા જીવન અને ચારિત્ર્યમાં ઉતાર્યા હોય તો જે માણસે આખી લાઈબ્રેરી ગોખી લીધી હોય તેના કરતા તમે વધુ કેળવાયેલા છો.

★ માતા, એ શક્તિનું પ્રથમ પ્રાગટ્ય છે. વિશ્વમાં રહેલી સમગ્ર શક્તિનો તે કુલ સરવાળો છે. મા ની ભાવના મનમાં દૃઢ થયા પછી આપણે બધું જ કરી શકીએ, પ્રાર્થનાનો તે તરત ઉત્તર આપે છે.

★ એકવાર માણસ પોતાની જાતને તિરસ્કારવા લાગ્યો એટલે તેની પડતીના તમામ દરવાજા ખુલ્લા થયા એમ માનવું. આ વસ્તુ રાષ્ટ્ર માટે પણ એટલી જ સાચી છે.

★ કોઈ માણસને સહાય કરવી હોય તો એ માણસની વૃત્તિ તમારા તરફ કેવી થશે તેનો વિચાર કરવાની જરૂર છે? જો મહાન કાર્ય કરવું હોય તો તેનું પરિણામ શું આવશે એનો વિચાર તમારે ન કરવો.

★ જો કાર્ય મનગમતું હોય તો મૂર્ખ શિરોમણિ પણ તેને સિધ્ધ કરી શકે. પરંતુ ખરો બુદ્ધિમાન મનુષ્ય તો એ જ છે કે જે કોઈ કાર્યને પોતાની રૂચિને અનુકૂળ બનાવી શકે. કોઈ પણ કાર્ય ક્ષુદ્ર નથી.

★ સાચું શિક્ષણ એટલે માત્ર શબ્દોનું ભંડોળ ભેગું કરવું એ નહીં, પરંતુ બુદ્ધિશક્તિનો વિકાસ અથવા વધારે સાચા અર્થમાં વ્યક્તિની કુશળતાપૂર્વક ઈચ્છા શક્તિનો ઉપયોગ કરવાની તાલીમ.

## જ્ઞાતિ સમાચાર

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - અમદાવાદ

**અલ્પાબેન સોની**

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - અમદાવાદના પ્રમુખ શોભનાબેન સોની દ્વારા નવી કારોબારીની રચના કરવામાં આવી. તેમના નવા હોદ્દેદારોની નિમણુંક નીચે મુજબ છે :

| | |
|---|---|
| શોભનાબેન ગિરીશભાઈ સોની | પ્રમુખ |
| અલ્પાબેન જયમીનભાઈ સોની | ઉપપ્રમુખ |
| મીનાબેન કનુભાઈ બીજલાણી | માનદ્ મંત્રી |
| દક્ષાબેન એચ. સોની | સહમંત્રી |
| બીનાબેન સોની | ખજાનચી |
| નેહાબેન એસ. સોલંકી | સહ ખજાનચી |

***કારોબારી સભ્યો :***

| | |
|---|---|
| કવિતાબેન સોની | સુનીતાબેન સોની |
| મનીષાબેન સોની | પ્રીતિબેન સોની |
| મધુબેન સોની | |
| હર્ષાબેન સોની | |
| ભ્રાંતિબેન સોની | |



શોભનાબેન ગિરીશભાઈ સોની
પ્રમુખ



અલ્પાબેન જયમીનભાઈ સોની
ઉપપ્રમુખ



મીનાબેન કનુભાઈ બીજલાણી
માનદ્ મંત્રી



દક્ષાબેન એચ. સોની
સહમંત્રી



બીનાબેન સોની
ખજાનચી



નેહાબેન એસ. સોલંકી
સહ ખજાનચી

વસંત ઋતુમાં તા. ૧૨-૩-૨૦૨૨ને રવિવારના દિવસે મહિલા મંડળ - અમદાવાદ દ્વારા લો ગાર્ડન ખાતે એક પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા મંડળના સર્વે મેમ્બરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ રમતો તથા હાઉસી રમ્યા હતા. ત્યારબાદ સર્વે સભ્યો દ્વારા બનાવેલ વાનગીઓનો આસ્વાદ માણીને ડાબલા ઉજાણી કરી હતી. બાદમાં ગુલાલથી ઈકો ફ્રેન્ડલી હોળી રમીને, એકબીજાને વધામણી આપીને છૂટા પડ્યા હતા. ■






*આપણું જીવન વડના ઝાડ જેવું વિશાળ હોવું જોઈએ કે જેની છાયા નીચે બાળકો ખેલીકૂદી શકે અને વૃદ્ધો દિવસના તાપમાં આશરો લઈ શકે.*

## જ્ઞાતિ સમાચાર

# ગઢશીશા : પોમલ પરિવારના કુળદેવી વાંકલ ચામુંડા માતાજીનો પાટોત્સવ

કાંતિભાઈ પોમલ – કોઠારા



ગઢશીશા મુકામે પોમલ પરિવારના કુળદેવી વાંકલ ચામુંડા માતાજીનો વાર્ષિક પાટોત્સવ તા. ૧૫-૨-૨૦૨૨ને મંગળવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે સવારના હોમ હવન, બપોરે માતાજીના નૈવેદ - દર્શન - મહા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. મહા પ્રસાદના દાતા કાંતિલાલ દામજી પોમલે લાભ લીધેલ.

સવારના ભાગે એક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાનાલાલ દામજી તરફથી ગત વર્ષના હિસાબ રજૂ કરેલ. ભુજ - માધાપર - માંડવી -કોઠારા - કેરા - બળદિયા - અંજારથી અંદાજીત ૩૦૦ જણાએ દર્શનનો લાભ લીધેલ. આયોજનને સફળ બનાવવા વિનયભાઈ, દિનેશભાઈ, દીપેશભાઈ, મિતભાઈ, ભાર્ગવભાઈ, વિરલભાઈ, હિતેશભાઈ, મોતીભાઈ, વિનોદભાઈ, અશોકભાઈ, જયેશભાઈ, મોતીભાઈ, મહેન્દ્રભાઈ, બાબુલાલ, ભાવિનભાઈએ જહેમત ઉઠાવેલ. વડીલ પુરૂષોત્તમ ચુનીભાઈએ સર્વેને શુભેચ્છા પાઠવેલ.

# શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જુનાગઢ

*ક્રિષ્ણાબેન બારમેડા - જુનાગઢ*

૮ માર્ચ – આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવાતો મહિલાઓ માટેનો ગૌરવવંતો દિવસ.

જુનાગઢ મહિલા મંડળના પ્રમુખ ક્રિષ્નાબેન બારમેડાએ વિચાર પ્રગટ કર્યો : 'ચાલો બહેનો, આપણે ફરવા જઈએ.' અને ઘડાયો મહિલા દિન ઉજવણીનો પ્રોગ્રામ.

૬ માર્ચ, ૨૦૨૨ – રવિવારના દિવસે સવારે ૧૦.૩૦ વાગે બહેનો પોતપોતાના ટિફીન સાથે ગીરનાર તળેટીમાં આવેલા દૂધેશ્વર મહાદેવના પ્રાંગણમાં ભેગા થયા. જુનાગઢ ઉપરાંત તાલાલા, કેશોદ, જેતપુર તેમજ માણાવદરથી પણ બહેનો આવેલ. બહેનોએ વિચાર્યું પોતાની જવાબદારી નિભાવતા નિભાવતા પોતાના માટે થોડો સમય કાઢીને આજના દિવસે રમીએ, ગાઈએ, મસ્તી કરીએ અને થોડું આપણા માટે પણ જીવીએ.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી અને યમુનાષ્ટકના પાઠથી કરવામાં આવી હતી. ત્યારબાદ 'આવ્યો ફાગણિયો આજ રમો તમે હોળી રે' બહેનોએ રસિયાની રમઝટ બોલાવી અને સર્વે કૃષ્ણ પ્રેમમાં રંગાઇ ગયા.

ભારતરત્ન મેળવનાર સંગીત સાથે જોડાયેલ લતાજી, કે તેમણે વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે, તેમને યાદ કરી, તેમના ગીતો ગાઈ તેમને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

ત્યારબાદ દરેક બહેનો સાથે મળી ભોજન કર્યું અને ભોજન બાદ હાઉસી ગેમ રમ્યા. એ પછી શિલાબેન બારમેડા દ્વારા એક મિનિટની એવી અવનવી રમતો રમાડવામાં આવી કે જેમાં ખૂબ એકાગ્રતા અને ઝડપ જરૂરી હોય. આ રમતો રમી મહિલા મંડળની બહેનોમાં અનેરો આનંદ જોવા મળ્યો. આ રમતો રમ્યા બાદ વિજેતા થયેલ દરેકને મહિલા મંડળ તરફથી ઇનામ આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ સ્ત્રીના અનેક રૂપ વિશે ચર્ચા કરવામાં આવી. જેમાં આજના યુગમાં સ્ત્રી ઘર સંભાળવાની સાથે સાથે તે બહારની દુનિયામાં પણ કોઇને કોઈ કાર્ય કે પ્રવૃત્તિ કરે છે તેના પર વાત કરી અને એ પછી બહેનો દ્વારા 'હાઉસ વાઈફ' અને 'વર્કિંગ વુમન' વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા.

ગરબા વગર તો ગુજરાતી બહેનોને કાર્યક્રમ અધૂરા જ લાગે ને? ત્યારબાદ દરેક બહેનો ગરબે રમ્યા, ડાન્સ કર્યો અને અંતાક્ષરી રમ્યા. ત્યારબાદ રાત્રિ ભોજન ક્રિષ્નાબેન બારમેડા તરફથી રાખવામાં આવ્યું હતું. સ્વાદિષ્ટ ભોજન લીધા બાદ સર્વે છૂટા પડ્યા.

આમ, આ કાર્યક્રમ દ્વારા મહિલા મંડળની દરેક બહેનોએ ખૂબ આનંદ કર્યો, જે દરેક બહેનોના ચહેરા પર પ્રસન્નતા તેમના આંતરિક આનંદને અભિવ્યક્ત કરતી હતી.

## વોટ્સએપ 'સગપણ ગ્રુપ' દ્વારા "શુભ વેવિશાળ" – એક નવતર પ્રયોગ

શ્રી મારૂ કંસારા સોની સમાજ (નખત્રાણા - કચ્છ)ના નવી પેઢીના સમાજભાવ ધરાવતા કર્મશીલ યુવાઓ દ્વારા જમાના સાથે ટેકનોલોજીકલ તાલમેલ સાધતા સોશિયલ મીડિયાની હકારાત્મક ઉપયોગ કરતાં 'વોટ્સએપ' માધ્યમથી સમાજનું "સગપણ ગ્રુપ" ઉમદાભાવ સાથે સારી રીતે ચલાવાય છે. આ કાર્યની ફળશ્રુતિરૂપે સમાજના અનેક યુવક - યુવતીઓ સપરિવાર જોડાઈને સગાઈના સ્નેહ તાંતણે બંધાયા.

આ વોટ્સએપ સગપણ ગ્રુપનો ઉદ્દેશ સહ વિશેષ વાત કરીએ તો આ ક્રાંતિબીજ સમુ વિચાર કરવાનો ઘટનાક્રમ કંઈક એ રીતે રહ્યો. હમણાંના પસાર થયેલા દિવસોમાં સમગ્ર વિશ્વ કોરોના જેવી મહામારી સામે ઝઝુમી રહ્યો હતો ત્યારે સામાજીક વિડંબનાઓ - અવરોધોને પહોંચી વળવા માટે સમાજના મિત્રવૃંદ સાથે ચર્ચા વિચારણા કરીને આ ગ્રુપને સમાજને સાથે રાખીને વિધિવત્ ઉત્તમ ઉદ્દેશ્ય સાથે ક્રિએટ કરવામાં આવ્યું કારણકે અગાઉ જમાનામાં જ્ઞાતિ વડીલો એમની સારપ મુજબ સંતાનોની સગાઈ કરતા, ને સંતાનો પણ એ નિર્ણય સહર્ષ માન્ય રાખતા. જ્યારે આજે સાંપ્રત પરિસ્થિતિમાં 'છોકરા છોકરીઓ' એમની પસંદગી આધારિત આગળ વધે છે. પણ બન્યું એવું છે કે દીકરા-દીકરીઓની સગાઈ કરવી હોય ત્યારે આપણે સૌ લાગુ પડતાં સગા સંબંધીઓને સાથે (વચ્ચે) રાખીને સગપણ - સાતરા થતા હોય છે. એમાં બંને પક્ષ વચ્ચેના શ્રેષ્ઠીની અવારનવાર પૃચ્છા કરવી પડતી હોય છે. એમાંય 'હા' કે 'ના'ના સ્પષ્ટ જવાબ આવતાં ઘણો સમય વેડપાઈ જાય છે. 'હા' આવે તો બધું સમુ-સુતરૂં પાર પડે અને 'ના' આવે તો નવેસરથી અન્યત્ર પ્રસ્તાવ મૂકવો પડે છે, જે એક લાંબી પ્રક્રિયા થઈ જતી હોય છે. જેથી સગાઈ બાબતે થોડી અરાજકતા રહે છે. અને એમાંય દેખાદેખીની આ હોડમાં સમાજ - લોકો એવું પણ વિચારે છે કે ક્યાંક આ ભરમાર વચ્ચે આપણા સંતાનો સગાઈ / લગ્નથી વંચિત ન રહી જાય તે માટે દોડધામ ચાલુ રહેતી હોય છે. માટે અમારી એડમિન પેનલ દ્વારા આ અવઢવમાંથી સભ્ય પરિવારોને એક ખુલ્લુ મંચ પૂરૂં પાડતાં આ 'સગપણ ગ્રુપ' દ્વારા ઈજન આપવા જ્ઞાતિજનો (લગ્ન વાંચ્છુક) પરિવાર સહ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા સમય સૂચકતા વાપરતા સમાજના દીકરા - દીકરીઓનો બાયોડેટા સત્વરે મોકલીને 'સગાઈ ગઠન' કાર્યમાં સહભાગી બનીએ.




ઘણા પરિવારો દ્વારા દીકરીઓના બાયોડેટા મોકલવામાં ઉદાસીનતા દાખવી રહ્યા છે ત્યારે આપણા સમાજના મુખપત્ર "જ્ઞાતિ-સેતુ"ના આ અંકમાં આ લેખ દ્વારા એમને સંતાનો યોગ્ય જીવનસાથી મેળવવા માટે હેતુસર માટેની આયામમાં જોડાવા આહવાન છે.

ઘણી વખતે પ્રસંગોપાત જ્ઞાતિજનો મળતા હોઈએ છીએ ત્યારે પરીચિતોના સગાઈ - સગપણને ભલામણની વાતો જ ઠેર ઠેર સંભળાયા કરે છે. અપૂરતા બાયોડેટાના અભાવે ક્યાંક ખોટી જગ્યાએ સંબંધો ન બંધાય, ને સંપૂર્ણ બાયોડેટા સાથે આપણી પોતિકી પસંદનો યોગ્ય જીવનસાથીને પરિવાર મેળવવા માટે સમાજનાં પેઢીના હિતમાં વડીલોના સૂચન / માર્ગદર્શન હેઠળ આ 'સગપણ ગ્રુપ' કાર્યરત છે. જેની મંગલ યાત્રા કચ્છ મારૂ કંસારા સોની સમાજ પૂરતી શરૂ થયેલી હતી. જોતજોતામાં સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ, છેક ગુજરાત સહ સમગ્ર ભારતભરમાં પહોંચી, ને પરિણામે દેશ-વિદેશ વસતા જ્ઞાતિજનો વિશાળ શૃંખલાબધ્ધ યુવક-યુવતીઓના બાયોડેટાની હારમાળા સામાજીક ડેટા રૂપે પ્રાપ્ત થઇ અને બાયોડેટા મેળ થતાં એડમિનશ્રીઓ દ્વારા સામાજીક રીતે સંપર્ક સાધી અપાય છે ને આ નવતર પ્રયોગ થકી ઘણાએ યુવક-યુવતીઓ પરસ્પર પારીવારિક સહમતિથી સ્નેહસભર સગાઈ સંબંધે બંધાઈ લગ્ન ગ્રંથિ સફળતમ રીતે જોડાયા છે. ઘણા બધા સંતાનો / માવતરોને અસંમજસ હોય છે એ દૂર કરતાં આ ઉત્તમ માધ્યમનું નિર્માણ કરીને એક યોગ્ય રીતે વિશ્વસનીય ને સુચારૂ સામાજીક માપદંડો સાથેની વ્યવસ્થા એડમિન પેનલના સામાજીક - સમર્પણભાવ થકી ઊભી થયેલી

છે. સમાજની પ્રત્યેક પૂરક માહિતી 'ડેટા સંગ્રહ' કોષ ક્રિએટ થયો છે, જે સમાજની એક ઐતિહાસિક ઘટના છે. 'સગપણ ગ્રુપ' થકી મંગલમય પરિણય પામેલ આદર્શ દંપતીઓને ગ્રુપ દ્વારા પ્રોત્સાહિત કરતા 'શુભેચ્છા પત્ર' ભેટ આપવાની અને સમસ્ત સોની સમાજનું બાયોડેટા આધારે ''જાહેર સામાજીક પસંદગી મેળા''નું આયોજન અંગે ભવિષ્યની વિચારણા છે. જેનું કાર્ય સમાજના પારંપરીક મૂલ્યો, સંસ્કૃતિ અને હિતોનું રક્ષણ કરવાનું છે. યુવક - યુવતીઓ, માવતરો, કુટુંબ દ્વીધા દૂર કરતાં યોગ્ય જીવનસાથી શોધી શકાય એવી અનુકૂળ સુવર્ણ વ્યવસ્થામાં સૌ જ્ઞાતિજનો હજુ વધુ બાયોડેટા આપી, અપાવીને આ ભગીરથ કાર્યમાં જોડાય. વોટ્સએપ 'સગપણ ગ્રુપ'ની મર્યાદા સીમિત હોતાં, પેટા આઠેક ગ્રુપ્સ એડમિન પેનલ દ્વારા ચલાવાય છે. આ ગ્રુપની કામગીરી સંતાનોમાં સામાજીક જાગૃતિ (લગ્ન વિષયક) લાવીને સારા લગ્ન જીવનસાથી શોધી આપીને સમાજ ઉન્નત કરવાની એડમિન પેનલની નેમ છે.

તદુપરાંત ''સગપણ ગ્રુપ''માં સામાજીક ચેતના સંજીવિત કરતાં શ્રી નારાણભાઈ મોહનલાલ પરમાર (ખોંભડીવાળા) તથા પ્રબુદ્ધ વર્ગ દ્વારા સામાજીક - પ્રેરક લેખો, નારી શક્તિ પ્રતિબિંબિત કવિતાઓ, પ્રેરક પંક્તિઓ તેમજ સાહસિક સામાજીક કૃતિઓ પણ સાંપ્રત સમયની માંગ અનુસાર ''સામાજીક જાગૃતિ'' અર્થે લખાઈને મોકલાય છે.

***નારાણભાઈ એમ. પરમાર - ખોંભડી (૯૯૦૯૩ ૧૩૦૫૩)***
***બ્રેગીનભાઈ આર. બગ્ગા - નખત્રાણા (૯૭૨૫૨ ૨૨૧૬૦)***
***પ્રફુલભાઈ એમ. કંસારા - નખત્રાણા (૯૮૭૯૧ ૨૨૨૬૫)***

## શ્રી નખત્રાણા કોમર્શિયલ ક્રેડિટ કો.ઓ. સોસાયટી

*હેમેન્દ્ર કંસારા - ચેરમેન*




શ્રી નખત્રાણા કોમર્શિયલ ક્રેડિટ કો.ઓ. સોસાયટી પરિવાર દ્વારા સભાસદનાં બાળકો, કે જેમણે ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી છે, તેમનું શૈક્ષણિક અભિવાદન; સભાસદો કે જેઓ સિનિયર સિટીઝન છે, તેમનું વડીલ વંદના 'સન્માન', જે સભાસદોને બે અથવા વધારે દીકરીઓ હોય તેમનું 'દીકરી વંદના' સન્માન, જે સભાસદોના લગ્ન જીવનને ૫૦ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા દાંપત્ય જીવન ગોલ્ડન જ્યુબીલી વર્ષ તરીકે સન્માન, જે સભાસદો ક્રેડિટ સોસાયટીમાંતી લીધેલ લોનના હપ્તા નિયમિત ભરેલ હોય તેવા સભાસદોનું સભાસદ પ્રોત્સાહક યોજના તળે 'સન્માન' સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન સોસાયટીના ચેરમેન શ્રી હેમેન્દ્રભાઈ કંસારાના અધ્યક્ષપદે યોજવામાં આવેલ હતો.

આ પ્રસંગે કચ્છ - મોરબીના સાંસદ મા. શ્રી વિનોદભાઈ ચાવડા, અબડાસા વિભાગના ધારાસભ્ય મા.શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી જયસુખભાઈ પટેલ તેમજ રાજકીય આગેવાનો, બિન રાજકીય આગેવાનો, વિવિધ સંસ્થાના અને સમાજના હોદ્દેદારોની હાજરીમાં આ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

પ્રારંભમાં મહેમાનો તથા આગેવાનોનાં વરદ્ હસ્તે દીપ





પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. ત્યારબાદ સંસ્થાના વાઈસ ચેરમેન શ્રી લાલજીભાઈ રામાણીએ શાબ્દિક શબ્દો વડે આવકાર્યા હતા. ત્યારબાદ મહેમાનોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

ચેરમેન શ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ ક્રેડિટ સોસાયટીની કામગીરીની વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે, હાલે ક્રેડિટ સોસાયટીના ૫૫૦ સભાસદો છે અને હવે ટુંક સમયમાં નવા શેર બહાર પાડવામાં આવશે અને વધુ ૫૦૦ નવા સભાસદ

બનાવવામાં આવશે.

હાલે સભાસદોને વધુમાં વધુ રૂા. ૧.૫૦ લાખનું ધીરાણ આપવામાં આવે છે. તેમાં પણ સભાસદના ઘરે જો લગ્ન પ્રસંગ હોય, સભાસદોનાં બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે ફી ભરવાની હોય કે આરોગ્યને લગતી તપાસણી કરાવવાની હોય, તો તાત્કાલિક ધીરાણ મંજૂર કરવામાં આવે છે.

સભાસદો પાસેથી બચતની ભાવના થાય તે માટે ડેઈલી કલેક્શન યોજના શરૂ કરવામાં આવેલ છે. તેવી જ રીતે સભાસદોની રકમ મેળવી ફિક્સ્ડ ડિપોઝીટ યોજના તરીકે મૂકવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ ક્રેડિટ સોસાયટીની સ્થાપનાને ૨૭ વર્ષ પૂર્ણ થયેલ છે, અને પોતે જ ૨૭ વર્ષથી ચેરમેન તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે. ત્યારે આ ક્રેડિટ સોસાયટી સતત ૨૭ વર્ષથી નફો જ કરતી આવે છે અને આજના કાર્યક્રમમાં સભાસદોને ગીફ્ટ વિતરણ કરવામાં આવશે.

અન્ય માહિતીઓ વિગતવાર આપેલ હતી. સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ પણ ક્રેડિટ સોસાયટીની કામગીરીને બિરદાવેલ હતી અને ચેરમેન અને તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરોને અભિનંદન આપેલ હતા અને તમામ સાથ-સહકારની ખાત્રી આપેલ હતી. ધારાસભ્ય શ્રી પી.એમ. જાડેજાએ પણ તમામ સહકારની ખાત્રી આપેલ હતી. આ પ્રસંગે બંને આગેવાનોનાં વરદ્ હસ્તે સૌ સભાસદોનું સન્માન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની આભારવિધિ વાઈસ ચેરમેન શ્રી રમેશભાઈ વ્યાસે કરેલ હતી તેમજ સંચાલન કચ્છી સાહિત્યકાર શ્રી લહેરીભાઈ ગરવાએ કરેલ હતું.

કાર્યક્રમમાં તાજેતરમાં દિલ્હી ખાતે 'પદ્મ વિભૂષણ'થી જેમનું સન્માન થયેલ, તેવા કચ્છી સાહિત્યકાર શ્રી નારાયણભાઈ જોશી 'કારાયલ'નું વિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા મેનેજિંગ ડિરેક્ટર શ્રી રમણિકભાઈ સોની, દોલતભાઈ ભાનુશાલી, વિશનજીભાઈ પલણ, પ્રાગજીભાઈ ઠક્કર, વેલજીભાઈ રબારી, ગંગારામભાઈ એમ. સોની, ગાભાભાઈ ગરવા, પ્રફુલ્લભાઈ કંસારા, અશોકભાઈ ઠક્કર અને એકાઉન્ટન્ટ કૃષ્ણકાંત પંડ્યાએ જહેમત ઉઠાવી હતી.

સભાસદો મોટી સંખ્યામાં પરિવાર સહિત હાજર રહ્યા હતા.

***માણસ કેવી કિંમતી ચીજવસ્તુઓ વાપરે છે એના ઉપરથી એની કિંમત અંકાતી નથી પણ તે પોતાના સમયની અને બીજાના સમયની કેવી કિંમત કરે છે એના ઉપરથી એની કિંમત થઈ શકે છે.***



*ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈના નિવાસ સ્થાને તેમના પિતાશ્રી અને જ્ઞાતિશ્રેષ્ઠી સ્વ. પ્રભુદાસ ખેતશી ગુજરાતીના સ્મરણાર્થે અમદાવાદ જ્ઞાતિ તરફથી પ્રભુદાસભાઈનું તૈલચિત્ર અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી અતુલ સોની, 'જ્ઞાતિસેતુ' ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયા તથા અગ્રણી દિનેશભાઈ સોની (તલોદ)ના વરદ્ હસ્તે સન્માન સહ અર્પણ કરવામાં આવેલ. શ્રી હિતેશભાઈ ગુજરાતી તથા તેમના માતુશ્રીએ લાગણીસભર રીતે અમદાવાદ સમાજનો આભાર માનેલ.*

## જીવન સંગીત

મનુષ્યના જીવનમાં સંગીત એટલું બધું વણાઈ ગયું છે કે સંગીત વગરના જીવનની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. જન્મ, લગ્ન, મૃત્યુ, ઉત્સવોની ઉજવણી પ્રસંગે, સમૂહ કાર્યોમાં અનેક રીતે સંગીત જીવનમાં ઉપયોગી બની ગયું છે. આ જ એક એવો ખજાનો છે, જેને કોઈ લૂંટી શકતું નથી. જેને બેંકમાં કે કબાટમાં મૂકવાની જરૂર નથી. જે જ્યાં જઈએ ત્યાં તાળા વગર આપણી સાથે આવે છે. તો મિત્રો, ઈશ્વરે આપણને આપેલી મૂડીનો સદ્ઉપયોગ અવશ્ય કરવો જોઈએ. માનસિક શક્તિ, શારીરિક શક્તિ, યાદશક્તિ, એકાગ્રતા, આત્મવિશ્વાસ વધારવા વગેરે જેવા અનેક ઉપચારો માટે સંગીત મહત્ત્વનો ભાગ ભજવે છે.

દુનિયામાં ઘણી બધી અલગ અલગ ભાષાઓ છે પરંતુ સંગીત, એક એવી ભાષા છે, જે બધા સમજી શકે છે. જ્યાં શબ્દ ખૂટી જાય છે ત્યાં સંગીત બોલે છે.

માનવીનું જીવન પોષણ અને જીવન જીવવાની નિરાંત ઉપરાંત તેમનું મન આનંદ તત્ત્વોની શોધ કરતું રહે છે. આ આનંદ તત્ત્વ કળા દ્વારા મળે છે. જેમાં સંગીતની કળાનું સ્થાન મોખરે છે.

સંગીત દ્વારા મનને શાંતિ તેમજ આનંદની પ્રાપ્તિ થાય છે. માનવીના શરીરને આરોગ્યનું પ્રદાન કરવા સંગીત એક અમૂલ્ય સાધન છે. ગાયનમાં શ્વાસોચ્છવાસનું નિયંત્રણ આપોઆપ થાય છે અને શ્વાસ એ જ પ્રાણ છે. સંગીત બહુ મધુર અને વૈશ્વિક ભાષા છે. જીવનમાં ખુશ અને વ્યસ્ત રહેવા માટે સંગીત બહુ જરૂરી છે.

***પૂજા ભરતભાઈ કટ્ટા - નખત્રાણા***

# પરિવાર

## આપણાં પરિવારો – (૩૩)

**તુલસીદાસ કંસારા – અમદાવાદ**

### મોહનભાઈ મેવચા : નિવૃત્તિમાં પોતાના શોખમાં પ્રવૃત્ત કલાકાર



તાજેતરમાં જ અમદાવાદની ગુફા આર્ટ ગેલેરીમાં વીસ આર્ટીસ્ટોના સ્કલપ્ચર અને પેઈન્ટીંગ્સનું પ્રદર્શન તા. ૨૨થી ૨૭-૨-૨૦૨૨ – પાંચ દિવસ માટે મુખોટે નામની સંસ્થા તરફથી યોજાઈ ગયું. જેમાં મોહનભાઈના પાંચ પેઈન્ટીંગ પ્રદર્શિત કરવામાં આવેલ. જે અહીં તેમના પિક્ચર સાથે આપેલ છે.



મોહનભાઈને તેમના આ શોખ બાબત પૂછતા તેમણે જણાવ્યું કે, ‘સ્કુલમાં બીજા વિદ્યાર્થીઓને ડ્રોઈંગ કરતા જોઈને મને પણ ચિત્ર દોરવાનો શોખ થતો અને આ રીતે કલા સાધના શરૂ થઈ. મેં ૧૯૬૪માં ડ્રોઈંગની ઈન્ટરમિડીએટ પરીક્ષા પણ પાસ કરી.’ ત્યારબાદ કોલેજ, સગપણ, લગ્ન અને બેંકની નોકરી અને તે સમય દરમ્યાન બે વખત હૃદયની બીમારી, ઓપરેશન્સને કારણે તેમના ચિત્ર દોરવાના શોખને સમય આપી શકેલ નહીં પરંતુ રીટાયરમેન્ટ પછી સમયનો સદુપયોગ કરવાનો મોકો મળ્યો અને આ શોખને પોષવા ફરી ડ્રોઈંગ કરવાનું શરૂ કર્યું અને તે માટે ડ્રોઈંગના ક્લાસીસ પણ તેમણે જોઈન કર્યા. તેઓ આગળ કહે છે કે, ‘મારા નિજાનંદ, આત્મસંતોષ માટે ચિત્રો દોરૂં છું અને મારૂં મન થાય, મને ગમે તેવા ચિત્ર દોરૂં છું. સવારે ગીતા પઠન, પાઠ પૂજાની સાથે લગભગ ચારેક કલાકનો સમય કલા સાધના પાછળ ફાળવું છું.’

મોહનભાઈને તેમના કુટુંબ વિશે પૂછતા જણાવ્યું કે તેમના દાદા-પરદાદા કરશનજી કલ્યાણજી જુનાગઢ જીલ્લાના માણાવદર તાલુકામાં આવેલ વેરવા નામના એક નાનકડા ગામમાં સોનીનું કામ કરતા હતા. એકવાર લૂંટારા આવ્યા અને તેમનો સામનો કરતાં એક લુંટારૂએ ભાગતા ભાગતા અમારા એક વડીલ બાબુકાકા (ગીરધરલાલ વ્રજલાલ)ને ધારીયું મારી દીધું. ત્યાર પછી અમારૂં કુટુંબ ૧૯૪૦માં વેરવા છોડી માણાવદર રહેવા આવી ગયું. માણાવદરમાં અમારૂં કુટુંબ વેરવાવાળા સોની તરીકે ઓળખાતું. અમારી શાખ માણાવદર અને આસપાસના ગામોમાં ઘણી જ ઊંચી. રણછોડભાઈએ બનાવ્યું છે ને? તો એ દાગીનામાં કંઈ કહેવાપણું હોય જ નહીં. એક વલુ પણ ઓછું ના હોય. એવી લોકોમાં પ્રતિષ્ઠા! મોહનભાઈ આગળ જણાવે છે કે તેઓ બે-અઢી વરસના હતા ત્યારે તેમના માતુશ્રી ઈલેક્ટ્રીક શોકને કારણે શ્રીજી ચરણ પામ્યા. પરંતુ તેમના મોટાભાઈ અને ભાભીએ તેમને સારી રીતે સાચવ્યા. તેઓ કહે છે કે, ‘અમારા માતુશ્રીના અવસાન પછી અમારા મોટા ભાભી - હસુમતી ભાભીએ જે રીતે સાચવ્યા છે, પ્રેમ-લાગણી આપ્યા છે, તેવું કદાચ સગી માં પણ ન કરે. ત્યાં સુધી કે સ્કુલનું લેસન પણ કરી આપતા. તેમના દેવામાંથી તો ક્યારેય પણ ન છૂટી શકાય.’

૧૯૬૨માં ગોલ્ડ કંટ્રોલનો કાયદો અમલમાં આવ્યો અને અમારૂં સોનીનું કામ સાવ ઓછું થઈ ગયું. કપરો સમય શરૂ થયો અને ઘરમાં અછતની શરૂઆત થઈ ગઈ. એ ત્યાં સુધી કે દૂધવાળાને પણ કહેવું પડતું હતું કે આવતા મહિને હિસાબ કરીશું. ધંધામાં કશું વળતું નહીં. જેથી ખાવાપીવામાં, રહેણી-કરણીમાં પણ કંટ્રોલ આવી ગયો. પરંતુ બાપુજી તેમજ મોટાભાઈએ તેમને કહ્યું કે હવે ભણવામાં જ ધ્યાન આપવાનું. આમ કરતા બી.કોમ.ની પરીક્ષા પાસ કરીને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે એચ.એલ. કોમર્સ કોલેજમાં એડમિશન લેવાનું થયું ત્યારે પહેલી વખત અમદાવાદ જોયું. ત્યારબાદ જવાબદારીઓમાં વધારો થતો ગયો. અમદાવાદ જતા પહેલા સગપણ, નોકરી મળે તે પહેલાં લગ્ન (તેમના લગ્ન ભુજના સોની નરભેરામ રવજીની પુત્રી મનીષા ઉર્ફે મંગળાબેન સાથે થયેલ છે) અને આખરે બેંકોમાં નોકરી માટે અરજીઓનો દોર ચાલુ કર્યો. એક સાથે ત્રણ બેંકોમાં નોકરીની ઓફરો મળી. જેમાંથી બેંક ઓફ ઈન્ડિયા પસંદ કરેલ. મોહનભાઈને બે પુત્ર અને એક પુત્રી વાણી છે. એક પુત્ર અમિત, જે લંડનમાં પ્રેક્ટીસ કરે છે અને બીજો પુત્ર અમદાવાદમાં આઈ.ટી. કંપનીમાં છે. જ્યારે પુત્રી ગુજરાતી કંસારામાં પરણાવેલ છે અને અત્યારે અમેરિકામાં છે. આપણે શ્રી મોહનભાઈ અને તેમના ડોક્ટર દંપતી પુત્ર અને પુત્રવધૂ વિશે

'સેતુ'ના સપ્ટેમ્બર / ઓક્ટોબર-૨૦૧૯ના અંકમાં તેમજ સ્વાસ્થ્ય સ્પેશિયલ અંકમાં ઉલ્લેખ કરી ગયેલ છીએ.

આ એક્ઝિબિશન વિશે વાત કરીએ, તો ત્યાં એક પત્રકારે તેમનો ઇન્ટરવ્યુ લેતા પૂછ્યું કે તમે કઈ થીમ પર કામ કરો છો? તો તેમનો જવાબ હતો કે મારી કોઇ શૈલી નથી. મને ગમે તે ચિત્ર હું દોરૂં છું. આમ હું વિવિધ વિષયો પર કામ કરૂં છું. તેમના માધ્યમ વિશે પૂછતા તેમણે કહ્યું કે તેઓ વોટર કલર, ઓઇલ પેઈન્ટ તેમજ એકેલીક કલરમાં ચિત્રો દોરે છે. તેમના એક આકર્ષક ચિત્ર તરફ ધ્યાન દોરતાં પત્રકારના જવાબમાં તેમણે કહ્યું કે તે ક્લિયોપેટ્રાનું ચિત્ર છે. તેમને એક ચિત્ર દોરતાં રોજના ચાર-પાંચ કલાક સાથે પાંચેક દિવસો લાગે છે. મોહનભાઈ પોતાના પેઈન્ટીંગના શોખને લીધે આર્ટ ગેલેરીઓમાં પ્રદર્શનો જોવા જતાં રહેતા અને તેમને પણ પોતાના ચિત્રો અમદાવાદની ગુફા જેવી ગેલેરીમાં એક્ઝીબિટ થાય તેવા વિચારો આવ્યા કરતા. તેમણે આ ઉંમરે (અત્યારે તેઓ ૭૪ વરસના છે) તેમના આ ડ્રોઇંગના શોખને પોષવાની પ્રેરણા તેમની પૌત્રી જહાન્વીના એક પ્રશ્ન થકી મળી. તેણે કહ્યું કે દાદા, ફેશન ડિઝાઇનિંગમાં એડમિશન માટે ઇન્કવાયરી કરવા જવું છે, તો તમે સાથે આવો. અને તેને લઇને તેઓ ત્યાં ગયા અને તેનું એડમિશન તો થયું, પરંતુ સાથે સાથે તેમને વિચાર આવ્યો કે ચાલ, મારા માટે પણ તપાસ કરૂં. અને અહીં અમદાવાદની જાણીતી સંસ્થા બી.આર.ડી.એસ.ના ડ્રોઇંગ ક્લાસીસમાં તેમણે પણ એડમિશન લીધું!

૨૦૧૧થી ૨૦૧૬ સુધી મોહનભાઈને તેમના પુત્રની નોકરીને કારણે આણંદ રહેવાનું થયેલ. ત્યારે તેમને બ્રેઇન સ્ટ્રોક આવી ગયેલ અને અનકોન્સિયસ - મૂર્છિત થઈ ગયેલ. તેથી તાત્કાલિક તેમને આણંદની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરેલ. મોટાભાઈ અને પુત્રએ અમદાવાદ લઈ જવાની વાત કરેલ. પરંતુ ડોક્ટરે કહ્યું કે ત્યાં સુધી પહોંચવાની આશા ઓછી છે. તેથી ત્યાં જ ઓપરેશન કર્યું. આ ઓપરેશન બદ તેઓને એવો અનુભવ થયેલ કે જાણે નવી જીંદગી મળી. તેઓ કહે છે કે, "આ ઉંમરે નાની મોટી તકલીફ થાય છે પરંતુ ડ્રોઇંગને હાથમાં લઉં છું તો દુઃખ દર્દ ભૂલી જાઉં છું." એમ કહી શકાય કે પ્રવૃત્તિ જ તેમની દવા છે.

## ૪૦ વર્ષ પહેલાંની એક રસપ્રદ પ્રવાસ નોંધ

*પ્રેષક : રૂમા કંસારા - દિલ્હી*

*મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. કાંતિલાલ લખમશી પોમલ (રાયપુર - છત્તીસગઢ)ની ઈ.સ. ૧૯૮૧ની ડાયરીમાં પ્રસ્તુત પ્રવાસ નોંધ.*

*— રૂમા કંસારા*

('જ્ઞાતિસેતુ' અંક નં.-૯૨થી ચાલુ)

કન્યાકુમારીથી મદુરાઈ ૧૬૦ કિ.મી. દૂર છે. ૪-૫ કલાકમાં અમે ત્યાં પહોંચી ગયા. રાતના ૧૧ વાગી હયા હતા. અમે સીધા બાગડી ધર્મશાળા પહોંચ્યા, જ્યાં અમને જગ્યા મળી ગઈ. સૌ પોઢી ગયા હતા. શ્રી ડાહ્યાભાઈ, જેઓ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે, તેમને પત્ર લખ્યો હતો. પરંતુ કોઈ વ્યવસ્થા બાબતનો જવાબ ન મળતાં અમે અહીં રોકાવાનું વિચાર્યું. આખા દક્ષિણમાં આ જ જગ્યાએ, આ બાગડી ધર્મશાળા જે વિશાળ છે, તે એક માત્ર એવી ધર્મશાળા છે, જે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેતી નથી. તેની દેખરેખ રાખનારને તમે સ્વેચ્છાએ જે કંઈ આપો તે અલગ વાત છે. અમને પણ અહીં ૨ રૂમ મળી ગયા. થાક્યા હતા એટલે સૂતા કંઈ વાર ન લાગી.

સવારે વહેલા શ્રી લક્ષ્મણભાઈ તથા કાંતિભાઈ શ્રીયુત ડાહ્યાલાલભાઈને મળી આવ્યા. તેઓ તેમની સાથે કારમાં આવ્યા. ત્યાં સુધી અમે સૌ તૈયાર થઈ મીનાક્ષી મંદિર પહોંચી ગયા હતા. શ્રીયુત ડાહ્યાભાઈ માવજીભાઈ ચૌહાણ, અહીંના જૂના અને પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. 'અમર જ્યોતિ' સ્ટોર નામનો રેડીમેડ કપડાંનો મોટો સ્ટોર છે. તેમજ બીજા બિઝનેસ પણ છે. રોટરી ક્લબના તેઓ પ્રમુખ પણ રહી ચૂક્યા છે. અહીંના જૂના હોવાથી તેમજ અવારનવાર ઘણીવાર 'મીનાક્ષી' મંદિરના દર્શન કરાવતા કરાવતા, આ મંદિર બાબતનું તેમને સારૂં એવું જ્ઞાન છે. એમ કહી શકીએ કે તેઓ સારા એવા એક ગાઈડ છે. ઓછા સમયમાં આવડા વિશાળ મંદિરને ટૂંકું અને ટચ છતાં સારી રીતે સમજાવવું એ એક કલા છે, જે તેઓમાં છે. અમને મંદિરનું જ્ઞાન આપવા બદલ અમે તેમના આભારી છીએ.

અત્યાર લગી મેં મારા જીવન દરમ્યાન જે જે અને જ્યાં જ્યાં મંદિરો જોયા હોય તો સુંદર કલાને આવરી લે તેવું વિશાળકાય મંદિર – મીનાક્ષી મંદિર, દક્ષિણ ભારતમાં આવેલ મદુરાઈનું જોયું. એ જેટલું વિશાળ છે, એટલું જ સુંદર છે. ૨ હાથ ૨ પગ અને ૧ માથું – આ દૃષ્ટિએ વિશાળ જગ્યામાં – ૫ વિશાળ દ્વારવાળું આ વિશાળ મંદિરનું આયોજન કંઇ નાનું એવું આયોજન તો ન જ લેખાય. ૩ સદીઓ જેને બનાવતા વીતી ગઈ. વિચાર કરો, એ મંદિરની મહાનતા કેવી હશે! જુઓ ત્યારે જ તમને જણાય કે મહાન કલાકારોની કલાનું આ સુંદર રૂપ છે. માથું ઊંચું જ રહી જાય તેવી સુંદર કારીગરીવાળું તેનું પ્રવેશદ્વાર છે. જે આ મંદિરનું મસ્તક કહેવાય છે. અંતર નાની એવી બજાર લાગેલી છે – પાણીના કુંડ છે. મહાન કારીગરોની કલાના સુંદર નમુનાઓનો સંગ્રહ દર્શાવતું એક મ્યુઝીયમ છે. આ મ્યુઝીયમ ૧૦૦૦ ખંભાઓ ઉપર બનાવેલ છે. આ બધા ખંભા એક જ પથ્થરમાંથી કોતરેલ છે. ખંભાઓની લાઈનને હરેક સાઇડથી જુઓ તો એ એક જ લાઈનમાં સીધા દેખાશે, એ આ કારીગરીની વિશિષ્ટતા છે. વિશિષ્ટતાવાળા હોલમાં અનેક પ્રકારની વિશિષ્ટતાવાળી કલાકૃતિઓ છે. એક બાજુ મીનાક્ષીદેવીનું મંદિર છે, તે બીજી બાજુ (શિવ) સુંદરમ ભગવાનનું મંદિર છે. અનેક મૂર્તિઓ છે, જેના ઉપર બધાના અલગ અલગ ભાવ આલેખવામાં આવ્યા છે. **(ક્રમશઃ)**

# પ્રવાસ

## છીપર પોઇન્ટ : પ્રકૃતિ, રોમાંચ અને સાહસ અનુભવવાનું અનોખું સ્થાન

પ્રો. રસિકભાઈ મહીચ્છા



કચ્છ પ્રવાસન ક્ષેત્રે કૂદકે ને ભૂસકે આગળ ધપી રહ્યું છે એવું કહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. ધોળાવીરાના ઉત્ખનન પશ્ચાદ પ્રવાસન ક્ષેત્રનો જે ઉદય થયો અને અમેરિકાના પૂર્વ પ્રમુખ બીલ ક્લિન્ટનનું ધ્યાનાકર્ષિત થયું. તત્પશ્ચાદ નિયમિત યોજાતા રણ મહોત્સવથી કચ્છનું પ્રવાસન ખૂબ વેગવંતુ બન્યું છે.

આપણે સૌ જાણીએ છીએ કે માતાના મઢ, નારાયણ સરોવર, કાળો ડુંગર, માંડવીનો સુંદર દરિયા કિનારો અને વિજય વિલાસ મહેલા, ભુજના પ્રાગ મહેલ અને મ્યુઝિયમ અને અંજારમાં જેસલ તોરલ, રાપરમાં રવેચી માતા અને અંજાર તાલુકાના જોગણી નાર, ભદ્રેશ્વર અને કોડાય પાસે જૈન દેરાસરો જેવા ઐતિહાસિક સ્થળો તો કચ્છને પહેલેથી ભેટ મળેલા જ છે અને તેના કારણે ભુજ, અંજાર અને માંડવી જેવા શહેરો પણ જાણીતા થયેલા છે.

ત્યારબાદ ખેતાબાપા પણ ધાર્મિક અને પિકનીક પોઇન્ટ તરીકે ખૂબ પ્રચલિત થયું તો કાળા ડુંગરનો છેક ઉપર સુધીનો ડામર રોડ થવાથી અને વન વિભાગના નેચર પાર્ક બનવાથી દત્ત મંદિરના દર્શનાર્થી અને પ્રાકૃતિક બાળ શિક્ષાર્થીઓની પણ એક સગવડતા ઊભી થઈ.

હવે ઘડુલી - સાંતલપુર માર્ગ તૈયાર થઇ રહ્યો છે જે માલસામાન અને યાત્રીકોના પરિવહન ઉપરાંત પ્રવાસન માટેના વિકાસના દ્વાર અચૂક ખોલી નાખશે. તાજેતરમાં ટ્રેકિંગ અને માઉન્ટેનિયરીંગનું પ્રશિક્ષણ આપતી એક સંસ્થા "નેચર એન્ડ એડવેન્ચર કચ્છ" જે કચ્છની એકમાત્ર સ્વૈચ્છિક બિન સરકારી રજિસ્ટર્ડ સંસ્થા છે, તેના દ્વારા નિયમિત રીતે યોજાતા એક કાર્યક્રમના ભાગરૂપે છીપર પોઇન્ટ ટ્રેકિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં એકસોથી વધુ યુવાનો યુવતીઓ અને આબાલ વૃદ્ધ ભાગ લીધો હતો. જેમાં સૂર્યાસ્તથી લઇને ચાંદની રાતમાં ઝળહળતા સફેદ રણમાં ટ્રેકિંગ કરવામાં આવ્યું હતું. ચારે તરફથી લેન્ડ લોક થયેલ સમુદ્રમાં પ્રતિબિમ્બિત સૂર્યાસ્તનો અદ્‌ભુત નજારો માણવાની તક મળી હતી. બીજે દિવસે રણકાંધીએ આવેલ જવલ્લેજ જોવા મળતા એક અનુપમ ભૌગોલિક સ્વરૂપ છીપર પોઇન્ટનું દર્શન કરવામાં આવ્યું હતું.

કોઈને પણ નવાઈ લાગશે કે આ છીપર પોઇન્ટ શું છે?

રણ અને દરિયા કિનારે આવેલી પર્વત શૃંખલા પર વર્ષો પર્યંત સતત ચાલતી પાણી અને પવનો દ્વારા થતી ધોવાણ અને ખવાણની પ્રક્રિયાથી વિશાળ જળકૃત ખડકોની લેમિનર લેયર જળવાઈ રહે છે અને તેની નીચેન માટી સરકતી જાય છે. જેના કારણે જળકૃત ખડકની લેયર, કે જેને આપણે છીપર કહીએ છીએ, તે તૈયાર થઇને કેન્ટી લીવરના સ્વરૂપમાં અધ્ધર લટકી રહે છે. આવો વિશિષ્ટ રોક અથવા છીપર દરિયાની સપાટીથી ૫૦ થી ૭૦ ફૂટ ઊંચાઇ પર એક અદ્‌ભુત કેન્ટી લીવરના સ્વરૂપે આવેલી છે.




આવા પ્રકારના કેન્ટી લીવર રોક અથવા આપણે જેને છીપર કહીએ છીએ તેના પર લટકતા પગ રાખીને બેસવાથી અદ્‌ભુત રોમાંચનો અનુભવ થાય છે. કારણકે ઉપર આભ અને નીચે સમુદ્ર છે. પરંતુ ભય સાથે દિવ્ય આનંદની અનુભૂતિ પણ થાય છે. અલબત્ત, તેના પર બેસવું કે ચાલવું ખૂબ જ જોખમી છે. જરાક પણ ગાફેલ રહ્યા કે સીધા જ ૫૦-૭૦ ફૂચ નીટે ગરકાવ થઈ જવાય. માટે જીગર ચાલે તો જ છીપર પર જવાનો પ્રયાસ કરવો.

### છીપર પોઇન્ટ – રતનપર કચ્છ

**છીપર પોઇન્ટ પર કેવી રીતે જવું?**

પોતાના વાહનમાં ખાવડા ધોળાવીરા જતાં રતનપર અમરાપર ગામ પાસે રોડ પર આવેલા સબ સ્ટેશન સામે કાચા રસ્તા પરથી જઈ શકાય છે. રસ્તો પથરાળ છે છતાં ફોર વ્હીલર જઇ શકશે. મુલાકાતીએ ખાસ એ કાળજી રાખવી. છીપર પર માત્ર એક એક વ્યક્તિ ધીરે ધીરે જાય. છીપર પર ઉભા કે બેઠા રહીને સેલ્ફી લેવાનો પ્રયત્ન કરવો નહીં કારણકે તે ખૂબ જોખમી છે. દૂર બેઠેલ મિત્ર ફોટો લઇ શકશે. વળી પ્રકૃતિ દ્વારા કચ્છને ભેટ મળેલ આ વિશિષ્ટ ભૌગોલિક સ્થાનની જાળવણી કરવી આપણી ફરજ બને છે. માટે આસપાસના વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલો, થેલીઓ અને કચરો ફેંકવો નહીં અને ત્યાં નાસ્તા પાણી કરવા નહીં.

નેચર એન્ડ એડવેન્ચર ક્લબ - કચ્છ જેવી સ્વયંસેવી સંસ્થાની એક અદ્‌ભુત સિદ્ધિ તરીકે બિરદાવી શકાય એવા આ કાર્યક્રમમાં આવા દિવ્ય રોમાંચનો અનુભવ ૧૨થી ૭૬ વર્ષના આબાલવૃદ્ધ એમ સૌને કરાવવામાં આવ્યો. સંસ્થાના તાલીમબદ્ધ સ્વયં સેવકોની અપ્રતિમ કામગીરીથી આ કાર્યક્રમ સંપન્ન થયો. સાથે પર્યાવરણ તેમજ છીપરને નુકસાન ન થાય તેની પૂરતી કાળજી રાખવામાં આવી હતી.

આ વિસ્તારમાં અન્ય ઘણા એક્સ્પ્લોર કરી શકાય તેવી અજાયબી રહેલી છે. આ સ્થળના જ વિસ્તારમાં સંગવારા દેવસ્થાન પાસે આઠેક કિલોમીટર દૂર એક પથ્થર છે જેના પર ટકોરા મારવાથી ઘંટનાદ જેવો અવાજ નીકળે છે. કેમ, કેવી રીતે અને શા કારણથી નીકળે છે તે સંશોધનનો વિષય છે. ■

## વ્યક્તિ વિશેષ

# ‘શિક્ષક’ – Never Retired

**સુરેશ બીજલાણી ‘સુબી’**

‘નામ?’

‘પરેશ ચમનલાલ ગુજરાતી.’

‘વ્યવસાય?’


‘શિક્ષક.’

‘ઓહ, એટલે માસ્તર છો....’ (હળવું હાસ્ય)

ઉપરોક્ત સંવાદ એટલે મૂક્યો છે કે અગાઉ સમાજમાં હંમેશાં શિક્ષકોની ઉપેક્ષા થતી. ઉપેક્ષા કરનાર ભૂલી જતા કે એ ‘માસ્તર’ થકી જ એ કોઈ ઉચ્ચ હોદ્દે પહોંચ્યા છે. પણ આજે સમય બદલાયો છે. શિક્ષક એ સામાજીક ઘડતરનો પાયો છે એવું લોકો સમજતા થયા છે.

સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક એવા મૂળ માનકુવાના શ્રી પરેશભાઈ ગુજરાતીએ હમણાં જ નોકરી પૂરી કરી. મતલબ રીટાયર થયા. પરેશભાઈએ ક્યારેય કરવા ખાતર નોકરી નથી કરી. પણ સાચા અર્થમાં વિદ્યાદાન કર્યું છે અને એટલે ત એ નોકરીમાંથી રીટાયર ભલે થયા પણ સામાજીક શિક્ષક તરીકે સેવા ચાલુ જ રાખી છે. ૧૯૮૨માં પી.ટી.સી. કર્યા બાદ ૧૯૮૩માં જ શિક્ષક તરીકે જોડાઈ ગયા ત્યારે શિક્ષકોના એટલા પગાર નહીં. એમણે નોકરીની સાથે ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખ્યો અને ૧૯૯૦માં M.A. B.Ed. હિંદી સાથે કમ્પ્લીટ કર્યું. ઓછા પગાર સાથે નોકરી, અભ્યાસ અને લગ્ન... બે બાળકો... જવાબદારીઓ વધતી ગઈ. ૧૯૮૮થી ૧૯૯૪ સુધી ખાવડા જેવા દુર્ગમ વિસ્તારમાં મોટા દિનારા નામનું ગામ કે જ્યાં જવા કોઈ શિક્ષક તૈયાર ન થાય ત્યાં ગ્રુપ આચાર્ય તરીકે જોડાયા. શિક્ષણમાં બિલકુલ રસ ન ધરાવતી મુસ્લિમજતની વસ્તીમાં પણ બાળકોને શાળાએ આવતા કર્યા. માનકુવાથી ભુજ અને ભુજથી ખાવડા... દરરોજ લગભગ ૧૬૦ કિ.મી.નું અપડાઉન કરવાની સાથે ત્યાં એટલા જ ઉત્સાહથી ગ્રામ્ય બાળકોને ભણાવવાના. પાણીની હંમેશાં ખેંચ રહેતી એવા વિસ્તારમાં વરસાદી પાણીના સંચય માટે શું કરી શકાય એ દિશામાં કાર્ય કર્યું. જે પછીથી અનેક શાળાઓમાં અનુકરણીય બન્યું. વ્યસન મુક્તિ અને રક્તદાન જેવી પ્રવૃત્તિઓ કરી. આજે પણ એ વિસ્તારના લોકો પરેશભાઈને યાદ કરે છે. કેટલાય વિદ્યાર્થીઓ મજબૂત પાયાને લીધે આગળ ભણવા જાગૃત થયા.

૧૯૯૪થી ૨૦૦૦ સુધી પરેશભાઈએ ચુનડી ગામે આચાર્યની જવાબદારી સ્વીકારી. એ સમય દરમ્યાન ૨૦૧૫-૧૬માં શ્રી ચંદ્રકાંત અંજારીયા મેમોરીયલ ટીચર્સ ટ્રસ્ટ - ભુજ દ્વારા ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક અને ૨૦૧૭માં જીલ્લા પંચાયત - કચ્છ દ્વારા શ્રેષ્ઠ આચાર્ય પારિતોષિકથી નવાજવામાં આવ્યા. એ પછી કેટલીય સંસ્થાઓએ ગુરૂ ગૌરવ સન્માન આપ્યું.



**શ્રી પરેશભાઈ ગુજરાતી**

૨૦૦૦થી ૨૦૨૨ સુધી ભુજની શિવનગર પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે રહી, સ્લમ કહી શકાય એવા વિસ્તારમાં શિક્ષણની જ્યોત પ્રગટાવી. ભુજના સરપટ ગેટની એ શાળાનું મહત્ત્વ કોઈ પ્રાઈવેટ શાળાથી ઘણું જ વધારે હતું... અને એનો શ્રેય શાળાના આચાર્ય પરેશભાઈને જતો હતો. ગરીબ વિદ્યાર્થીઓને ન માત્ર માર્ગદર્શન, આર્થિક સહાય કરીને પણ ભણવા માટે પ્રોત્સાહિત કરતા. અને એટલે જ જયારે પરેશભાઇનો નિવૃત્તિ સમય આવ્યો ત્યારે બાળકોની સાથે વાલીઓની આંખોમાં પણ આંસુ હતા.

શિક્ષણના એવા જ ગુણ એમના બે દીકરાઓમાં પણ ઉતર્યા. કઠિન પરિસ્થિતિઓમાં પણ દીકરાઓને ઉચ્ચ અભ્યાસ કરાવ્યો. મોટા દીકરા વિવેકે ફિઝીક્સ સાથે Ph.D. કર્યું તો નાનો દીકરો કિશન C.A. થયો.

સરકારી નોકરી કરી, ઘણા લોકો નિવૃત્ત થતા હોય છે અને પેન્શન મેળવી આરામદાયક જીવન ગુજરાત હોય છે. પણ પરેશભાઈએ નિવૃત્તિને પ્રવૃત્તિ સાથે જોડી. જરૂરિયાતમંદ પાંચ કન્યાઓના ઉચ્ચ શિક્ષણની જવાબદારી લીધી. આવો વિચાર તોકોઈક જ શિક્ષકને આવતો હશે, જેમણે સાચા અર્થમાં શિક્ષણનો ભેખ લીધો હોય.

આમ તો નોકરીના સમયે પણ જ્ઞાતિની શિક્ષણ પ્રવૃત્તિઓમાં રસ લઇ કાર્ય કરતા હતા. હાલમાં કાયમી શિક્ષણ ફંડ સમિતિમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપે છે અને હજુ પણ જ્ઞાતિમાં શિક્ષણને લઇ કોઈ પણ જવાબદારી અપાશે તો અવશ્ય સમય આપી સેવા કાર્ય કરવા પરેશભાઈ તત્પર છે. ભુજના જાયન્ટ્સ ગ્રુપે પણ એમને આમંત્રણ આપી સામાજીક સેવા સાથે જોડ્યા છે, ત્યારે મારૂ કંસારા સોની જ્ઞાતિ જરૂરથી ઉમદા શિક્ષક અને સરળ સ્વભાવના પરેશભાઈ ગુજરાતી માટે ગૌરવ લે છે.

# ડાયાબિટીસના દર્દીઓમાં દાંતની સંભાળ

ડૉ. ઈશિતા સોની, ડેન્ટીસ્ટ - ગાંધીધામ



આપણા મોઢાનું સ્વાસ્થ્ય ખૂબ મહત્ત્વનું છે, જેના પર ના કેવળ આપણી શારીરિક તંદુરસ્તીનો આધાર છે પણ આપણા સામાજીક અને માનસિક વિકાસ પણ અવલંબિત છે. જેના વિશે મોટાભાગના લોકો બહુ જાગૃત નથી. મોઢાની સંભાળમાં લોકો એક અથવા બે વખત બ્રશ કરે છે. જે સ્વસ્થ લોકો માટે પૂરતું હોય પરંતુ જે લોકોને ડાયાબિટીસ છે તેવા લોકોને મોઢાની તંદુરસ્તી માટે વધારે કાળજીની જરૂર છે. તો ચાલો, આપણે જાણીએ કે ડાયાબિટીસવાળા લોકોને મોઢાનું સ્વાસ્થ્ય જાળવી રાખવા શું કરવું જોઈએ?

- **ડાયાબિટીસ એટલે શું?**

પહેલા આપણે ડાયાબિટીસ શું છે તે સમજીએ.

આપણે જે ખોરાક લઈએ છીએ તે આપણા શરીરમાં પાચન થઈ ઉર્જામાં રૂપાંતરીત થાય છે. જ્યારે ડાયાબિટીસમાં ખોરાકને ઉર્જામાં રૂપાંતરીત કરવાની શરીરની ક્ષમતા ઘટી જાય છે.

ડાયાબિટીસને બે પ્રકારમાં વિભાજીત કરી શકાય : ટાઈપ-૧ અને ટાઈપ-૨.

૧. ટાઈપ-૧ ડાયાબિટીસમાં શરીર પૂરતું ઈન્સ્યુલીન બનાવતું નથી. ઈન્સ્યુલીન એક એવું હોર્મોન છે, જે તમારા લોહીમાં શર્કરા (sugar)ને ઉર્જાની જરૂર હોય તેવા કોષો (Cells) સુધી લઈ જાય છે.

૨. ટાઈપ-૨ ડાયાબિટીસમાં શરીર ઈન્સ્યુલીનને પ્રતિભાવ (Respond) આપવાનું બંધ કરી દે છે.

જો બ્લડ સુગરનું નિયંત્રણ નબળું હોય તો મૌખિક આરોગ્યની સમસ્યાઓ ઊભી થવાની શક્યતા વધારે છે. કારણ એ છે કે ડાયાબિટીસવાળા લોકોની શ્વેત રક્ત કોશિકાઓને (White blood cells) નબળી પડી ગઈ હોય છે જેને કારણે મોઢામાં થતા બેક્ટેરીયાના ઈન્ફેક્શન સામે બચાવ થઈ શકતો નથી અને દાંતમાં ઈન્ફેક્શન જલ્દી થઈ જાય છે. જો બ્લડમાં સુગર લેવલ વધારે હશે તો ઈન્ફેક્શનની શક્યતા વધી જશે. તેથી દાંત સાથે ન્યુરલ, કિડની, હૃદય અને શરીરના અન્ય ભાગોમાં પણ ઈન્ફેક્શન થતા રોગોનું પ્રમાણ વધી જશે.

- **ડાયાબિટીસના લક્ષણો :**

ડાયાબિટીસના ચેતવણીના સંકેતો તમારા શરીરના દરેક ભાગને અસર કરે છે. બ્લડ ટેસ્ટ બાદ, તમને ડોક્ટર દ્વારા જાણવા મળશે કે તમારી સુગર હાઈ છે. તમને અતિશય તરસ લાગી શકે છે અથવા વારંવાર પેશાબ કરવો પડી શકે. વજન ઘટવું અને થાક, એ અન્ય સામાન્ય લક્ષણો છે. જો તમારૂં બ્લડ સુગર ખૂબ ઓછું થઈ જાય તો ડાયાબિટીસ તમને બેભાન થવાનું કારણ પણ બની શકે છે.

જો ડાયાબિટીસની સારવાર કરવામાં ન આવે, તો તે તમારા મોઢા પર આ અસરો થઈ શકે છે :

★ મોઢામાં લાળ ઓછી ઉત્પન્ન થાય છે, જેના કારણે મોં સૂકાય છે. જેમકે લાળ તમારા દાંતનું રક્ષણ કરે છે. તેના ઘટતા ઉત્પાદનને કારણે તમને પોલાણનું જોખમ વધારે છે.

★ પેઢામાં ચેપ લાગી શકે છે અને પેઢામાંથી લોહી નીકળવાની ફરિયાદ પણ થઇ શકે છે, જેને જીન્જવાઈટીસ કહેવાય છે.

★ ખોરાકનો સ્વાદ નહીં લાગે.

★ ઘા રૂઝાવવામાં ખૂબ સમય લાગશે.

★ મોઢામાં વારંવાર ઈન્ફેક્શન થઇ જશે.

★ ડાયાબિટીસવાળા બાળકો માટે, દાંત સામાન્ય કરતાં વહેલા ઉંમરે ફૂટી શકે છે.

ભલે તમને ટાઈપ-૧ ડાયાબિટીસ હોય કે ટાઈપ-૨ ડાયાબિટીસ, તમારા બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવું આવશ્યક છે. તમારૂં બ્લડ સુગરનું સ્તર જેટલું ઊંચું હશે, તેટલી જ દાંતની સમસ્યાઓને અનુસરવાનું જોખમ વધશે.

- **કેવિટીઝ :**

તમારા મોઢામાં કુદરતી રીતે ઘણા પ્રકારના બેક્ટેરીયા હોય છે. જ્યારે ખાદ્ય પદાર્થો અને પીણામાં સ્ટાર્ચ અને સુગર આ બેક્ટેરીયા સાથે ક્રિયા - પ્રતિક્રિયા કરે છે ત્યારે તમારા દાંત પર પ્લેક (Plaque) તરીકે ઓળખાતી ચીકણી ફિલ્મ રચાય છે. પ્લેકમાં રહેલા એસિડ તમારા દાંતની સપાટી પર હુમલો કરે છે (Enamel and Dentin). આનાથી પોલાણ અને પેઢાના રોગ થઈ શકે છે.

તમારા શરીરમાં સુગરનું સ્તર જેટલું ઊંચું હશે, તેટલી સુગર અને સ્ટાર્ચનો પુરવઠો વધશે. તે એસિડના લીધે દાંતમાં કેવિટીઝ થાય છે.

- **જીન્જીવાઇટીસ :**

તે પેઢાના રોગનું હળવું સ્વરૂપ છે જે તમારા જીન્જીવા, તમારા દાંતના પાયાની આસપાસના પેઢાના ભાગને બળતરા, લાલાશ અને ચેપનું કારણ બને છે. જો તમે નિયમિત બ્રશિંગ અને ફ્લોસીંગ વડે તમારા દાંતની ગમ (Gum) લાઈનની આસપાસ બનેલી તક્તી (Plaque)ને દૂર કરશો નહીં, તો તમારી ગમ લાઈનની ચેટર્ટાર (કેલ્ક્યુલસ) નામના પદાર્થમાં સખત થઇ જશે. ડાયાબિટીસ બેક્ટેરીયા સામે લડવાની તમારી ક્ષમતાને ઘટાડે છે. એટલા લાંબા સમય સુધી પ્લાક (Plaque) અને ટાર્ટર (Tartar) દાંત પર રહે છે. તે દાંતના પાયાની આસપાસના તમારા પેઢાના ભાગમાં બળતરા થવાની સંભાવના વધારે છે. સમય જતાં, તમારા પેઢામાં સોજો આવી જાય છે અને સરળતાથી લોહી નીકળે છે. આને જીંજીવાઈટીસ તરીકે ઓળખવામાં આવે છે.

- **પીરીઓડોન્ટાઇટીસ :**

સારવાર ન કરાયેલ જીંજીવાઈટીસ પીરીઓડોન્ટાઈટીસ નામના વધુ ગંભીર ચેપમાં પરિણમી શકે છે. જેમાં દાંતની આસપાસની પેશીઓ (Tissues)માં બળતરા, ઘણીવાર પેઢાના સંકોચન અને દાંતના ઢીલા થવાનું કારણ બને છે. જેના પરિણામે તમારા દાંત છૂટા પડી જાય છે અને સંભવતઃ કોઈ પણ પીડા વિના પડી જાય છે.

ડાયાબિટીસ ધરાવતા લોકોમાં પીરીઓડોન્ટાઈટીસ વધુ ગંભીર હોય છે કારણકે ડાયાબિટીસ ચેપનો પ્રતિકાર કરવાની ક્ષમતાને ઘટાડે છે અને હીલિંગ પ્રક્રિયાને ધીમી કરે છે. પીરીઓડોન્ટાઈટીસ જેવા ચેપને કારણે તમારા બ્લડ સુગરનું સ્તર પણ વધી શકે છે.

જે બદલામાં તમારા ડાયાબિટીસને નિયંત્રિત કરવાનું વધુ મુશ્કેલ બનાવે છે. નિયમિત દાંતની સફાઈ સાથે પીરીઓડોન્ટાઈટીસની રોકથામ અને સારવાર રક્ત ખાંડના નિયંત્રણમાં સુધારો કરવામાં મદદ કરી શકે છે.

- **ઝેરોસ્ટોમિયા (ડ્રાય માઉથ) :**

ડાયાબિટીસ ધરાવતા કેટલાક લોકોને લાળનો અભાવ પણ અનુભવાય છે. આ સ્થિતિને ડ્રાય માઉથ તરીકે ઓળખવામાં આવે છે.

- **ડાયાબિટીસ ડેન્ટલ હેલ્થ એક્શન પ્લાન :**

ડાયાબિટીસની સારવાર એ જીવનભર રાખવાની છે. આરોગ્ય સંભાળમાં બેદરકારી અન્ય ગંભીર આરોગ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે. આ માટે તમારા દંત ચિકિત્સક દ્વારા દર્દીની સ્વ-સંભાળ અને વ્યવસાયીક સંભાળ બંને તમારા મોં ને સ્વસ્થ રાખવા તેમજ ડાયાબિટીસની પ્રગતિને ધીમું કરવામાં ફાયદાકારક રહેશે. તમારા મોં ને સ્વસ્થ રાખવા માટે નીચેની બાબતો કરી શકાય છે :

★ ડોક્ટરની સલાહ મુજબ તમારા બ્લડ સુગરના સ્તરને લક્ષ્ય શ્રેણીમાં સંચાલિત કરવાનો પ્રયાસ કરો.

★ નિયંત્રિત બ્લડ સુગર લેવલ તમને જીંગિવાઈટીસ અને અન્ય ડેન્ટલ સમસ્યાઓ માટે ઓછા સંવેદનશીલ બનાવે છે.

★ તમારા દિવસનું પ્રથમ અને છેલ્લું કાર્ય તમારા દાંત સાફ કરવાનું હોવું જોઈએ. ફ્લોરાઇડ ટુથપેસ્ટ અને માઉથ વોશનો ઉપયોગ કરો કારણકે ફ્લોરાઇડ પોલાણને અટકાવે છે.

★ તમારા દાંત અને પેઢા પર સખત બ્રશ કરવાનું ટાળો કારણકે તેનાથી રક્તસ્રાવ થઈ શકે છે.

★ દિવસમાં એકવાર તમારા દાંતને ફ્લોસ કરો અને દરેક ભોજન પછી તમારા મોં ને ધોઈ લો.

★ ધૂમ્રપાનથી ડાયાબિટીસના દર્દીઓ પર હાનિકારક અસરો થાય છે અને દાંતમાં સડો અને દાંતના નુકસાન જેવી સમસ્યાઓ થઈ શકે છે.

★ તમારા દંત ચિકિત્સકની નિયમિત મુલાકાત લો અને આરોગ્યપ્રદ સ્વચ્છતાની આદતો લો.

જો તમે આ ટીપ્સ માટે મક્કમ રહેશો, તો તમે જીવનના પાછલા વર્ષોમાં પણ તમારા મનપસંદ ખોરાકનો આનંદ લઈ શકો છો.

***જો તમને કોઈ પ્રશ્નો અથવા સૂચનો હોય તો અવશ્ય સંપર્ક કરશો : ડૉ. ઈશિતા સોની : dr.ishitasoni@gmail.com***

## ભૂલ સુધાર

**“જ્ઞાતિસેતુ” ● ડિસેમ્બર-૨૦૨૧ / જાન્યુઆરી-૨૦૨૨ ● અંક નં. ૯૩**

- પાના નં.-૨૦ ડાબી બાજુની કોલમમાં ઉપરથી ૯મી લાઈનમાં જન્મ તારીખ ૯ જાન્યુઆરી ૧૯૫૪ ને બદલે ૯ જાન્યુઆરી ૧૯૪૫ વાંચવી.
- પાના નં.-૨૧ ડાબી બાજુની કોલમમાં બીજા પેરેગ્રાફની આઠમી લાઈનમાં પ્રફુલભાઈ બારમેડા ને બદલે પ્રફુલભાઈ સાકરીયા વાંચવું
- પાના નં.-૨૩ અંજાર સમાજ અગ્રણીઓના નામમાં ચોથા નામમાં બુધ્ધભટ્ટી ભરતભાઈ ભગવાનજી વાંચવું
- પાના નં.-૩૦ હેમેન્દ્રભાઈ, રમેશભાઈ, મહેશભાઈ, પ્રફુલભાઈ આ નામ સાથે મુકેશભાઈ નું નામ શરતચૂકથી રહી ગયું છે તે વાંચવું.
- પાના નં.-૫૬ શ્રી મા.ક.સોની જ્ઞાતિ - માંડવીમાં ઉપપ્રમુખ સુરેશભાઈ પોમલ ના બદલે સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી વાંચવું.

મહિલા વિશ્વ

## સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

*આપણા સમાજનું મુખપત્ર 'જ્ઞાતિસેતુ' સમાજનું દર્પણ છે, જે સમાજની સાચી બાબતોને આપણી સમક્ષ મૂકે છે. 'સ્વયંસિદ્ધ મહિલા શક્તિ' કોલમમાં આજે એક એવી મહિલાનો સાક્ષાત્કાર કરીશું, જેમણે પોતાની બધી જ શક્તિઓ સોના-ચાંદી કામ શીખવામાં લગાવી અને આજે પોતે મશીન પર જાતે કામ કરી રહ્યા છે અને કુટુંબને મદદરૂપ થઈ રહ્યા છે. સમાજની ઘણી બધી બહેનો છે, જેમના કુટુંબ સોના-ચાંદીના ઘાટ કામમાં પોતાના હુન્નર બતાવી રહ્યા છે અને બહેનો પણ ભાઈઓની સાથે ખભેખભા મિલાવી કામ કરે છે. એમાં માધાપર નિવાસી આશાબેન કિશોરભાઈ સોનીને મળીએ. તેઓ કઈ રીતે સોના ચાંદીનું કામ શીખ્યા, એ એમની પાસેથી જાણીએ. તેમાંથી ઘણી બહેનો પ્રેરણા લઈ વ્યવસાય શરૂ કરી શકશે. ચાલો, એક મહેનતુ કર્મનિષ્ઠ મહિલાને એમના શબ્દોમાં વ્યક્ત થતા સાંભળીએ....*

### આશાબેન કિશોરભાઈ સોની – માધાપર

**પ્રશ્ન :** *આજે હું તમારો ઈન્ટરવ્યુ લઈશ. તમે આપશો ને?*

**જવાબ :** હા, ચોક્કસ આપીશ.

**પ્રશ્ન :** *જે સ્વયંસિદ્ધ બહેનો છે, તે પોતાના રીતે એક ઘરને, કુટુંબને, પરિવારને સહાયરૂપ થવા માટેનું જે હુન્નર છે, તેનો ઉપયોગ કરીને પોતાના પરિવારને વિકસિત કરે છે. તેના માટે જે કોલમ આપણા સમાજના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'માં છે, 'સ્વયંસિદ્ધ મહિલા શક્તિ'માં તમારી આ વાતચીત પ્રગટ થશે. તો એ માટે તમે સહમત છો?*

**જવાબ :** હા. હું તે માટે સહમત છું.

**પ્રશ્ન :** *તમારૂં નામ શું છે? તમે કોના દીકરી? તમારા માતા-પિતાનું નામ. તમારા માતા-પિતા ક્યાંના છે અને હાલ ક્યાં રહે છે?*

**જવાબ :** મારૂં નામ આશાબેન કિશોરભાઈ બારમેડા છે. મારી માતાનું નામ શાંતાબેન છે. પિતાનું નામ શિવજીભાઈ જેરામ પોમલ છે. તેઓ માંડવીના છે. મારા માતા-પિતા અત્યારે હયાત નથી પણ મારા ભાઈ-ભાભી હાલ ભુજમાં રહે છે.

**પ્રશ્ન :** *તમારા પતિનું નામ શું છે? તમારા સાસુ-સસરાનું નામ શું છે? તમે અત્યારે ઘરમાં કેટલા જણા છો?*

**જવાબ :** મારા પતિનું નામ કિશોરભાઈ બારમેડા છે. મારા



સાસુનું નામ રૂક્ષ્મણીબેન છે અને સસરનાનું નામ હરિભાઈ રવજીભાઈ બારમેડા છે. મારા લગ્ન ૧૯૮૭ તૃતીય સમૂહ લગ્નમાં થયા હતા. મારે એક જ દીકરી છે, જે હાલ ૧૨મા ધોરણમાં અભ્યાસ કરે છે.

**પ્રશ્ન :** *તમે અત્યારે શું વ્યવસાય કરો છો?*

**જવાબ :** હું અત્યારે ચાંદીના પારા પડિયા છોલવાનું કામ કરૂં છું.

**પ્રશ્ન :** *આ તમારા સાસરાનું પૈતૃક વ્યવસાય - વારસાગત વ્યવસાય છે કે તમે અલગથી આ કામ શીખ્યા છો?*

**જવાબ :** હા, આ અમારો વારસાગત વ્યવસાય છે. મારા સસરા પણ સોનાનું કામ કરતા હતા. તેઓ સોનાના કામમાં સંપૂર્ણ કારીગર હતા અને મારા પતિ પણ

સોનાનું જ કામ કરે છે.

**પ્રશ્ન** : *તમે જે આ છોલ નકશીનું કામ કરો છો, તે બહુ જ સરસ છે. પહેલા તો તમારી પારીવારિક જાણકારી મેળવી લઉં?*

**જવાબ** : હા, ચોક્કસ.

**પ્રશ્ન** : *તમારા લગ્ન ૧૯૮૭માં થયા અને તમે જ્યારે લગ્ન કરી તમારા સાસરે આવ્યા ત્યારે તમારા કુટુંબમાં કેટલા સભ્યો હતા અને તમારી ઉંમર કેટલા વર્ષની હતી?*

**જવાબ** : ત્યારે અમારા કુટુંબમાં ૮ સભ્યો હતા અને મારી ઉંમર ૧૮ વર્ષની હતી.

**પ્રશ્ન** : *ત્યારે તમારો વિભક્ત કુટુંબ હતો કે સંયુક્ત કુટુંબ? કુટુંબમાં કોણ કોણ હતા?*

**જવાબ** : ત્યારે અમારો સંયુક્ત કુટુંબ હતો. અમારા કુટુંબમાં દાદા-દાદીજી, સાસુ-સસરા, જેઠ-જેઠાણી અને એમે બે – એમ આઠ સભ્યો સાથે રહેતા હતા.

**પ્રશ્ન** : *અને અત્યારે તમે ત્રણ જણા છો. તો તમને વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબમાં શું ફેર લાગે છે?*

**જવાબ** : અમને સંયુક્ત કુટુંબમાં ખૂબ જ ગમતું હતું કેમકે અમે હળીમળીને રહેતા હતા. પછી સાસુ-સસરા સ્વર્ગવાસી થઈ ગયા, જેઠ-જેઠાણી અલગ થઈ ગયા. અમે કચ્છમાં આવી ગયા. પહેલા અમે સાબરકાંઠામાં ઈડરમાં રહેતા હતા.

**પ્રશ્ન** : *પરણીને તમે ઈડર ગયા હતા? મેં સાંભળ્યું છે કે ઈડરમાં પાણીની ખૂબ જ તંગી હતી?*

**જવાબ** : હું પરણીને ઈડર ગામમાં ગઈ હતી. ત્યારે ઈડરમાં પાણીની ખૂબ જ તંગી હતી.

**પ્રશ્ન** : *ત્યારે તમે શું કામ કરતા હતા? ને ત્યારે તમને આવા કામનો કોઈ અનુભવ હતો?*

**જવાબ** : ત્યારે ઈમે ઈડરમાં સોનાનું ઘાટકામ કરતા હતા. ચેઈન ચડાવવાની, રેવવાની, મંગલસુત્રના ગંઠણ બનાવવાના અને ચડાવવાના – એ બધું જ કામ હું કરતી હતી. પહેલા મને આ કામનો કોઈ જ અનુભવ ન હતો.

**પ્રશ્ન** : *તમને આ બધા કામ માટે કોણે પ્રેરીત કર્યા?*

**જવાબ** : આ બધા કામ માટે મને મારા સસરા અને મારા પતિએ પ્રેરીત કર્યા.

**પ્રશ્ન** : *આ કામ શીખવાનું ખૂબ જ અઘરૂં હોય છે. ઘરની વહુવારૂને આ કામ એના સસરાએ શીખવાડ્યું હોય, તો પહેલાના જમાનામાં આ ખૂબ જ મોટી વાત હતી. અને જે ઘાટ કામ હતું તે ઘાટ કામમાં કયું કયું કામ હતું?*

**જવાબ** : હા, ખૂબ જ મોટી વાત હતી. કેમકે પહેલા તો ગુજરાતી સાડી પહેરવાની મર્યાદામાં રહેવાનું હતું. ઘાટ કામમાં છાપેલી વિંટી, ઝુમ્મર, મંગલસુત્ર, બાજુબંધ, સાંકળા, હાથના પંડા એ બધું જ કામ હતું. મેં રેવવાનું કામ ફૂંકણીથી શરૂઆત કરી હતી.

**પ્રશ્ન** : *તમે જ્યારે આ કામ કરતા હતા ત્યારે તમને કેવું લાગતું હતું? આ બધું કામ કરતા તમને કેટલો સમય લાગ્યો?*

**જવાબ** : મને આ કામ કરવાની હોંશ હતી અને હું કા કરતી પણ થાક પણ લાગતો. કેમકે ઘરને સંભાળવાનું, આઠ-આઠ જણનું કામ કરવાનું અને બહારથી પાણી પણ ભરવાનું. કામવાળી હતી, પણ કામ વધુ હોવાથી રાતપાળી કરીને કામ કરતા. આ કામ શીખતા મને ૬થી ૮ મહિના જેટલો સમય લાગ્યો.

**પ્રશ્ન** : *તમે જ્યારે પહેલીવાર ચેન ચડાવતા શીખ્યા ત્યારે કેટલો સમય લાગ્યો અને હવે કેટલો સમય લાગે છે?*

**જવાબ** : શરૂઆતમાં ૧ ઈંચ ચેન ચડાવતા કલાક કે અડધો કલાક જેટલો સમય લાગે. પછી ધીમે ધીમે ૪ થી ૬ મહિનામાં ઝડપ વધી જાય છે.

**પ્રશ્ન** : *રોજનું તમે કેટલું કામ કરો છો? તમે જે પડિયા છોલો તેમાં કેટલો સમય લાગે છે?*

**જવાબ** : રોજના અત્યારે ૧૦૦૦થી ૧૨૦૦ નંગ પડિયા છોલી લઉં છું. ૧૦૦૦ પડિયા છોલવામાં પાંચથી છ કલાકનો સમય લાગે છે. કામની શરૂઆત કરી ત્યારે દિવસ દરમિયાન ૨૦૦થી ૩૦૦ પડિયા છોલાતા. પછી ધીમે ધીમે ઝડપ વધી અને હવે ૧૦૦૦થી ૧૨૦૦ નંગ પડિયા છોલાય છે.

**પ્રશ્ન** : *સમયની ફાળવણી તમે કેવી રીતે કરો છો?*

**જવાબ** : સવારે ઉઠીને મારે સેવા-પૂજા કરવાની હોય. તેમાં ૩ કલાક લાગે અને બીજું બધું ઘરનું કામ કરતા ૧૨ વાગે. પછી ૧૨થી ૨ કામ કરવા બેસું. પછી થોડીવાર સૂઈ જાઉં. પછી પાછી ૪થી ૮ કામ કરૂં.

**પ્રશ્ન** : *પહેલા તમને જે આર્થિક ઉપાર્જન થતું હતું અને હવે જે આર્થિક ઉપાર્જન થાય છે તેમાં તમને શું ફરક લાગે છે?*

***જવાબ :*** પહેલા મારા પતિ એકલા જ કામ કરતા અને હવે અમે બંને કામ કરીએ તો થોડી આવક વધે એટલે ઘરમાં થોડો ટેકો રહે છે.

***પ્રશ્ન : તમે તમારા કામને ડેવલપ કરવા માટે શું કહેશો?***

***જવાબ :*** કામના વિકાસ માટે અમારી દીકરીને તૈયાર કરીશું. એને પણ અમારૂં કામ શીખવાડશું કે ભવિષ્યમાં તેને કામ લાગે.

***પ્રશ્ન : આ બધું કામ ઓટોમેટીક છે કે જાતે કરવું પડે?***

***જવાબ :*** હા. જાતે હાથેથી જ કરવું પડે. મશીનમાં સેટીંગ કરવું પડે. સાદુ મેન્યુઅલ મશીન છે એટલે હાથેથી જ કરવું પડે.

***પ્રશ્ન : તમે તમારા વ્યવહાર સાચવવા માટે વ્યવસાય સાથે કેવી રીતે એડજસ્ટ કરો છો?***

***જવાબ :*** વ્યવહાર સાચવવા માટે કામ મૂકી દેવું પડે. પછી એ કામ ઈમરજન્સી હોય તો રાતે આવીને પણ કરવું પડે. નહિં તો બીજા દિવસે કામ કરીએ.

***પ્રશ્ન : તમને અચાનક મદદની જરૂર પડે તો તમે શું કરશો?***

***જવાબ :*** હમણા કોરોનામાં મારા પતિને જોબનપુત્રા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યારે અમને ખૂબ જ ખર્ચો થઇ ગયો હતો. ત્યારે અમે આપણી જ્ઞાતિના મેડિકલ ફંડમાંથી સહાય લીધી હતી અને બધા સગા સંબંધીઓએ પણ મદદ કરી હતી. સાડા ત્રણ લાખ રૂપિયા જેવો ખર્ચ થઈ ગયો હતો.

***પ્રશ્ન : મેં તમારો ઈન્ટરવ્યુ લીધો એમાં તમારો જે એટીટ્યુડ છે એ વધી ગયો છે. ગમે તેવી પરિસ્થિતિ આવે એમાં ગભરાઈ જવું નહીં અને પતિના ફેમીલીથી બહાર જવું નહીં. અને આ બે જે વાત છે, જે મને બહુ જ ગમી છે અને હું તમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને શુભેચ્છા આપું છું કે તમારી બધી જ ઈચ્છા ઠાકોરજી પૂરી કરે અને તમારી દીકરીને વેલસેટ કરવી છે. એ પણ વેલ સેટ સરસ થઈ જાય. અને આ ઈન્ટરવ્યુ આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.***

***જવાબ :*** લતાબેન, મારો ઈન્ટરવ્યુ લેવા બદલ તમારો પણ ખૂબ ખૂબ આભાર. સાથે સાથે જ્ઞાતિજનોનો પણ ખૂબ ખૂબ આભાર કે મેડિકલ ફંડમાંથી અમને સહાય આપી. તેથી ઠાકોરજીની મહેરબાનીથી ઘરમાં સુખ શાંતિ છે. બસ, આવી જ રીતે જ્ઞાતિના સર્વે પરિવારમાં કાલીકા માતા સુખ શાંતિ આપે એવી માતાજીને પ્રાર્થના.

## પ્રતિભાવ



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનું મુખપત્ર (પારિવારીક સામયિક), એ આપણા સમાજનું દર્પણ છે. 'જ્ઞાતિસેતુ'ના દરેક અંક વિશેષાંક જ હોય છે. ડિસેમ્બર / જાન્યુઆરીનો અંક પણ એક આગવી વિશેષતા સાથે પ્રકાશિત થયો છે. આપણા અંકમાં કાયમ માટે સ્થાન પામેલી કોલમ સત્સંગ, જુદા જુદા ઘટકમાં થયેલા કાર્યક્રમોના સમાચાર, વિચારમંચ, પરિવાર, મીતા'સ કોર્નર, મહિલા વિભાગ અને બાળ વિભાગની સાથે સિધ્ધિ પ્રાપ્ત કરનારાને અભિનંદનના સમાચાર ખૂબ જ વિસ્તારથી ફોટોગ્રાફ્સ સહિત પ્રકાશિત થયા છે. સાથે સાથે આ અંક માનનીય સમાજશ્રેષ્ઠી સ્વ. પ્રભુદાસ ખેતશી ગુજરાતીને સ્મરણાંજલી રૂપે અર્પણ થયો છે. પ્રભુદાસભાઈ સાથેના સંસ્મરણોને કેવળ વાચા જ નથી આપી પણ સ્મરણો વાગોળનારની હૈયામાં રહેલી વાતને પણ યોગ્ય પ્રતિસાદ આપવાનું પુનિત કાર્ય 'જ્ઞાતિસેતુ'એ કર્યું છે. સંસ્થાઓ દ્વારા અપાયેલ શ્રદ્ધાંજલીમાં પાને પામને શ્રીમદ્ ભગવદ્ ગીતાજીના શ્લોક અર્થ સહિત પ્રકાશિત કરવામાં આવ્યા છે, એ જ એ દિવ્યાત્માને સાચી શ્રદ્ધાંજલી છે. આત્મા અમર છે અને શરીર નશ્વર છે. પરંતુ આ નશ્વર શરીરથી પ્રભુદાસભાઈએ સદ્કાર્યો, એમની કર્તવ્યનિષ્ઠાથી, ઉદારતાથી, સાદા જીવન અને ઉચ્ચ વિચારસરણી થકી સમાજના ઉત્થાન માટે જે ઉમદા કાર્યો કરેલ છે, એ સદ્કાર્યો થકી સૌના હૃદયમાં એમની નિર્મળ છબી અંકિત થયેલી છે, એ ક્યારેય પણ નહીં ભૂંસાય, ક્યારેય નહીં વિસરાય. અનેક જ્ઞાતિજનોએ પોતાના સંસ્મરણો વ્યક્ત કર્યા છે. એનાથી અનેકગણા જ્ઞાતિજનોએ એમની સાથેના સંસ્મરણો પોતાની હૈયાની પટારીમાં સાચવીને રાખ્યા હશે. તેઓ જ્યારે આ અંક વાંચશે ત્યારે બધા જ સંસ્મરણો વાગોળશે અને એકબીજાને કહેશે પણ...

આ રીતે જોઈએ તો સ્મરણાંજલી વિશેષાંક પ્રભુદાસભાઈના જીવનના અનેક પાસાઓને ઉજાગર કરી સમાજશ્રેષ્ઠીને છાજે એવા બહુઆયામી વ્યક્તિત્વને મૂલવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મુખપૃષ્ઠ પરના તૈલચિત્ર (કેનવાસ ચિત્ર)થી લઈ પાને પાને શ્રદ્ધાંજલિના શબ્દે શબ્દમાં એમના પ્રત્યેનો સ્નેહ, પ્રેમ દૃષ્ટિગોચર થાય છે.

સ્મરણાંજલીના આ વિશેષાંક માટે સખત પરિશ્રમ કરનાર 'જ્ઞાતિસેતુ'ની ટીમને વિશેષ જયશ્રીકૃષ્ણ....

***લતાબેન સોલંકી - ભુજ***

# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

## શ્રીમતી મીતા સરજુભાઈ મેવચા - રાજકોટ

નમસ્કાર, જયશ્રી કૃષ્ણ, જય ગોપાલ.

હું, કંસારા મીતા સરજુભાઈ મેવચા, રહેવાસી રાજકોટ. સૌપ્રથમ તો આપણા સમાજના મુખપત્ર "જ્ઞાતિસેતુ" અંક દ્વારા મને મારી પ્રતિભાને રજૂ કરવાની જે તક આપેલ છે, તે બદલ હું 'જ્ઞાતિસેતુ'ના સંપાદક મંડળ તેમજ ખાસ કરીને બાળ વિભાગ તેમજ સ્ત્રી વિભાગના સંપાદક એવા સુશ્રી લતાબેન સોલંકીની ખૂબ જ આભારી છું.

હું હાલમાં બ્યુટી પાર્લર ચલાવું છું તેમજ સાથે સાથે તેને લગતી વિવિધ બ્યુટી પ્રોડક્ટ્સ પણ બનાવી વેચાણ પણ કરૂં છું. ગત તા. ૧૧-૧૨-૨૦૨૧ના રોજ સુશ્રી લતાબેન સોલંકીએ મારી ટેલીફોનીક મુલાકાત લીધેલ અને મારી પ્રવૃત્તિ વિશે બહુ જ વિશદ છણાવટ રીતે પ્રશ્નોત્તરી કરેલ. ઉપરાંત મને બહુ જ પ્રોત્સાહિત કરેલ. જેને શબ્દ સ્વરૂપે આ લેખથી નીચે મુજબ રજૂ કરતા હર્ષની લાગણી અનુભવું છું.

**પ્રશ્ન** : ***જય શ્રીકૃષ્ણ મીતાબેન. સૌપ્રથમ આપનો પરિચય આપશો?***

**જવાબ** : જય શ્રીકૃષ્ણ લતાબેન. હું કંસારા મીતા સરજુભાઈ મેવચા, રહેવાસી રાજકોટ. મારૂં જન્મ સ્થળ કેશોદ છે. મારા પીયર પક્ષ શ્રી કંસારા જયંતીલાલ ફૂલચંદભાઈ પરમાર પરિવારછે. અમો ત્રણ બહેનો અને ત્રણ ભાઈઓ છીએ. મારો અભ્યાસ ગ્રેજ્યુએટ સુધીનો છે અને ૨૦ વર્ષની ઉંમરથી જ મને બ્યુટી પાર્લરનો શોખ છે. મારૂં સાસરા પક્ષ માણાવદર નિવાસી શ્રી કંસારા મણિલાલ રણછોડદાસ મેવચા પરિવાર છે. તેમના બીજા નંબરના પુત્ર સરજુ સાથે લગ્ન થયેલ છે. પરંતુ અમો રાજકોટ રહીએ છીએ. મારા પતિ સરજુ મેવચાને રાજકોટમાં ટેલી કોમ્યુનિકેશન તેમજ ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓની ડિલરશીપનો વ્યવસાય છે.

**પ્રશ્ન** : ***તમો આ પ્રવૃત્તિ કેટલા સમયથી કરો છો અને તેની પ્રેરણા તમોને કોણે આપી?***



**જવાબ** : હું મારા આ બ્યુટી પાર્લર તેમજ તેને લગતી વિવિધ બ્યુટી પ્રોડક્ટ્સ બનાવવાની પ્રવૃત્તિ સાથે અંદાજે ૩૦ વર્ષથી વધુ સમયથી જોડાયેલ છું. જેમાં મારા માતા-પિતાએ મને ખૂબ જ પ્રેરણા આપેલ હતી. શ્રી ઠાકોરજીની કૃપાથી તેઓ સુખી સંપન્ન હોવાથી શરૂઆતમાં તો આ પ્રવૃત્તિ વિના મૂલ્યે શોખથી કરતી હતી.

અમારા લગ્ન બાદ પણ મને મારા પતિ તરફથી મારા શોખ તેમજ પ્રવૃત્તિ અંગે પણ ખૂબ જ પ્રોત્સાહન પૂરૂં મળેલ અને મારા શોખ અને પ્રવૃત્તિ ચાલુ રાખવા સંમતિ આપી. જેથી હું તેમાં વધારે પ્રવૃત્ત થઈને આજે ખૂબ જ સફળતાપૂર્વક મારો વ્યવસાય ચલાવું છું. જે સંપૂર્ણપણે મારા પીયર પક્ષ તેમજ સાસરીયા પક્ષને આભારી છે.

**પ્રશ્ન** : ***તમો તમારી આ પ્રવૃત્તિ અંગે માહિતી આપશો?***

**જવાબ** : હું બ્યુટી પાર્લરની પ્રવૃત્તિ સાથે સાથે ૧૦૦ ટકા કુદરતી વસ્તુઓથી જ વિવિધ ૧૦ પ્રકારના સૌંદર્ય પ્રસાધનો પણ જાતે બનાવીને વેચાણ પણ કરૂં છું. જેની કિંમત પણ દરેકને પોષાય તેવી વ્યાજબી એટલે કે રૂા. ૨૦થી રૂા. ૧૦૦ સુધીની જ હોય છે. જેમાં ફેસ પેક, હેર પેક, દુલ્હન પેક, પીઠી પેક, પિમ્પલ પેક, સાઇનર પેક, બોડી મસાજ પેક, પ્રોટીન પેક વિ. બનાવું છું.

આ ઉપરાંત બ્યુટી પાર્લરને લગતા વિવિધ કોર્સનું શિક્ષણ પણ ખૂબ જ ઓછી ફી થી આપું છું. તેમજ સ્કુલ, કોલેજ તેમજ સંસ્થાઓમાં વિવિધ જરૂરિયાત મુજબના સેમિનાર પણ કરૂં છું. જેમાં ફક્ત રૂા. ૨૦માં હેર કટીંગ, રૂા. ૨૦માં ડિઝાઈનર મહેંદી, રૂા. ૫૦માં મેક-અપ તેમજ રૂા. ૧૦૦માં સંપૂર્ણ કોર્સ વિ. શીખવાડવામાં આવે છે.

**પ્રશ્ન : *તમે તમારી આ પ્રવૃત્તિ માટે સમય કેવી રીતે ફાળવો છો?***

**જવાબ :** મારા આ સૌંદર્ય પ્રસાધનો બનાવવાનું કામ સામાન્ય રીતે ઘરકામ પૂરૂં કરીને રાત્રે ૧૦ વાગ્યા પછી હું જાતે જ કરૂં છું.

**પ્રશ્ન : *તમે આ સૌંદર્ય પ્રસાધનોમાં કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો?***

**જવાબ :** આ સૌંદર્ય પ્રસાધનોમાં સંપૂર્ણપણે કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ કરૂં છું. જેમાં મુલતાની માટી, સુખડ, કેસર, બદામ ફોતરી, ભાંગરો, બ્રાહ્મી, ગુલાબ પત્તી, નારંગી, લીમડાના પાન - પાવડર, મીંઢોળ પાવડર વિ. જેવી કુદરતી વસ્તુઓ વપરાય છે. જેનો ઉપયોગ પણ ફક્ત પાણી સાથે જ કરવાનો હોય છે.

**પ્રશ્ન : *તમે આ સૌંદર્ય પ્રસાધનોનું વેચાણ કઈ રીતે કરો છો અને તેમાં તમને કેટલો નફો મળે છે?***

**જવાબ :** હું દર મહિને અંદાજે ૬૦૦ કિલો જેટલા સૌંદર્ય પ્રસાધનોનું ઉત્પાદન કરૂં છું. મારી આ પ્રોડક્ટ્સ હું હોલસેલમાં ૪૦ ટકા કમિશનથી ફ્રી ડિલીવરીથી વેચાણ માટે આપું છું. હાલમાં પણ મારી આ પ્રોડક્ટ્સ આપણી જ્ઞાતિની ઘણી બહેનો તેમજ અન્યો ઉનાથી પાલનપુર સુધીના અંદાજે ૫૦ ગામોમાં વેચાણ કરે છે.

**પ્રશ્ન : *તમોને કોઈ ફોન પર પણ તમારી પ્રોડક્ટ્સ કે અન્ય સમસ્યા અંગે જાણકારી માંગે તો આપો છો?***

**જવાબ :** હા લતાબહેન, મને કોઈપણ બહેન / દીકરી કોઈ પ્રોડક્ટ્સ કે અન્ય સમસ્યા અંગે ફોન કરે તો અવશ્ય પૂરતી જાણકારી આપું છું.

**પ્રશ્ન : *તમો આ સૌંદર્ય પ્રસાધનો બનાવતા ક્યાંથી શીખ્યા?***

**જવાબ :** એકવાર અમે લોકો બેંગ્લોર ફરવા માટે ગયેલા. ત્યાં આ અંગેનો એક ૩ કલાકનો સેમિનાર હતો. જેની ફી રૂા. ૩૫૦૦/- જેવી હતી. જેમાં મેં ભાગ લીધેલ અને તેમાંથી મને પણ આવી પ્રવૃત્તિ કરવાની ઈચ્છા ઉદ્ભવેલ. અને પછી થોડું આયુર્વેદિક સાહિત્યમાંથી જાણકારી મેળવીને અલગ અલગ વસ્તુઓ બનાવવાના પ્રયાસ કરેલ. અને દરેક વસ્તુનો સૌપ્રથમ હું જાતે જ મારા પર પ્રયોગો કરીને પછી જ વેચાણ માટે બનાવું છું.

**પ્રશ્ન : *કોઈ કન્યા બ્રાઈડલ મેક-અપ માટે તમારે ત્યાં આવે છે કે તમો ત્યાં જાવ છો? અને તેમાં કેટલો સમય લાગે છે?***

**જવાબ :** કન્યાના બ્રાઇડલ મેક-અપ માટે તેઓ અહીં પણ આવી શકે છે અથવા જરૂરી હોય તો હું તેમને ત્યાં પણ જઉં છું. આ માટે સામાન્ય રીતે એક-બે કલાકથી લઈને એક અઠવાડિયા જેવો સમય થતો હોય છે. હું અત્યારે કન્યાના બ્રાઇડલ મેક-અપનું ફૂલ પેકેજ ફક્ત રૂા. ૬,૦૦૦/-માં કરી આપું છું, જે સામાન્ય રીતે રૂા. ૨૦,૦૦૦ થી રૂા. ૨૫,૦૦૦માં થતું હોય છે. મારા આ ફૂલ પેકેજમાં મહેંદી, હેર સ્ટાઇલ, ત્રણ વખત માટે તૈયાર કરી આપું છું. જેમાં ફેસિયલ, સાયનર, ફેસ વેક્સ, બોડી વેક્સ, બોડી મસાજ વિ. કરી આપવામાં આવે છે. અને કોઈ સામાન્ય વ્યક્તિને ના પોષાય તેમ હોય તો રૂા. ૧,૦૦૦માં પણ એક કલાકમાં તૈયાર કરી આપું છું.

**પ્રશ્ન : *તમે આવા સેમિનાર કરવા બહારગામ જાઓ છો?***

**જવાબ :** હા, લતાબેન. હું મારી પ્રવૃત્તિને લગતા સેમિનાર કરવા અગાઉથી આયોજન કરીને બહારગામ પણ જાઉં છું. મેં વિવિધ કન્યા વિદ્યાલયો તેમજ છાત્રાલયોમાં છોકરીઓને બ્યુટી પાર્લરને લગતા વિવિધ કોર્સના સેમિનારના આયોજન કરીને શિક્ષણ આપેલ છે. જેમાં મુખ્યત્વે : (૧) જામકંડોરણા સ્થિત ગુજરાત રાજ્યના પૂર્વમંત્રી સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયા સંચાલિત લેઉઆ પટેલ કન્યા છાત્રાલયમાં કુલ ૨૫૦૦ દીકરીઓને ૩૫૦ – ૩૫૦ની બેચમાં કરીને ત્રણ ત્રણ કલાકના સેમિનાર ફક્ત રૂા. ૧૦૦ પ્રતિ વ્યક્તિ જેવી મામૂલી ફી માં કરેલ. જેમાં કોચીંગ ઉપરાંત લાઇવ ડેમો આપેલ. જેમાં હેર કટીંગ, ડિઝાઈનર મહેંદી, મેક-અપ વિ. દીકરીઓને પૂરેપૂરૂં ન સમજાય ત્યાં સુધી સમજાવીને શીખવાડવામાં આવેલ. (૨) માંગરોળ સ્થિત શારદાગ્રામ છાત્રાલયમાં ૧૦૦૦ દીકરીઓને ૨૫૦-૨૫૦ની બેચમાં કરીને આ જ રીતે ત્રણ ત્રણ કલાકના સેમિનાર ફક્ત રૂા. ૧૦૦ પ્રતિ વ્યક્તિ જેવી મામૂલી ફી માં

કરેલ. (૩) ઉના સ્થિત સુશ્રી દીપ્તિબેન ગોસ્વામી સંચાલિત છાત્રાલયમાં કુલ ૧૦૦૦ દીકરીઓને ૨૫૦-૨૫૦ની બેચમાં કરીને ત્રણ ત્રણ કલાકના સેમિનાર ફક્ત રૂા. ૧૦૦ પ્રતિ વ્યક્તિ જેવી મામૂલી ફી માં કરેલ. (૪) પોરબંદરના અગ્રણી સુશ્રી યામિનીબેન ધામેચાની વિવિધ સંસ્થા તેમજ કિટી પાર્ટી સહિત ૭ સેમિનાર કરેલ છે. (૫) આપણી કંસારા જ્ઞાતિના શ્રી સમસ્ત કંસારા કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના નડિયાદ મુકામે યોજાયેલ કાર્યક્રમમાં પણ આપણી જ્ઞાતિની ૨૯ બહેનોને હેર કટીંગ, ડિઝાઈનર મહેંદી, મેક-અપ વિ.નો સેમિનાર આપેલ. ત્યાં સંપર્કમાં આવ્યા બાદ આપણી જ્ઞાતિની ઘણી બહેનો મારા બનાવેલ વિવિધ ૧૦ પ્રકારના સૌંદર્ય પ્રસાધનોનું વેચાણ પણ કરે છે.

***પ્રશ્ન : તમોને આવા યોજાયેલ સેમિનાર માટે શું શું મળે છે?***

***જવાબ :*** મને આવા સેમિનાર કરવા માટે વ્યક્તિ દીઠ નક્કી કરેલ રકમ ઉપરાંત વિવિધ સંસ્થાઓ તરફથી પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર વિ. મળેલ છે. વિશેષમાં તો આવા કાર્યક્રમમાંથી બહેન / દીકરીઓ શીખીને પોતાના આપબળે આગળ આવીને પગભર થઈને તેમના પરિવાર તેમજ સમાજને આગળ લાવવામાં જે યોગદાન આપે અને તેમના તરફથી જે શુભેચ્છા - આશિષ મળે છે, તે સવિશેષ છે.

***પ્રશ્ન : આવા સેમિનાર કેટલા સમયનો હોય છે અને ઓછામાં ઓછી કેટલી સંખ્યા હોવી જરૂરી છે?***

***જવાબ :*** સામાન્ય રીતે આવા સેમિનાર ત્રણ કલાકના હોય છે અને ૧૫થી ૨૦ની સંખ્યા હોવી જરૂરી છે.

***પ્રશ્ન : તમો ભુજ ખાતે તમારો સેમિનાર કરવા ઈચ્છો છો?***

***જવાબ :*** હા લતાબેન, ચોક્કસ. આપ કહેશો તે મુજબ હું ભુજ ખાતે સેમિનાર કરીશ. મારી આ સમગ્ર પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ સામાન્ય સ્થિતિ ધરાવતી બહેનો તેમજ દીકરીઓને સાવ વ્યાજબી રકમમાં શીખીને તેઓ ભવિષ્યમાં પોતાની રીતે આર્થિક સધ્ધર થાય તેમજ આગળ આવે અને તેમના પરિવારને સહાયરૂપ થાય તે જ છે.

***પ્રશ્ન : મીતાબેન, તમે તમારી આ પ્રોડક્ટ્સ અંગે કોઈ બુક બહાર પાડેલ છે?***

***જવાબ :*** ના, હજુ સુધી તો કોઈ બુક બહાર પાડેલ નથી. પરંતુ શક્ય થશે તો ભવિષ્યમાં ચોક્કસ બહાર પાડવાની ઈચ્છા છે.

***પ્રશ્ન : મીતાબેન, તમે તમારી આ પ્રોડક્ટ્સ કે પ્રવૃત્તિ અંગે આપણા સમાજના મુખપત્ર 'જ્ઞાતિસેતુ' અંકમાં નાની એવી નિયમિત રીતે કોલમ લખવા અંગે સંમત છો?***

***જવાબ :*** હા લતાબેન, આવી કોલમ લખવા હું સંમત છું અને તેનો મને ખૂબ જ આનંદ પણ થશે.

***પ્રશ્ન : મીતાબેન, તમે આવી પ્રવૃત્તિઓ કરો છો તો તમને ક્યારેય કોઈ મુશ્કેલી આવી છે કે કેમ?***

***જવાબ :*** ના. એવી ક્યારેય કોઈ મોટી મુશ્કેલીઓ આવેલ નથી કારણકે હું સામાન્ય રીતે દરેક મુશ્કેલીઓને નાની સમજીને મારા ધ્યેયને પ્રાપ્ત કરવા તરફ વધુ ધ્યાન આપું છું.

***પ્રશ્ન : મીતાબેન, તમે સમાજની બહેનોને શું સંદેશ આપશો?***

***જવાબ :*** મારા અનુભવો અને વિચારો પરથી આપણા સમાજની દરેક દીકરીઓ તેમજ બહેનોને મારા આ લેખથી સંદેશ આપવા ઈચ્છું છું કે, 'આપણી દરેક મુશ્કેલીઓને નાની સમજીને આપણા ધ્યેયને પ્રાપ્ત કરવા વધુને વધુ કામ કરીને આગળ આવવું. તેમજ આપબળે પગભર થઈને પરિવારને તેમજ સમાજને સહાયરૂપ બને.'

સુશ્રી લતાબેન સોલંકી સાથે ટેલીફોનીક મુલાકાતથી મને ઘણું પ્રોત્સાહન મળેલ છે. તેઓની વિનમ્રતા, અન્યો સાથે વાત કરવામાં સરળતાથી હું બહુ જ આનંદિત થયેલ, કે તેઓ આટલા બધા પ્રવૃત્ત તેમજ શહેરના મેયરપદે તેમજ જ્ઞાતિ સમાજમાં ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં, આપણા સમાજની બહેન - દીકરીઓને વ્યક્તિગત સંપર્ક કરીને તેઓમાં રહેલ પ્રતિભાને બહાર લાવવા હંમેશાં આતુર રહે છે. ખરેખર તેઓ ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. મુલાકાત દરમ્યાન પણ આપણા સમાજની અન્ય બહેનો આવી કે અન્ય પ્રવૃત્તિઓ કરતી હોય અને પોતાના આપબળે આગળ આવેલ બહેનો વિશે પૃચ્છા કરેલ અને તેમની પણ મુલાકાત લઈને આવી બહેનોની પ્રતિભાને જાહેરમાં લાવીને સહાયરૂપ થવાની ઈચ્છા દર્શાવેલ.

અંતમાં, મારી આ બધી પ્રવૃત્તિઓ વિશે જે કોઈને વિશેષ માહિતી જોઈતી હોય તેઓ મારા મોબાઈલ નં. ૯૨૨૭૯ ૦૫૬૭૭ પર નિઃસંકોચ સંપર્ક કરી શકે છે. હું આપણા જ્ઞાતિના ભાઈઓ તેમજ બહેનોને સહાયરૂપ થવા હંમેશાં આતુર છું.

*પાણીનો પ્રવાહ ધીમે ધીમે જેમ ભારે પથ્થરોને ઘસી નાખે છે તેમ સમયનો પ્રવાહ દુઃખના ભારને આખરે તોડી નાખે છે.*

## મીતા'સ કોર્નર

# આપણું રસોડું એ જ ઔષધ ભંડાર

મીતા એન. સોલંકી

***મિત્રો, નમસ્કાર.***

આજનું શિર્ષક છે એ મુજબ વાત આગળ વધારીશું.

ઉનાળો પોતાનું પોત પ્રકાશી રહ્યો છે. લૂ લાગવી, સ્કીનમાં અળાઈઓ નીકળવી, પાણીની અછતથી શરીર ફિક્કું પડવું, સનટેન થવું, આંખોમાં બળતરા થવી વગેરે લક્ષણો દેખા દેતા હોય છે.

આજે હું કેટલાક ઘરગથ્થુ ઉપાયો વિશે ટીપ્સ લખીશ કે જે સામાન્ય રીતે દરેકને ઉપયોગી થશે.

૧. ઉનાળામાં લૂ લાગવી : લૂ વાતી હોય ત્યારે ડુંગળી અને કેરીનો કચુંબર રોજ ખાવો.

૨. નસકોરી : ગરમીમાં નસકોરી ફૂટે ત્યારે તાળવા પર ઠંડા પાણીની ધાર પાડી નાકમાં પણ ઠંડા પાણીની છાલક મારવી.

૩. લીંબુનો રસ કાઢી નાકમાં પીચકારી વાટે નાખવાથી નસકોરી કાયમ માટે નાબૂદ થાય છે.

૪. દાંત પીળા પડે ત્યારે મીઠું અને ખાવાનો સોડા, લીંબુવાળો કરી ઘસવું.

૫. પેટના દર્દ : અજમો ફાકી, ગરમ પાણી પીવાથી વાયુ - ગેસમાં રાહત થાય છે.

૬. ચામડીના રોગો : લીંબુનો રસ એક ભાગ, તલનું તેલ અથવા ટોપરાનું તેલ ત્રણ ભાગ, ચીરા પડ્યા હોય તો લગાડવાથી ગરમીની અળાઈમાં કામ આવે છે.

૭. દૂધ અને દીવેલ સરખે ભાગે મિક્સ કરી નિયમિત માલીશ કરવાથી સ્કીનની કરચલી દૂર થાય છે.

૮. અળાઈ થઈ હોય તો હરડે અને ફટકડીનું પાણી બનાવી રોજ લગાડવાથી ફાયદો થાય છે.

૯. ઉલટી : ફુદીનાનો રસ પીવાથી ઉલટી તરત બંધ થાય છે.

૧૦. પેશાબમાં બળતરા : જવ ઉકાળી, ઠંડું કરી પીવાથી બળતરા ઓછી થાય છે.

૧૧. ચક્કર આવવા : મરીનું ચૂર્ણ ઘી અને સાકરમાં લેવાથી ચક્કર આવતા બંધ થાય છે.

૧૨. તુલસીના પાન મરી સાથે ચાવવાથી ચક્કર બંધ થાય છે.

૧૩. કફ : ડુંગળીનો ઉકાળો પીવાથી કફ મટે છે.

૧૪. આદુનો રસ, લીંબુનો રસ અને સિંધવ મેળવી લેવાથી કફ, શ્વાસ અને ઉધરસ મટે છે.

૧૫. અજીર્ણ - ભૂખ ન લાગતી હોય તો જમ્યા પહેલા આદુના કટકામાં લીંબુ અને સિંધવ મીઠું નાખીને ખાવાથી ભૂખ સારી લાગે છે.

૧૬. અંગનું જકડાવું : પગના ગોટલા ચઢી જતા હોય તો કપૂર અને ટોપરાનું તેલ ગરમ કરી મસાજ કરવાથી ફાયદો થશે.

૧૭. ઉધરસ : કાંદાના રસમાં મધ મેળવી પીવાથી ગમે તેવી ઉધરસ મટે છે.

૧૮. મરીનું ચૂર્ણ, સાકર અને ઘી સાથે મેળવી ચાટવાથી ઉધરસ મટે છે.

૧૯. લૂ લાગવી : કાંદો, જીરૂ અને ખાંડ વાટીને ખાવાથી આરામ થાય છે.

૨૦. પિત્ત : ટમેટાના સૂપમાં સાકર મેળવી પીવાથી પિત્ત મટે છે.

૨૧. શેરડીનો રસ પીવાથી પિત્ત મટે છે.

૨૨. વા : બે ચમચી આદુનો રસ, એક ચમચી લસણનો રસ, બે ચમચી મેથીની ભાજીના પાનનો રસ મેળવી પીવાથી સાંધાનો વા મટે છે.

૨૩. થાક : ઠંડા પાણીમાં ૨૦ ગ્રામ જેટલું ગોળ ઓગાળી, એલચી દાણા વાટી પીવાથી થાક દૂર થશે.

૨૪. મરીના બે-ત્રણ દાણા રોજ ખાવાથી કોઈ રોગ થતો નથી.

૨૫. કોલેસ્ટેરોલ : સૂકી મેથી ફાકવાથી કોલેસ્ટેરોલ ઘટે છે.

૨૬. કાચી સોપારીનું નિયમિત સેવન કરવાથી લોહી પાતળું થાય છે અને કોલેસ્ટેરોલ ઘટે છે.

***આવા અનેક ઘરગથ્થુ ઉપાયો આપણા રસોડામાં મળી આવતા હોય છે.***

આવી જ ઉપયોગી ટીપ્સ લઈને ફરી આવીશ....

હેપ્પી સમર...

*દીપકની વાટમાં જ્યારે જ્યોત જલે છે ત્યારે તે જ્યોત, કોડિયું સોનાનું છે કે માટીનું તે જોવા માટે નીચી નજર નથી કરતી.*

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum | Pure for Sure

**PRADEEP AGENCIES**
BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

સોની નરેશ દામજીભાઈ



સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

**પાર્થ જ્વેલર્સ**

સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ ● મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

Pinack. S. Halaie
99225 79995

Vipul. S. Halaie
94221 02427

**Macken Jeweller's**
**Macken Gift**
**Vipul Wooden Art.**
(Govt. Contractor)

Abhyankar Road sitabuldi Nagpur



Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117

**M/s. Soni Ramniklal Nanalal**
*Retailer of Gold and Silver Ornaments*

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108

**M/s. Mahalaxmi Jewellers**
*Wholesale of Gold Ornaments*

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com

**V P Jewellers**

**વી.પી.જ્વેલર્સ**
ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઈ પોમલ
98254 45364

મુકેશ સોની
98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧


*Er. Ghanshyam Soni*
B. E. Civil
M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in

*Let's Live Better...*
**HI-RISE**
CONSULTANT

- Architectural Designer
- Structure Designer
- Consulting Civil Engineer
- Approved Valuer



Office : f/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)



Ishwarbhai Soni
99989 71613

Jitendrabhai Soni
98982 39583

**Shree Radhe Jewellers**

**Makers and Salers of**
**Gold & Silver Ornaments**

12 Mtr Road, Kansara Bazar,
Ganga Bazar, Anjar, Kutch

કિશોર પી. સોની
9825271912


જીત કે. સોની
9099939143

KP

**મે. સોની કિશોર પ્રેમજી**
**કે. પી. જ્વેલર્સ**
ડાયમંડ | ગોલ્ડ | સિલ્વર

હોસ્પિટલ રોડ, ડો. દિલ્હીવાલા બિલ્ડીંગ, જી.ઈ.બી.ની સામે, ભુજ-કચ્છ.
02832 255162 | 99093 55162 | kpjewellers916@gmail.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00